
કુમાર

સ્થાપક · રવિશંકર રાવળ

એપ્રિલ ૩૨૮ ૧૯૫૧

તંત્રી · બચુભાઈ રાવત





કલાકાર વાન ગૉઘ

જાજ્વલ્યભરી રંગભભકવાળાં પ્રકાશમાન ચિત્રો, અને દયાજનક ને દુ:ખી ટૂંકી જિંદગી : આ બે વસ્તુઓ સ્મૃતિ માટે મૂકી જનાર, કઢરૂપો લાલ વાળ અને લીલી આંખોવાળો, ધૂની અને તિતિક્ષાભર્યું જીવન જીવી ગએલો હોલાંડનો ચિત્રકાર વાં ગૉઘ પશ્ચિમના 'મૉડર્નિસ્ટ' (અત્યાધુનિક) કલાકારોમાં મોંઘા મૂલનો ગણાય છે, અને એના જીવતાં એનાં ચિત્રોને કોઇ ભાગ્યે જ અડતું તે આજે લાખો રૂપિયાની કિંમતે ખરીદવા માટે પડાપડી થાય છે. તેણે જાતે જ ચીતરેલી તેની આ તસ્વીર, તૈલરંગોનાં ટપકાં અને છરકા વડે ચીતરવાની તેની નિજી ચિત્રશૈલીનો નમૂનો છે. અમેરિકામાં કલાનો અભ્યાસ કરતા શ્રી કાન્તિલાલ રાઠોડે લખેલી તેની જીવનરેખા આ અંકમાં આપી છે.

કુમાર

એપ્રિલ ૧૯૫૧ · અંક ૩૨૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા


લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦ ૧૫; છૂટક નકલ: બાર આના







ઔદ્યોગિક નવજીવન કેન્દ્ર

ઔદ્યોગિક ક્ષેત્રમાં અકસ્માતનો ભોગ બનેલા, માંદા ને અપંગ માનવીઓની તબીબી સારવાર પછી તેમને ફરીથી કામકાજને માટે લાયક બનાવવા માટે બ્રિટનમાં જે કેન્દ્ર કાર્ય કરી રહ્યું છે તે દુનિયાભરમાં અજોડ છે. ભગ્ન જીવનમાં તે નવો જ પ્રાણ પૂરે છે.

યુદ્ધ દરમિયાન અને પછી, ઇજા પામેલા સૈનિકોની સારવાર ને તેમના પુનર્વસવાટ માટે બ્રિટનના ઘણા ભાગોમાં જેમ કેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં એ જ પ્રકારનું પુનરુજ્જીવનનું કાર્ય હવે ઔદ્યોગિક ક્ષેત્રમાં આગળ ચાલુ રાખવામાં આવ્યું છે. ઇંગ્લંડના સરે પરગણામાં એગહામ ખાતે ઈ. ૧૯૪૪ માં પ્રથમ ખોલવામાં આવેલું એ 'ઔદ્યોગિક પુનર્વસવાટ કેન્દ્ર' આજે તો અત્યંત કાર્યક્ષમ બની ગયું છે, અને તેના અનુભવ તથા અનુકરણથી છેલ્લાં વર્ષોમાં બીજાં કેન્દ્રો પણ ખોલવામાં આવ્યાં છે.

આ વિશાળ કેન્દ્રનું મકાન રમણીય ગ્રામપ્રદેશમાં ૫૫ એકર જેટલી જમીનમાં વિસ્તરેલું છે. ચોમેર સુંદર હરિયાળો બગીચો છે. રંગીન વિશાળ બારી-બારણાં, સગવડયુક્ત ખંડો અને મોટી પરસાળોવાળા આ મનોહર કેન્દ્રમાં (જુઓ મથાળાનું ચિત્ર) તબીબી વિભાગ, સૂવાના ખંડો, વર્કશૉપ્સ અને આનંદ-પ્રમોદની ઈલાયદી સગવડો છે.

સારો પૌષ્ટિક ખોરાક, તાજી ચોખ્ખી હવા, નિયમિત વ્યાયામ,–ને સૌથી વિશેષ તો પોતીકા ઘર જેવું ત્યાંનું ઉલ્લાસભર્યું અને આનંદપ્રેરક વાતાવરણ દરદીઓનાં તન ને મનમાં કોઇ નવા જ પ્રાણની હવા પ્રસરાવે છે. વચલા ચિત્રમાં વિશાળ વ્યાયામખંડમાં કેન્દ્રવાસીઓ વ્યાયામ લેતા દર્શાવ્યા છે. દરેક માનવીને તેની શક્તિને અનુરૂપ ભાવિ કારકિર્દીની તાલીમ ત્યાં આપવામાં આવે છે. નીચેના ચિત્રમાં એક જણને પગ પાવડીથી ચાલતી કરવત વડે સુતારી કામ કરતો દર્શાવ્યો છે. ગયા મહાયુદ્ધ વખતે હવાઇ તાલીમ દળમાં કામ કરતી વેળા છાપખાનાના સાંચામાં તેનો જમણો હાથ આવી જતાં તે કોણીમાંથી કપાવી નાખવો પડેલો. હવે અહીંની તાલીમને પરિણામે તે ફરી ઔદ્યોગિક ક્ષેત્રમાં પાછો જોડાઈ શકશે. આમ એકેએક જણને કોઇ ને કોઈ ધંધામાં પાવરધા બનાવી રોટલો રળતા કરી દેવાય છે.



સૌનેપરિચિતશંખ-ચક્ર-ગદા-પદ્મધારી ઘનશ્યામ વિષ્ણુની મૂર્તિની કલ્પના કવિએ જુદી રીતે કરી છે : 'સમસ્ત વિશ્વમાં અણુયે અણુના અવકાશમાં, વિષ્ણુની ગગનશ્યામ પ્રભા કેવી આભના જેવી ઢળી વ્યાપી રહેલી છે! અહો! તારું સ્વરૂપ કેટલું વિરાટવિસ્તરી રહ્યું છે કે તારા ઉપર—એ નીલરંગી સાગર પર આખી સૃષ્ટિ જાણે કે વિસ્તરી રહી છે!' આમ કહીને પછી, એ વિરાટ સમુદ્રનાં સમસ્ત પાણી એક જ છોળ રૂપે ઊઠીને, તેમાંથી લોકકલ્પના મુજબની વિષ્ણુની પ્રસન્ન ચતુર્ભુજ આકૃતિ રચાતી હોવાની અભિનવ કલ્પના યોજી છે. પછી તો, એને માટેની માનવ-ચિત્તની ઝંખના બિમ્બ-પ્રતિબિમ્બ ન્યાયે છે કેમ એ અજ્ઞાનના તિમિરને છેદવાની પ્રાર્થના છે.

વિષ્ણુ

· પૃથ્વી ·

અહો ગગનશ્યામ, વિશ્વમહીં વ્યાપ્ત વિષ્ણુપ્રભા,
ઢળેલ અવકાશમાં અણુઅણુતણા, આભ શી!
તરે તુજપરે—સુનીલ નિધિપે—બધી સૃષ્ટિ આ.
નિરાકૃતિ અહો, સ્વરૂપ તવ વિસ્તર્યું આ વડું!

અને, સકલ વારિ છોળમહિં એક જેવાં ઉઠે,
ચતુર્ભુજ ઉઠંત આકૃતિ પ્રસન્ન, શોભા નરી!
સુદર્શન ઝગંત, પદ્મ ઢળ્યું, શંખ શોભે ગદા!
અહો, નયન સન્મુખે મુજ, સુહો જ આવા સદા!

સુપૂર્ણ અય, આ અપૂર્ણ મનુને શી ઝાંખી તવ?
અદૃષ્ટ કડી સાંધતી ઉભયને સમાના કઈ?
સ્ફુરે તું અમ ચિત્ત, તેમ તવ ચિત્તથી શું? અને
શું બિમ્બ-પ્રતિબિમ્બ? શે ગહન જાણવી એ ગતિ?

સુદર્શન અમોઘથી તિમિર ઘોર આ છેદ, રે!
અછન્ન રવિ સ્વચ્છ વ્યોમમહિં પૂર્ણ તેજે ઝલે!

પ્રજારામ



વનિતાની વેણીથી માંડીને અંતિમ ધામે જતા માનવ શબ પરની ચાદર સુધી આ સૃષ્ટિમાં અનેક નાનાવિધ રૂપે જેને જોયાં છે, એ ફૂલનું શ્રેષ્ઠ દર્શન કયું તે કવિએ ઉચિત ચોટ સાથે સૉનેટની છેલ્લી કડીમાં મૂક્યું છે.

ફૂલોને

· અનુષ્ટુપ ·

તમને ન્હાળિયાં છે મેં વેણીમાં વનિતા તણી,
ઘરની ફૂલદાનીમાં, બાલાના કરકંકણે.

નિહાળ્યાં છે દુકાનોમાં શહેરોની, જહીં તમે
તાજેતાજાં છતાં જાણે દીસતાં સાવ કૃત્રિમ.

કન્યાની કેસરી કાયે, નવયૌવનની ધરી
ખુમારી, ડોલતાં દીઠાં પણ મેં તમને કદિ.

ન્હાળ્યાં આથમતી રાતે તમને ચિમળાયલાં,
સાક્ષી સુભગ સ્વપ્નોની વધૂની સુખસેજમાં.

કૃષ્ણના કંઠમાં ન્હાળ્યાં, ન્હાળ્યાં છે શિવને શિરે,
ન્હાળ્યાં શિશુકરે એનું ઝીલતાં હાસ્ય નિર્મળ.

ન્હાળ્યાં ચાદરરૂપે મેં કાયાએ માનવી તણી,
જતું જીવનના વામી ક્લેશો જે ધામ અન્તિમે.

પણ સાચું કહું? શોભ્યાં તમે એવું કદિ નથી
શોભો છો જેવું વૃક્ષોની ડાળીએ ઝૂલતાં તમે.

મનસુખલાલ ઝવેરી

નિદાઘ

· શાર્દૂલ ·

થાળામાં જલ ઠાલવે કૃષિવલો જેવી રીતે કોશથી
પૃથ્વીની પર એમ અગ્નિ વરસે, આદિત્ય શું રોષથી!
આનંત્યે તવ ડૂબતે પથ જતો જાણે અરે તો દિસે
જાતો પન્નગ અગ્નિથી બચી જવા શું રાફડાને વિષે!

પ્રિયકાન્ત મણિયાર

સુરમો

તુફાન–મસ્તી–સ્વપને ભરેલા
તારાં મધુ મુગ્ધ દગો મહીં, અરે,
રહસ્ય કેરો સુરમો ભરીને
કોણે કર્યું અંજન, સુન્દરી, કહે?!

જગદીશ ઓઝા

હવે આ બે મુક્તકોમાંની કલ્પનાઓ જુઓ : ઉપલા મુક્તકમાં ઉનાળાનું ચિત્ર કલ્પ્યું છે: ખેડૂતો કોસથી થાળામાં જેમ ધોધમાર પાણી ઠાલવે તેમ સૂર્ય રોષથી આગ ઠાલવે છે; ને વચ્ચે થઈને ક્ષિતિજમાં ભળી જતો રસ્તો એવો લાગે છે, જાણે આગથી બચવા રાફડામાં પેસવા ધસતો સાપ!...અને બાજુના મુક્તકમાં તુફાન અને સ્વપ્ને ભરેલી આંખોની મસ્તી આલેખતી કલ્પના પણ મસ્ત છે: પૂછે છે કે તારી આવી આંખોમાં રહસ્યનો સુરમો કોણે અ'જ્યો?

પહેલી એશિયાડ ૧૯૫૧

[સામયિક વિચાર]

ગયા માસમાં ૪થી ૧૧મી તારીખ સુધી એશિયાનાં રાષ્ટ્રોની ઑલિમ્પિક રમતો રમાઇ, જેમાં અગિયાર એશિયાઈ દેશોના મળી લગભગ સાડા પાંચસો ખેલાડીઓએ ભાગ લીધો. તેમાં રમાએલી રમતો જોતાં, તેમજ એશિયા જેવડા વિશાળ ખંડમાંથી કેવળ પાંચસો જ ખેલાડીઓ ભાગ લેવા આવ્યા એ જોતા સહેજે લાગે, કે ગમે તે કારણ હોય પણ રમતગમતોને પશ્ચિમના દેશોમાં જે સ્થાન મળ્યું છે તેટલું ઉચ્ચ સ્થાન એશિયામાં હજી નથી મળ્યું. અલબત્ત, કેટલીક આંતરરાષ્ટ્રીય રમતો રમાય છે ખરી, તેમાં કૌશલ્ય પણ દાખવાય છે, છતાં આમ જનતામાં તેનું જોઇએ તેટલું મહત્ત્વ સ્વીકારાયું નથી. રમતગમતો–અને ખાસ કરીને આવી આંતરરાષ્ટ્રીય રમતો એ કેવળ આનંદ-પ્રમોદનું જ સાધન નથી; પણ તે ઉપરાંત એ એક એવું અતિ મહત્ત્વનું અને સરળ માધ્યમ છે, કે જે દ્વારા ખેલદિલી કેળવાઇ એક પ્રજા બીજી પ્રજાને સહાનુભૂતિપૂર્વક સમજતી થાય છે ને એક બીજા દેશો વચ્ચે સારા સંબંધો કેળવી શકાય છે.

આપણે ૧૯૨૦ની સાલથી વિશ્વ-ઑલિમ્પિકમાં ભાગ લેતા થયા. ૧૯૨૭માં પશ્ચિમ એશિયાના ખેલાડી યુવાનોનું સંગઠન કરવાના ઉદ્દેશથી 'ઑલિમ્પિક એસોસીએશન'ની સ્થાપના થઇ, પણ તેને પ્રજા કે રાજ્યોમાંથી જોઇએ તેવો સહકાર ન મળ્યો. ૧૯૩૪માં દિલ્હીમાં 'અર્વિન ઍમ્ફી થીએટર' (હાલના 'નૅશનલ સ્ટૅડિયમ')માં એક ક્રીડામહોત્સવ યોજાયો, પણ તેને યે કશું મહત્ત્વ મળ્યું નહિ. પછી તો યુદ્ધનાં વાદળો ઘેરાતાં એ સંઘની યોજના પડી ભાંગી.

યુદ્ધ પૂરું થયું. ભારતે નવો ઇતિહાસ રચ્યો. પંડિત નહેરૂએ એશિયાઈ પરિષદ બોલાવી. એ વેળા એશિયાનાં તમામ રાષ્ટ્રોને ક્રીડાંગણમાં એકત્ર કરવાના વિચારને નવો વેગ મળ્યો. સૌ એશિયાઈ રાષ્ટ્રોએ આ પ્રસ્તાવ વધાવી લીધો. પરંતુ એ વખતે તો દરેક દેશ ૧૯૪૮ની વિશ્વ ઑલિમ્પિકની તૈયારીમાં ગુંથાએલો હતો, એટલે એ પ્રશ્ન વધુ વિકાસ ન પામ્યો. ૧૯૪૮માં લંડનમાં એશિયાના ખેલાડીઓ ફરી મળ્યા. તેની બેઠકમાં 'એશિયાઈ તરુણોના શારીરિક વિકાસ, ખેલાડીવૃત્તિ અને અરસપરસના ભ્રાતૃભાવને વધારવા'ના ઉદ્દેશથી 'એશિયન ગેઈમ્સ ફેડરેશન'ની સ્થાપના થઈ, ને તેના ફલરૂપ સમગ્ર એશિયાનો પહેલો ક્રીડામહોત્સવ ૧૯૫૦માં ભારતમાં યોજવાનું ઠર્યું. પરંતુ તે વખતે નૅશનલ સ્ટૅડિયમનું કામ ચાલતું હોઇ એ સાલ બદલી ૧૯૫૧ના માર્ચની ૪થી તારીખ નક્કી કરાઇ, અને એ નિયત તારીખે ભારતના રાષ્ટ્રાધ્યક્ષ શ્રી રાજેન્દ્રપ્રસાદે તેનું ઉદ્‌ઘાટન કર્યું.

પહેલે દિવસે દરેક રાષ્ટ્રનાં દળોની પૅરેડ–કૂચ, ક્રીડાજ્યોતની સ્થાપના અને શપથવિધિ વગેરે થયાં. પંડિત નહેરૂએ એ પ્રસંગના પોતાના મંગલ પ્રવચનમાં સૂત્ર આપ્યું કે 'Play the game in the spirit of game'. તેનો કાયમી સ્વીકાર થયો ને સ્ટૅડિયમના સ્કોરબૉર્ડ પર તે લખવામાં આવ્યું.

કુસ્તી, બાસ્કેટ બૉલ, સાઈકલિંગ, ફુટબૉલ, તેરાકી, વૉટર પોલો, ડિસ્કસ, ભાલો ફેંકવો, હનુમાન કૂદકો, અંગદ કૂદકો ઇત્યાદિ રમતો આ પ્રથમ એશિયાડમાં હતી. તેમાં દરેક દેશે પોતપોતાની શક્તિ દાખવી. જોકે દેશો માટે સત્તાવાર ચૅમ્પીઅનશિપનું કોઇ ધોરણ નહોતું રખાયું, છતાં જે ગુણો અપાયા તે જોતાં જાપાન વિજયી ઠર્યું. ૨૦ સોનાના, ૧૮ રૂપાના અને ૧૪ કાંસાના ચંદ્રકો જીતી તેણે ૧૯૮ પૉઇન્ટ્સ મેળવ્યા; જ્યારે બીજે નંબર આવતા ભારતે ૧૨ સોનાના અને ૧૭ કાંસાના ચંદ્રકો મેળવી ૧૧૬ પૉઈન્ટ્સ લીધા. વ્યક્તિગત રમતોમાં જાપાને અને સમૂહગત રમતોમાં ભારતે શ્રેષ્ઠપદ પ્રાપ્ત કર્યું. વજન ઊંચકવામાં ઘણાંખરાં ઈનામ ઇરાનને ફાળે ગયાં, જ્યારે તેરાકીમાં સિંગાપુરના કેવળ ૧૯ વર્ષના એક યુવાને કમાલ કરી.

વ્યક્તિગત રમતોમાં જાપાને તેની મહિલા-ખેલાડીઓને લીધે જ શ્રેષ્ઠત્વ મેળવ્યું. પરંતુ રમતોમાં આમ સર્વશ્રેષ્ઠ ઠરવું એટલું જ પૂરતું કે મહત્ત્વનું નથી. રમતો સાથે એ સિવાયની બીજી જે કેટલી યે બાબતો તરફ ખેલાડીઓએ ધ્યાન આપવું જોઇએ તેનું સરસ ઉદાહરણ જાપાને પૂરું પાડ્યું. રમવા આવનાર દરેક ખેલાડી કે તેનું દળ, પોતપોતાની સમગ્ર પ્રજા અને દેશના પ્રતિનિધિ રૂપ પણ છે. તેમની આવડત, તેમની ખેલદિલી અને તેમનું સામાન્ય વર્તન વગેરે દરેક બાબત તેના દેશના સંસ્કાર–વિકાસના પ્રતીકરૂપ છે: અને તેથી તેનું ધ્યેય રમતોમાં કેવળ શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવા પૂરતું જ મર્યાદિત ન રહેતાં પોતાના દેશની સંસ્કૃતિની સુંદર છાપ પાડવાનું પણ રહે જ છે. જાપાની ખેલાડીઓએ રમતોમાં મેળવેલા યશ ઉપરાંત સમસ્ત કાર્યક્રમો દરમ્યાન તેઓએ જે કુશળ, ઋજુ, સંસ્કારી અને કલાત્મક પદ્ધતિ અખત્યાર કરેલી તે બીજા બધા દેશ કરતાં ચડિયાતી હતી. કાર્યક્રમના તેમજ તે સિવાયના વખતમાં પણ, સૌને આદર્શરૂપ બની રહે એવી જે સૌજન્યભરી વર્તણૂક અને શિસ્તપાલનની ચીવટ તેમણે દાખવી તે પરથી એ પ્રજાના સંસ્કારધનની સરસ છાપ પડી છે. દરરોજ તેઓ એક પત્રિકા બહાર પાડતા, જેમાં તેઓના ખેલાડીઓના ક્રીડાકૌશલના જાપાની પત્રોમાં આવતાં વર્ણનના ઉતારા અને બીજા દિવસના કાર્યક્રમોની રૂપરેખા વગેરે અપાતાં. વળી, રોજિંદી તાલીમ તો ખરી જ.

વિશ્વ-ઑલિમ્પિકનાં ધોરણોને તો આપણે હજી પહોંચી શક્યા નથી, પણ એ માટે આ 'એશિયાડ'માંથી ઘણું જ પ્રોત્સાહન મળી રહેશે એ નક્કી. પણ એટલું જ પૂરતું નથી. જાપાન અને ફિલિપ્પાઇન્સને બાદ કરતાં બીજા દેશોમાં (આપણે ત્યાં સુદ્ધાં) કસરતબાજો અને ખેલાડીઓને સગવડ આપવા માટે ખાસ કશો જ પ્રબંધ નથી; એટલું જ નહિ, પણ તેમનું મહત્ત્વ પણ કદાચ માન્ય નથી રખાતું. આ ઉદાસીનતા જ્યાં સુધી ટળે નહિ ત્યાં સુધી વિશ્વઆંકે પહોંચવાની આશા નિરર્થક છે. ભારતમાં પતિયાળા સિવાય બીજે કશે જ ખેલાડીઓને કોઇ ખાસ સગવડો અપાતી જણાઈ નથી.

વળી 'એશિયાડ'માં ઊતરેલા ભારતના ૧૬૭ ખેલાડીમાં એક્કે ય ગુજરાતી બચ્ચો ન હોય એ શું ઓછી દુઃખદ વાત છે? રમતો તરફની ગુજરાતની ઉદાસીનતા આજ કદાચ બીજા પ્રાંતોમાં કહેવતરૂપ બની ગઈ છે. કબૂલ કરીએ કે આપણી પાસે જોઇએ તેટલી સગવડો નથી, મોટાં મેદાનો નથી, સાધનો પણ નથી; પરંતુ એ તો આપણે સૌ જાણીએ જ છીએ; તેની આવશ્યકતાનો સ્વીકાર કરી અને યોજનાઓ પણ ઘડીએ છીએ; પણ કશો ગંભીર પ્રયત્ન કરતા જણાયા નથી. મનીલામાં રમાનારી આગામી એશિયાડમાં શું કોઈ જ ગુજરાતી નહિ જાય?

કલા અને ઉદ્યોગ



દક્ષિણ હિંદની આરતી

લેખક
રવિશંકર રાવળ

પુરાણી વસ્તુઓનું એકાદ સંગ્રહસ્થાન જોવા તો તમે ગયા હશો જ. નહિ તો યે પુરાણી કથાઓ ને કાવ્યો તો સાંભળ્યાં હશે. તેમાં વિવિધ પ્રકારના પ્રસંગોનાં વર્ણનોમાં રૂપાળાં ઘરો, કોટકાંગરા, રંગરંગીન વસ્ત્રો, ચુંદડીઓ, અવનવા નામવાળા અલંકારોની શોભા, ઘરના ટોડલા ઉપર કોતરેલાં પશુપંખીઓ, હિંડોળા ખાટો, ભીંત પરનાં ચાકળા-તોરણો, તેમજ સુંદર બેઠકો અને ધજાપતાકાવાળાં વિમાન-વાહનો વગેરેનાં વર્ણનો કરતાં એ કવિઓની કવિતા રસે ચડે છે. માનવજાતિએ હાથનાં આંગળાંથી કોઇ કામ એવું નથી છોડયું કે જેમાં તેણે કલ્પનાથી કોઈ નવી રચના કરી ન હોય ને પાછળથી તે પર રંગ અને નકશી મૂક્યાં ન હોય.

હજારો વર્ષ પહેલાંના જંગલી માનવીએ વાળમાં ખોસવાની હાડકાંની સળી ઉપર હરણનું મોં, સર્પ કે મોરની આકૃતિ પાડયા પછી જ તેની પૂર્ણતા માની છે. ટનના ટન પત્થરોથી બંધાએલા ઇજિપ્ત, સુમેર અને આસીરિયાનાં ખંડેર-મંડપો માત્ર પશુ-પરિશ્રમ નથી, એના પથ્થરે પથ્થર પર સલાટોનાં ટાંકણાંએ સંસ્કૃતિનો ઇતિહાસ આલેખ્યો છે. સંસ્કૃતિની વાતો કરનારાઓ આજે તો પુસ્તકો ને કાગળના થોકડા લઇને ચર્ચા કરે છે, અગર ભીંતપરનાં છાપેલાં ચિત્રો કે ફોટોગ્રાફો લઇને સંસ્કૃતિનો સ્વાદ અનુભવે છે; પણ તેઓ ભાગ્યે જ વિચાર કરે છે કે છાપખાનાંએ પ્રચારેલી સંસ્કૃતિનો કાળ તો છેલ્લાં ૨૦૦–૫૦૦ વર્ષનો છે તે પહેલાં હજારો વર્ષના માનવસંસારમાં તો જીવનના પ્રત્યેક વહેવારમાં, પ્રત્યેક પદાર્થમાં સંસ્કૃતિનાં રૂપો દ્વારા સૌન્દર્યનો ઉચ્છ્વાસ મહેકી રહ્યો હતો; કળા અને ઉદ્યોગ એકબીજાની તાળી ઝીલતાં હતાં.

ભૂમિ તળ ઉપર કુંભારનો ચાકડો મંડાયો કે તરત તેનાં આંગળાંએ ઘડાના ઘેરાવ ને ગોળાવ પર સુંદરીઓનાં દેહલાલિત્યનો પ્રસાદ પાથર્યો. ક્રીટ, ગ્રીસ, મીસર, ચીન અને ભારતના પ્રાચીન ઘડાઓ જગતની કળા-સમૃદ્ધિ બન્યા છે. પાણી ભરવાનાં પાત્રો જ માત્ર નહિ પણ ધૂપદાનો, યજ્ઞપાત્રો વગેરે પણ માનવીની પ્રિય ભાવનાનાં સ્વરૂપો બની ગયાં અલંકારો, માળાઓ, કટિમેખલાઓ તેમજ વસ્ત્રયુગના આવવાની સાથે ફૂલ-વેલી અને ચિત્રભાતો માનવ ઉદ્યોગોનો સળંગ પરિવાર કહી શકાય. કોઇ કાળે ઉદ્યોગ અને કળાનો સંબંધ છૂટયો નથી.


પણ હજારો વર્ષના એ સુખદ સંપર્કનો અંત છેલ્લાં થોડાં જ વર્ષોમાં માણસની જ શોધોથી આવી ગયો છે.

યંત્રોનાં ચક્રોએ ઉદ્યોગોને માણસના હાથમાંથી છીનવી લીધા એટલે હાથકરામત ને બુદ્ધિથી પદાર્થમાં તથા ઘાટમાં જે સામાજિક તત્ત્વ ઊતરી આવતું તે જોવાની આશા નષ્ટ થઈ. યંત્રથી નીકળતી વસ્તુઓમાં વ્યક્તિનું કૌશલ્ય, શોખ કે ભાવના પ્રગટ કરવાનું અશક્ય બન્યું. પરિણામ એ આવ્યું કે હાથઉદ્યોગની આખી સંસ્કૃતિનો વિનાશ થયો.

હાથથી ઉદ્યોગ ચાલતા ત્યારે કારીગર અને તેના ગ્રાહકો વચ્ચે એક પ્રકારનો સજીવ સંબંધ રહેતો હતો. શ્રીમંતો કારીગરોને પોતાના ઘર આગળ બેસાડી, ઘરનાં સૌ માણસોની રુચિ, વિચાર અને પસંદગીના ઘાટ કરાવતા અથવા તેમનાં ઘર-કારખાનાંમાં જઇને પસંદ પડતા નમૂના કરાવતા. તેથી કળાકૃતિઓમાં બનાવનાર અને વાપરનારનો સંબંધ વ્યક્ત થતો અને જનતામાં કારીગરીની પરખબુદ્ધિ આપોઆપ કેળવાતી. એ વખતે પ્રત્યેક જન કારીગરની કરામત અને વસ્તુની ઉત્તમતા સમજી શકતો.

યંત્રના યુગમાં પરિસ્થિતિ બદલાઇ છે... યંત્ર માલ કાઢવાનું એક સાધન છે; પણ તે તો મોટા જથ્થામાં એક જ પ્રકારનું ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. આવું પ્રબળ સાધન માણસોએ જ ઉત્પન્ન કર્યું છે, અને એક માણસ તેનાં ઓજારો પર કાબૂ મેળવીને જે કૌશલ બતાવતો હતો તેવી રીતે યંત્રને પણ કાબૂમાં લેવાની યોજનાઓ વિચારાઈ રહી છે. નિષ્ણાત વિચારકો ચિંતવે છે કે વિશાળ પાયા પર માલ તૈયાર કરવાની સાથે માણસના જીવનના આદર્શો અને ઉદ્યોગ વચ્ચે ફરીવાર સંબંધ સ્થાપવા શું કરીએ જેથી સંતોષ અને આનંદની પ્રાપ્તિ થાય?

આપણે જોઇએ છીએ કે ઉદ્યોગની જંજાળમાં પડેલા માનવીઓને મન સૌંદર્ય, એ આજના યુગને માફક નહિ એવું કોઇ તત્ત્વ લાગે છે; અથવા એ કંઈક એવું છે. કે જે માત્ર પ્રદર્શનો તથા સંગ્રહસ્થાનોમાં પૂરી રાખવાનું



કોલોનિયલ કાળની
અમેરિકન ખુરશી



ઘોડેસવારના આકારની
પિત્તળની કલાત્મક સૂડી



જમણી બાજુ→ ધર્મસૂત્રો અને સુશોભનોની સપ્રમાણ મિલાવટવાળું તુર્કસ્તાનમાંની ખલીફા ઉમરની મસ્જિદમાંનું રૂપસુંદર ચિરાગ-પાત્ર



ઈટાલીની યુદ્ધ ઢાલ

છે! એમાં રસ લેનારા કોણ અને કેટલા? પુસ્તકો વાંચવાની નવરાશ હોય તે વળી તેમાંથી જાણે કે પ્રાચીન ભારત, ગ્રીસ કે મીસરમાં એક વખત સંસ્કૃતિ અને સૌંદર્ય હતાં, અને એ સૌંદર્ય છેલ્લાં બસો વર્ષમાં યંત્રો આવતાં અલોપ થઈ ગયાં. થોડા શ્રીમંતો અને સરકારોએ વળી પ્રાચીન ખંડેરોમાંથી થોડા વેરવિખેર નમૂના લાવી સંગ્રહસ્થાનો પણ બનાવી દીધાં, પરંતુ ખેતરમાં કામ કરતા ગામજનો, મિલના કામદારો કે શહેરોની મોટરોમાં ભીડ કરતા ઉતારુઓમાંથી કોઈને આ સંગ્રહોનાં સૌન્દર્ય જોવાની પડી નથી.

[illegible] ઉપાય છે: કાં તો સમયનું ઘડિયાળ પાછળ મૂકીને યંત્રોનો નાશ કરીને સુંદર પદાર્થો બનતા તે યુગની સાદાઈ પર ચાલ્યા જઈએ; અગર તો એવા જ કારીગરી અને સુંદરતાવાળા તથા મનોહર આકૃતિવાળા નમૂના યંત્રો પાસેથી કઢાવીએ. પણ ઇતિહાસક્રમથી વિચારીએ તો કેટલીક વાતો અશક્ય લાગશે. આજના જીવનમાં ઝડપ અને ગતિ વધ્યાં છે. એમાં પણ યંત્રોનો પ્રબળ વિકાસ દેખાય છે. આ સાધનોથી માણસ આજે જગતનાં ઘણાં તત્ત્વો પર વિજય મેળવી શક્યો છે અને ઘણાની જરૂરિયાતો પૂરી પાડવા સમર્થ થયો છે. આવી પરિસ્થિતિને હાથની ગતિથી માનવી હવે પહોંચી શકે તેમ તો નથી જ. છતાં તેણે જીવનમાં સૌન્દર્યનાં કેટલાંક નવાં મૂલ્યો પારખ્યાં છે. આજે રસ્તે જતો માણસ પણ અજ્ઞાતપણે એ મૂલ્યો સમજતો લાગ્યો છે. તે મૂલ્યો સંગ્રહસ્થાનમાં રજૂ થયેલા સૌન્દર્યયુક્ત પદાર્થોથી અથવા સંસ્કૃતિના અભ્યાસીઓ જેને 'કળા' કહેતા આવ્યા છે તેનાથી ભિન્ન પ્રકારનાં છે; તે દ્વારા યંત્રોએ પોતાનો દરજ્જો અને અધિકાર વધારી દીધાં છે.

આકર્ષણ થાય તથા જોવાથી અણગમો ન થાય તેવાં રૂપ અને શણગાર તેને આપવામાં આવે છે, એટલે કે કળા તેને દેહ ઘડી આપે છે. આમ કરતાં તેનાં પ્રમાણોનો, કદનો કે સમાવેશ-શક્તિનો હિસાબ કરવો જોઈએ, એ બધાં બરોબર સચવાવાં જોઈએ. આટલા વિચાર સાથે આપણે નવી મોટરો, એરોપ્લેનો અને એન્જિનો તરફ નજર કરીશું તો તેમનાં યંત્રોને યુક્તિપૂર્વક ઢાંકીને તેમનાં કલેવર ઉપર સુંદરતા, સફળતા ને સગવડ આપવા નવીન કળાતત્ત્વ પ્રકટ થયું છે. આથી સમજાશે કે યંત્રયુગમાં આવી બધી પ્રયોજનયુક્ત વસ્તુઓની રચના કરવાની સાથે તેને કલામય રૂપ આપનાર વળી બીજી જ વ્યક્તિ હોય છે. તે એ યંત્રની વિચિત્રતાઓ ઢાંકવા માટે સૌન્દર્યના તત્ત્વોની યોજના કરે છે.

પહેલાનાં વખતમાં તો વસ્તુ તૈયાર કરનારમાં પોતાનામાં જ ક્રિયાશક્તિ અને કળાશક્તિ એકીસાથે હતાં, એટલે તે પોતાના ઓજારોથી વણાટ કે શિલ્પમાં કલાપૂર્ણ નમૂના ઉપજાવી શકતો ને પોતાના ઘરાકની ઈચ્છાઓ સીધા સંપર્કથી સમજી શકતો. પણ, આપણે હવે ગયા જમાનાની નકલ પર જઈ



ચંપલ, મોજડી અને સપાટમાં સુદ્ધાં માનવીએ રસવૃત્તિ દાખવી તેને કલાથી અંકિત કરી છે.



શકીએ તેમ નથી. જે અલંકારો અને આકૃતિઓ અમુક યુગમાં શોભતાં હતાં, તે પછીના યુગમાં સ્વાભાવિક રીતે બદલાતાં રહ્યાં છે.

પ્રત્યેક યુગે યુગના ઉદ્યોગની બનાવટોમાં તે તે યુગના ચાલુ જીવનમાં કામ લાગે અને સાથે શોભી ઊઠે એવી છાપ પ્રકટવી જોઈએ. આની કાળજી રાખવી તે એ બનાવટો બહાર પાડનાર માલિકો ને કારીગરોના જ હાથની વાત છે. એટલે તેમના મનમાં એવો ખટકો હોવો જોઈએ કે તેમના નમૂનામાં વપરાતા પદાર્થોની રચના અને આકારમાં કોઈ પણ જાતનું ખુટામણ તથા શિથિલતા ન આવે.

આપણે જોયું કે હવે એકલો કારીગર કે એકલો કારખાનદાર દુનિયાની વધતી જતી માગણીને પહોંચી શકે તેમ નથી અને સંચાનું

રોજબરોજ બજારોમાં મોટરોના નવાનવા ઘાટ આપણે જોઈએ છીએ. ટેલીફોન, રેડિયો અને એવા બીજા વપરાશના પદાર્થોમાં પ્લાસ્ટિક જેવી નવી રસાયણી બનાવટો અને નવાં જ રૂપો આપણે જોઈએ છીએ. એ બધાંની પાછળ જે તત્ત્વો છે તે ગણાવીએ તો સફાઈદાર ચોકસાઈ, સાદી આકૃતિ, રચનામાં કરકસર અને જરૂરજોગું સુશોભન પણ દેખાશે.


આપણે જાણીએ છીએ કે ઔદ્યોગિક બનાવટો ચાલુ વપરાશ અને ઉપયોગના હેતુ માટે બનાવેલી હોય છે, એટલે તેનું મુખ્ય લક્ષણ તો એ જ હોય કે તેનાથી જે કાર્ય કરવાનું છે તે સગવડપૂર્વક અને સરસરીતે થવું જોઈએ. એ પછી જ, તેના પ્રતિ માણસનું

લખનૌનો પાનનો ડબ્બો



સાધન વાપર્યે જ છૂટકો છે. સાથે બીજો એ પણ ભય છે કે સત્તા પર ચઢાવેલો નમૂનો ખરાબ કે બેડોળ આકૃતિવાળો અગર વધુપડતા અલંકારવાળો તેમજ નબળી પોચી બનાવટનો થયો તો તેના પરિણામે કયાંય પાછળ નભતા સર્વ પરિવારને શોષવું પડે છે; એટલું જ નહિ પણ કોઈ ધનલોભી કે મૂર્ખના હાથમાં યંત્ર પડેલું હોય તો કલાને દેશવટો દેવાઈને કદરૂપા આકારો અને બનાવટોનો ફેલાવો મોટા પ્રમાણમાં થઈ જાય ને લોકોને હલકી વસ્તુઓ વાપરવાનો ચેપ લાગે તથા સુરુચિનો નાશ થાય. પણ જો કળાના સિદ્ધાંતો પ્રમાણે વસ્તુને સુરૂપતા, વ્યવસ્થિત રચના તેમજ વપરાશમાં પૂર્ણ સગવડવાળી બનાવવામાં આવે તો તે ધંધાની દૃષ્ટિએ લાભકર્તા તેમજ પ્રજાની સંસ્કૃતિમાં અભિવૃદ્ધિ કરનાર બને.

સામાન્ય માણસ પણ તેના રોજની વપરાશના પદાર્થો સગવડભર્યા ને સાથે સુંદર ઘાટના વાપરી શકે એવો આદર્શ આજના ઉદ્યોગપતિઓનો હોવો જોઈએ. તેમની નજરમાં માત્ર વેચાણ કરનારની શક્તિ જ ન હોય, પણ જાહેર જનતાને રાહત, સસ્તાઈ અને શોભાવાળી વસ્તુ પહોંચાડવાની તેમની ફરજ છે. આ હેતુ પાર પાડવાને બનાવટનો મર્મ સમજનારા સર્જક કળાકારોનો સાથ મેળવવા તેમણે આગ્રહ રાખવો પડશે, એવા કળાકારોની તાલીમ અને સમજ માટે યોગ્ય સંસ્થાઓ નિર્માણ કરવી પડશે અને તે માટેના ખર્ચમાં સરકારે પ્રજાને પૂર્ણ સાથ આપવો જોઈશે. આપણા ઉદ્યોગમાં જો કોઇ મોટી ખામી હોય તો તે રૂપરચનાનો અભાવ અને ખરાબ વસ્તુઓનો વપરાશ છે. તે સાથે કારીગરોનાં શોભાવિહીન નિવાસગૃહ ને કચરાપટ્ટીવાળા લત્તા નાબૂદ કરવા જોઇએ. તેમનાં શિક્ષણ, તાલીમ તેમજ જીવન-



સુધારણાના અભાવે તેમની પાસેથી ઉત્તમ બનાવટોની આશા વ્યર્થ છે.

પણ આપણે ધીરજ રાખવી પડશે. શરૂનાં દસ હજાર વર્ષના ઈતિહાસ પછી હજી હમણાં છેલ્લા દોઢસો વર્ષમાં જ યંત્રોએ આપણા જીવનમાં પ્રવેશ કર્યો છે. તેમાં પણ છેલ્લાં ત્રીસ વર્ષોનું આક્રમણ જગતમાં એક ચમત્કારિક ક્રાન્તિ કરી રહ્યું છે. તેને લીધે આપણે આપણા સ્વાભાવિક જીવનધોરણ પરથી લથડી ગયા છીએ, ને સૌંદર્યસર્જનની પ્રાણપ્રેરક ચીજથી વિખૂટા પડી ગયા છીએ. આપણે જલ્દી સજાગ બનવું જોઇશે અને આપણા કલાકારો અને કારીગરોને તાલીમ આપી યંત્ર પાસેથી ઉત્કૃષ્ટ કામ લેતા કરવા પડશે.


યંત્રનો ઉપયોગ સ્પર્ધા કે ભાવ કાપવાની શક્તિ અથવા હાથકૃતિઓની નકલ માટે થાય તે નિંદનીય ગણાવું જોઈએ. વળી યંત્રો દ્વારા કદરૂપી અને આડંબરી વસ્તુઓનું ઉત્પન્ન કાયદાના અંકુશ નીચે મૂકવું જોઇએ. કોઈને અરૂપતા કોઈ રીતે ગમતી હોય જ નહિ. તેનું અસ્તિત્વ હશે ત્યાં સુધી તેની અકારી અને માઠી અસર પ્રજાના દરેક ઘરને ઉધઇની જેમ કોતરી ખાશે. યંત્રો દ્વારા કલાત્મક સુંદર વસ્તુઓ સામાન્ય જનતાને જથ્થાબંધ મળતી થશે ત્યારે ઘરેઘરમાં જીવનને નવી હવા મળશે.

માનવીની કેળવણીમાં દરેક પ્રકારનાં સ્વરૂપો દ્વારા સૌંદર્યબુદ્ધિનો વિકાસ કરવો બહુ જરૂરી છે. શિશુવયથી જ બાળકોને પ્રત્યેક પદાર્થ તપાસવાની, સરખાવવાની તથા તેની કિંમત સમજવાની તાલીમ મળવી જોઇએ. આંખની આવી શક્તિ તેના મનને ઉત્તમ અનુભવો આપનારી થશે. માણસે બનાવેલ કે કુદરતે સર્જેલ સૌંદર્ય પ્રતિ આકર્ષણ થાય એથી તેના નૈતિક બંધારણમાં યે ઘણો મહત્ત્વનો ફાળો મળે છે. લોકો રોજની વપરાશ માટે જે પદાર્થો ભેગા કરે છે તે બધા સુંદર ઘાટવાળા હોય તો તેના દર્શનથી આનંદ થાય છે અને સાધારણ અજંપો કે ઉકળાટ ઓછો કે દૂર થઇ શકે છે. કયા અને કેટલા ધંધામાં થોડા કે વધતે અંશે કળાનો હિસ્સો કે અસર છે તેનો વિચાર કરો; તે વડે ધંધાઉદ્યોગમાં કેટલો લાભ ઊતર્યો છે તે પણ જુઓ; પછી દેશભરમાં કળાની નવી તાલીમ અને સિદ્ધાંતો કારીગરોનાં શિક્ષણમાં દાખલ કરો. તે પછી ખાત્રી થશે કે ધંધામાં તે કેટલું ફળદાતા બને છે. બીજી પ્રજાઓ જોઇ શકી છે કે કળાના સંપર્કથી તેમના ઉદ્યોગધંધામાં તેઓ આપણા દેશના ઉદ્યોગપતિઓ કરતાં વધારે લાભ મેળવી શકી છે.

યંત્રોનાં પ્રબળ સાધનોથી સજ્જ અને વ્યાપક શક્તિ ધરાવતા આજના ઉદ્યોગો ધારે તો કળાની સ્વભાવસિદ્ધ વરદ છાયા જનતા ઉપર પ્રસારી શકે. સૌથી અસરકારક સાધન તેમની પાસે આજે છે. જો ઉદ્યોગોની આબાદી માટે પણ એ જ ખરો માર્ગ છે. નગરો, ઘરો અને પદાર્થોમાં વ્યવહારની સરળતા, સગવડતા, સાદાઇ અને ટકાઉપણા સાથે સૌંદર્ય પણ રોજના જીવનનાં વપરાશ અને દર્શન માટે મેળવવાથી સંતોષ સુખ અને આનંદ મળતાં પ્રજામાં શક્તિ અને ઉલ્લાસ વધશે. કળા અને ઉદ્યોગનો સંબંધ એટલા ખાતર ખાસ આવશ્યક બને છે.

('ઑલ ઇંડિયા રેડિયો'ના સૌજન્યથી)







યંત્રયુગ આવ્યા પછી રોજિંદા વ્યવહાર અને વપરાશની ચીજો કારખાનાંમાં મોટા જથ્થામાં બનવા માંડી, તેમાં પણ માનવીએ યંત્રની બનાવટની વિચિત્રતાઓ ઢાંકીને કલાનાં નૂતન સ્વરૂપો હવે દાખલ કર્યાં છે. એ પ્રયોજનયુક્ત (functional) કલામાં, તે તે વસ્તુ પોતાની કામગીરી વધુમાં વધુ પ્રમાણમાં, સરળતાથી ને સગવડપૂર્વક આપવા સાથે ઓછામાં ઓછી જગ્યા કેમ રોકે અને મેલ-કચરાને દૂર રાખીને સફાઇબંધ ને ફાવટપૂર્વક કામ કેમ કરી શકાય એવા વિચારપૂર્વકની સાદી સુરૂપતા આપવાના પ્રયત્ન થાય છે. તેને અંગ્રેજીમાં 'સ્ટ્રીમલાઈન' કહે છે. ઉપર ડાબી બાજુથી એવી સ્ટ્રીમ લાઈન્ડ ઇસ્ત્રી, ટાઈપરાઈટર અને ચાની કિટલીનાં ચિત્રો આપ્યાં છે. મથાળે એવો ટેબલલૅમ્પ છે.

સોળ વરસની વયે, ચિત્રો વેચનારા પોતાના કાકાની દુકાનમાં કામે લાગ્યા બાદ પછીથી લંડન અને પારીસના જાણીતા કલાવિક્રેતા ગુપિલની પેઢીમાં સફળ કામગીરી બજાવનાર વાન ગૉઘની ચિત્રદૃષ્ટિ કુમારવયથી જ કેળવાએલી હતી; અને ૨૬ વરસની વયે રામ્સગેઈટમાં તેણે કલાશિક્ષક તરીકે કામ પણ કરેલું હતું. પણ તેણે ચીતરવા તો માંડ્યું લગભગ ૧૮૮૦થી. આપબળે શરૂ કરેલાં એ આલેખનોમાં પ્રથમથી જ જે બળ અને ચોટ હતાં તેના નમૂનારૂપ આ 'ખેતમજૂર'નું ચારકોલ-ડ્રૉઈંગ છે.

★



કલાકાર વિન્સેન્ટ વાન ગૉઘ

સાડત્રીસ વરસના કરુણ અને કંગાલ, તથા જહેમત અને તિતિક્ષાભર્યા અસ્થિર અને ઉપેક્ષિત જીવનમાં માત્ર દસ જ વરસ ચિત્રકામ કરી જનાર કલાકાર વિન્સેન્ટ વાન ગૉઘની નામના પશ્ચિમી દેશોમાં આજે અસાધારણ છે. પ્રકાશનો જાણે પૂજારી હોય એમ, જાજ્વલ્યમાન રંગભભકથી ભરેલાં ચિત્રોની એની દૃષ્ટિ અને શૈલી એની આગવી હતી. છતાં એના જીવનકાળ દરમ્યાન એની એટલી ઉપેક્ષા થએલી કે એને પોતાને પણ કલ્પના નહિ હોય કે મૃત્યુ પછી સાઠ વર્ષે એની આટલી મોટી કદર થશે. એ જીવતો હતો ત્યારે એનાં ચિત્રોનો કોઇ ભાવ પણ પૂછતું નહિ; અને આજે ?

થોડા જ સમય પર એનાં ૯૨ તૈલચિત્રો અને ૬૭ આલેખનોનું એક પ્રદર્શન ન્યૂ યૉર્કના જગવિખ્યાત મેટ્રોપૉલિટન મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટસમાં ગોઠવાયું હતું. તેર અઠવાડિયાંમાં ત્રણેક લાખ લોકોએ એ જોયું ! અમેરિકાનાં પ્રદર્શનોના ઇતિહાસમાં આટલી મોટી હાજરી આજ સુધી કોઈ એક જ વ્યક્તિના પ્રદર્શનમાં નથી થઈ.

એની કળાનો અભ્યાસ કરવો એટલે ખુદ એના અંગત જીવનનો જ અભ્યાસ કરવો. અને એનું એ અંગત જીવન એટલે (એક સ્થળે લખાયું છે તેમ) રંગપીછીનું કલારત જીવન નહિ: 'His story is not that of an eye, a palette, a brush, but the tale of a lonely heart which beat within the walls of a dark prison longing and suffering without knowing why. કોઈ અંધારકોટડીમાં કેદ પુરાયું હોય એમ એનું હૃદય કોઈ અજાણી આરઝૂ અને યાતનાનું માર્યું ઝૂર્યાં જ કરતું હતું. અને એ વેદનાભરી પોતાની ઊર્મિઓ અને મનોભાવનાઓ ચિત્રો દ્વારા વ્યક્ત કરીને જ એણે આત્મસંતોષ મેળવ્યો છે. કલાના ઈતિહાસમાં ભાગ્યે જ કોઈ કલાકાર એવો હશે જેણે વિન્સેન્ટની માફક રૂઢિગત વિષયો છોડી પોતાની આસપાસ પથરાએલા જીવનમાંથી સૌંદર્ય, કરુણા અને ભાવનાને જ પકડી ચીતરવા મથામણ કરી હશે. એણે રૂઢિ પ્રમાણે થોડાં ધાર્મિક ચિત્રો પણ આલેખ્યાં છે; પરંતુ એમાં જરાયે બળ નથી. પણ એણે જે પ્રાકૃતિક દૃશ્યો, ગ્રામજનોની તસ્વીરો, સ્વહસ્તે દોરેલી પોતાની તસ્વીરો, પદાર્થચિત્રો અને સાદા રોજિંદા જીવનનાં આલેખનો કર્યાં છે એમાં ખરું બળ છે,—જાણે ખુદ જીવન ધબકે છે. કારણકે એની પાછળ પોતાના વિષયની તીવ્ર સંવેદના હતી. એ જ્યારે કામગારો ને કિસાનોનાં ચિત્રો દોરતો ત્યારે એમની સાથે –એમની વચ્ચોવચ જઇ એમની માફક રહેતો. પ્રાકૃતિક દૃશ્યો દોરતો ત્યારે પ્રકૃતિની ગોદમાં તલ્લીન થઈ જતો: વહેલી સવારથી ખભે કૅનવાસ ને હાથમાં રંગસામગ્રી લઇ કલાકોના કલાકો ધરતીની છાતી ખૂંદતો એ રખડતો ને ચિત્રો કરતો.

લેખક: કાન્તિલાલ રાઠોડ

નિજ આંતરવ્યથા ને સૌંદર્યપિપાસાને દિલની વેદના જેટલી જ દારુણતાથી રંગના લચકા વડે કૅનવાસ પર ઢાલવી ગએલા કલાકારનું કરુણ જીવનચિત્ર


સાડત્રીસ વરસની નાની શી જિંદગીમાં ફક્ત દસ જ વરસ એણે ચિત્રકામ કર્યું; પણ એટલા ટૂંકા સમયમાં યે એણે ૮૦૦ તૈલચિત્રો અને ૯૦૦૦ ડ્રૉઇંગ કર્યાં છે. સંભવિત છે કે એ દિવસ રાત સતત ચીતરતો જ રહ્યો હશે. હા, એ સાચું છે. એણે જીવનનાં છેલ્લાં દસ વરસમાં ચિત્રકામ સિવાય બીજું કાંઇ પણ કર્યું નથી. અને એણે જો એ રીતે ચિત્રકળાને પોતાની સાથી ન બનાવી હોત તો કદાચ એનું મૃત્યુ એથી પણ વહેલું થયું હોત, એટલું કરુણ એનું જીવન હતું.

નેધરલૅંડ (હૉલૅંડ)ના બ્રાબન્ટ પરગણાના ગ્રૂટ-ઝુન્ડર્ટ નામે નાના ગામડામાં ૧૮૫૩ના માર્ચની ૩૦મી તારીખે એનો જન્મ થએલો. પાદરી પિતાના એ છ પુત્રોમાંથી ત્રણ ભાઇઓ ડચ સૈન્યમાં જોડાએલા અને ત્રણ જણ કલાત્મક વસ્તુઓ વેચવાના વ્યવસાયમાં હતા. બાળપણથી જ ઊંડી ધર્મનિષ્ઠાવાળો હોવાથી તેણે પાદરી થવા માટે આઇલવર્થ ને બ્રસેલ્સમાં થોડું શિક્ષણ લીધું. દરમ્યાન, સોળ વર્ષની ઉમરે એના કાકાની દુકાનમાં ને પછી ગુપિલ નામે કલાવિક્રેતાને ત્યાં નોકરીએ લગાડયો. ત્યાંની એની કામગીરી એટલી સરસ હતી કે ત્રણ વર્ષમાં તો ત્યાંથી એની લંડનની શાખામાં બદલી થઈ.

લંડનમાં એનો સમય આનંદથી વીતતો. પોતાના પ્રિય થોડા અંગ્રેજ ચિત્રકારોનાં ચિત્રોની છાપ પોતાની ઓરડીની દીવાલે એ ચોંટાડી રાખતો. એ શરૂઆતના કાળમાં ચિત્રો કરવામાં નહિ પણ જુદાજુદા ચિત્રકારોનાં ચિત્રો જોવામાં એને ખૂબ રસ પડતો ને એમ ચિત્રકળા તરફ એ આકર્ષાવા લાગ્યો. લંડનના આ મસ્ત દિવસો દરમ્યાન એ એક યુવતીના પ્રેમમાં પડેલો, અને એક દિવસ તેણે એની આગળ પરણવાની પોતાની ઇચ્છા જાહેર કરી. પણ પેલી તો એને બનાવ્યા જ કરતી હતી. તેણે ઉપહાસપૂર્વક એનો ઈન્કાર કરી દીધો. લાલ વાળ ને લીલી આંખોવાળા તથા વિચિત્ર વર્તન ને જાડી ભાષાવાળા આ ડચ ખેડૂતને કોણ પરણે? આ બનાવે એને જબરો આઘાત લગાડયો. એ પછી એ સ્ત્રીઓથી દૂર રહેવા લાગ્યો. ભાવનાપ્રધાન હોવાથી પોતાના દુ:ખને ભૂલવા એ ફરી ધર્મમાં રસ લેવા માંડયો. ક્યારેક ધર્મપ્રચાર કરવા એ લંડનનાં ગરીબ પરાંઓમાં જતો. ત્યાં એણે જે ગરીબી જોઇ એની છાપ આખી જિંદગી એના પર રહી, ને એ સદાને માટે ગરીબોનો મિત્ર બન્યો.

અત્યંત લાગણીપ્રધાન એ યુવકની માનસિક અવસ્થા, ઉપરના પ્રેમભંગને લીધે બગડવાથી લંડનના વ્યવસ્થાપકે એને પોતાની પારીસની પેઢીએ મોકલ્યો: એમ ધારીને કે કદાચ વાતાવરણ ફેરથી એ સારો થઈ જશે. પણ પારીસમાં યે એને શાંતિ મળી નહિ. એ બાઈબલ ને સાહિત્યનાં પુસ્તકો વાંચવામાં સમય વિતાવતો. દરરવિવારે ધર્મપ્રચાર માટે પણ જતો. એક વખત તો એણે ધર્મપ્રચારક તરીકેની નોકરી પણ સ્વીકારી. પરંતુ એક જ ખ્રિસ્તી ધર્મમાં પણ જુદાજુદા ફિરકાઓવાળા પાદરીઓ પરસ્પરમાં જે હલકો અને અધાર્મિક વર્તાવ કરતા તેમાં તેને અધર્મ જણાતાં તેથી કંટાળી એ નોકરી છોડી એણે હોલૅંડના પોતાના ગામનો રસ્તો લીધો.

અહીંથી એની ગરીબી અને યાતનામય જીવનની શરૂઆત થઇ. સાથેસાથે કલાજીવનની પણ શરૂઆત થઈ. એનો નાનો ભાઈ થીઓડૉર—જેને જીવનભર 'થીઓ'ના પ્રિય નામે એ બોલાવતો—કલાવિક્રેતા હતો. તે એને ખરચજોગા પૈસા મોકલતો. હૉલૅંડમાં વિન્સેન્ટ ગામડાંઓમાં ફરતો. ત્યાં એણે ઈશુ જેવું પ્રેમપૂર્ણ જીવન જીવવાનું નક્કી કર્યું. એ ગરીબ લોકો સાથે ભળતો, કોલસાની ખાણમાં કામ કરતા મજૂરોમાં ધર્મપ્રચાર (પ્રેમપ્રચાર)



વિશાળ નિસર્ગદૃશ્યની મધુર શાંતિ દાખવતું, હૉલાંડમાં આમ્સ્ટર્ડામના કલાસંગ્રહમાંનું વાન ગૉઘનું આ નામી ચિત્ર 'હરિયાળાં ખેતરો', કલાવિવેચકો, ચિત્રકલાના અભ્યાસી વિદ્યાર્થીઓ તેમજ આમ જનસમાજ સૌનું માનીતું છે. એમાં, જમણી બાજુ નીચેના વાડના છેડાથી શરૂ કરીને, નીસરણી માંડેલી ઘાસની ગંજી, કચરાની હાથગાડી, દૂર દોડતો ખટારો, લીલાં ખેતરોના પટની વચ્ચેવચ્ચે મોતીના દાણા વેરાયા હોય એવાં મકાનો, વૃક્ષો વગેરે ઉપર થઇને ખેતરોના શેઢાની રેખાએ રેખાએ પરોવાઇને ચાલી જતી આપણી નજરને, દૂરની ટેકરીઓની હારની પાર દેખાતી ક્ષિતિજની કિનાર સુધી પથરાએલા સપાટ વિસ્તાર પર, કલાકાર જે આસાનીથી સૌંદર્યસફર કરાવે છે તેમાં કુદરતના બહોળા ખોળાનું માધુર્યસુખ તે અનુભવાવે છે. જ્વલંત સૂર્યપ્રકાશથી હસી ઊઠતા આ પટવિસ્તારમાંની એકેએક વિગતને ભભકભરી રંગાવટ સાથે એકબીજીને પડછે જે પ્રમાણભારપૂર્વક લયબદ્ધ રીતે યોજી છે તેમાં કલાકારની સૌન્દર્યદૃષ્ટિનો પ્રસાદ રહેલો છે.

દસ જ વરસની કલા કારકિર્દીમાં સેંકડોને મોઢે કરેલાં જેનાં ચિત્રોમાંથી એના દરિદ્રી જીવનકાળ દરમ્યાન મુઠ્ઠીભર પૈસામાં માત્ર એક જ ચિત્ર વેચાયું—ને જે કપરી કંગાલિયતમાં વેદના ને વ્યથાનો માર્યો આપઘાત કરીને મૂઓ, તેના એક એક ચિત્રનું મૂલ આજે લાખો રૂપિયે અંકાય છે.



સેન્ટરેમીમાં (પાગલખાનામાં) હતો ત્યારે વાન ગૉગે સરૂનાં ઝાડનાં ઘણાં ચિત્રો કરેલાં. માનસશાસ્ત્રીઓ કહે છે કે વાંકડિયા રકૂના જેવાં વૃક્ષોવાળાં એ ચિત્રો એના હૃદયમાં જે શૂળ ભોંકાતાં તેની વ્યથા અને આવેગ પ્રદર્શિત કરે છે.

કરતો અને એમની બધી સેવા કરતો. દુનિયાની સારી વસ્તુઓનો અને ધનનો મોહ છોડી એણે હવે એક પ્રકારનો વૈરાગ્ય લીધો, અને મજૂરોની સાથે જ, એમનાં ખંડિયેર જેવાં ઝૂંપડાંમાં જ હવે એ રહેવા લાગ્યો. પણ આ વધુ ચાલ્યું નહિ. આર્થિક મુશ્કેલી એને સતાવતી હતી. એટલે એ ચિત્રકળા તરફ વળ્યો. અને માનવ-આકૃતિઓના આલેખનના પાયારૂપ Anatomy (શરીરરચના)નો અભ્યાસ શરૂ કર્યો. સાથેસાથે કોલસા-ચારકોલ વડે ચીતરાતાં આલેખનો અને તૈલચિત્રો પણ શરૂ કરી દીધાં. આ અભ્યાસ કોઇની પણ મદદ વિના એણે શરૂ કરેલો. એટલે એ આપ-સાધનાએ આગળ વધેલો ચિત્રકાર હતો. એ ખેતરોમાં, કિસાનોનાં ઘરમાં ને મજૂરોનાં ઝૂંપડાંમાં જઇ કાચાં આલેખનો કરી લાવતો અને પછી એ ઉપરથી ચિત્રો તૈયાર કરતો. એનાં એ આલેખનો વેગીલી રેખાઓમાં વજનદાર ને વિષય સૂચક હતાં. 'The Reaper' નામનું એનું ડ્રૉઇંગ'જુઓ આ સાથેનું ચિત્ર) એનો પુરાવો આપશે. એમાં શરીરની ગોળાઈ અને વજન charcoal strokes વડે છાયા-પ્રકાશ ઉપજાવીને વ્યક્ત કરવામાં આવ્યાં છે. એનાં ડ્રૉઇંગોમાં સાદગી અને બળ છે. ફોટોગ્રાફની માફક માત્ર નકલ ન કરતા એ પાત્રની લાક્ષણિકતા લાવવા માટે આલેખનમાં અતિશયોક્તિની માત્રા જરા વધારતો.

પોતાનાં તૈલચિત્રોની શરૂઆત એણે હૉલૅન્ડની ચિત્રરૂઢિ પ્રમાણે કરેલી. હૉલૅન્ડની વાદળઘેરી ઋતુને કારણે ત્યાંના કલાકારોનાં ચિત્રો ઝાંખાં, મટમેલાં રંગોનાં હોય છે. વિન્સેન્ટનાં શરૂનાં ચિત્રોમાં આવી ઘેરા તપખીરિયા તથા આસમાની રંગોની ગૂઢાશ દેખાય છે. પણ રંગઘેલો તેનો આત્મા જોતજોતામાં આ રૂઢિમાંથી છૂટી ગયો.

હૉલૅંડની ભૂમિ લગભગ સપાટ છે અને ક્ષિતિજરેખા સુધી પથરાએલાં દૃશ્યો આંખોને એક વસ્તુથી બીજી પર દોરતાં-છેક ક્ષિતિજરેખા સુધી ખેંચી જાય છે. સપાટ પટ ઉપર સર્પાકારે ઘૂમતી-ઘૂમતી દૂરના ક્ષિતિજને આંબતી નિસર્ગની આ રમણીયતાની વિન્સેન્ટ પર ખૂબ અસર થએલી. એણે આવા વિશાળ ભૂમિવિસ્તાર દર્શાવતાં ઘણાં ચિત્રો કર્યાં છે. એના નમૂના રૂપ એનું "હરિયાળાં ખેતરો" નામનું વિખ્યાત ચિત્ર પાછળ છાપ્યું છે. આ શોધ જો કે એની ન હતી: જૂના ડચ કળાકારોની હતી. પણ ગૉગે એ પદ્ધતિનો છૂટે હદયે ઉપયોગ કર્યો છે.

હાલૅંડમાં એ ગામડે-ગામડે ફરતો. એણે ૨-૪ વખત એક ગામથી બીજે ગામ પોતાનો સ્ટુડિયો બદલાવ્યો. આમ જો કે એ ચિત્રો દોરવામાં વ્યસ્ત હતો છતાં એના મનને પૂરી શાંતિ ન હતી. એને પ્રેમ જોઇતો હતો અને કોઈ એવું પાત્ર જોઇતું હતું જેને એ પોતાના પ્રેમથી નવડાવી શકે. અચાનક એને અહીં એક સ્ત્રી સાથે ઓળખાણ થઈ અને બન્ને એકબીજા પ્રત્યે આકર્ષાયાં. પેલી સ્ત્રીને એક નાનું બાળક પણ હતું. વિન્સેન્ટ એના નિર્મળ પ્રેમથી શાંતિ અનુભવતો. પણ એઓ લગ્ન કરવાનાં હતાં એના થોડા સમય પહેલાં જ વિન્સેન્ટને જાણ થઇ કે એ તો એક વેશ્યા છે! છતાં પણ એણે હૃદયની વિશાળતા બતાવી અને લગ્નનું વચન આપ્યું. પણ એક દિવસ પેલી સ્ત્રી વાન ગૉઘને છેહ દઇને ચાલી ગઇ. આ પછી એ એક બીજી સ્ત્રીના પ્રેમમાં પડ્યો. પણ પ્રેમના ભૂખ્યા આ કલાકારને હવે ગામલોકોએ પાગલ ઠરાવી ગામ બહાર કાઢી મૂક્યો. ભાંગેલે હૃદયે વિન્સેન્ટે હૉલૅંડ છોડી ફરી પારીસનું શરણું લીધું.

પારીસમાં એનો સહાનો હેતાળ ભાઈ થીઓ એને હૂંફ આપવા તત્પર હતો. વિન્સેન્ટનો એ આખર સુધી મિત્ર રહ્યો. વિન્સેન્ટ એને કાગળો લખીલખી પોતાના જીવનની બધી હકીકતો કહેતો. એ સેંકડો પત્રો જો થીઓને ન લખાયા હોત તો આજે એનું વ્યક્તિગત જીવન જાણવું સરળ ન બન્યું હોત. વિન્સેન્ટે એક કોટડી ભાડે લીધી અને ચિત્રકળા આરંભી દીધી. થીઓ એને માસિક મદદ આપતો ને ચિત્રો કરતો અને ચિત્ર પૂરું થતાં જ ભાઇની દુકાને વેચવા રાખી આવતો —એ આશાએ જો વેચાય તો પોતે થીઓને આર્થિક જવાબદારીથી થોડો મુક્ત કરી શકે. પણ એનું એ સ્વપ્ન સ્વપ્ન જ રહ્યું. પારીસમાં એનો કોઈ ભાવ પૂછતું નહિ. (અનુસંધાન પૃષ્ઠ ૧૪૯મે)

વાર્તા પૂરી ન થાય ત્યાં સુધી જેની કલ્પના પણ નહિ આવે એવી



અકળ વેરતૃપ્તિ

વિખ્યાત લેખક 'જૅક લંડન'ની વાર્તા ઉપરથી અનુવાદક

મગનલાલ પડિયા

રખડુ, અલગારી, સાહસિક તથા નાનાવિધ પ્રવૃત્તિઓમાં જિંદગીનો જુગાર ખેલી જનારો, અને રોમાંચક અનુભવોની રંગતવાળી જીવનની ધબકભરી ચમકદાર વાર્તાઓથી યુરોપ-અમેરિકામાં ખ્યાતનામા થએલો અમેરિકન લેખક જૅક લંડન એની ચાળીસ વરસની જિંદગીમાં તો (૧૮૭૬-૧૯૧૬) એના જીવન જેવી જ સાહસરંગી કથાઓનાં ઘણાં પુસ્તકો મૂકતો ગયો છે. રસ હોય તેમને માટે થોડાંક ગ્રન્થના યાદી : ધ ડૉટર ઑાવ ધ સ્નોઝ; ધ પીપલ ઑાવ ધ ઍબિસ; ધ કૉલ ઑાવ ધ વાઇલ્ડ; ધ સી વૂલ્ફ; ધ મૂન ફેઇસ; વ્હાઇટ ફૅન્ગ; બર્નિંગ ડે લાઈટ, માર્ટિન ઇડન; ધ મ્યૂટિની ઑાવ એલસીનોર· અને ધ વૅલી ઑાવ ધ મૂન.

સરકસમાં એ ચિત્તા ખેલાવવાનું કામ કરતો. પણ એને જુઓ તો તમને આશ્ચર્ય જ થાય કે આ માણસ આવું હૃદયભેદક કામ કરી શકતો હશે? એની આંખો સ્વપ્નતરંગી જેવી હતી: જાણે આજુબાજુની વસ્તુઓની પરવા કર્યા વગર એ કાંઇક દૂર દૂરનું જોતો ન હોય! એનો અવાજ તરુણીના અવાજ જેવો મૃદુ હતો. વળી તેમાં સહેજ દિલગીરીની છાંટ વરતાતી. એવું લાગતું, જાણે તેનામાં કાંઈ ઊંડું દર્દ છુપાઇ બેઠું હોય. તેની કમર અને નિતંબ સાંકડાં હતાં. ખભા પણ સાંકડા હતા. શરીરે પીળો અને દુઃખના ભાર કરતાં કોઈ મધુર-મૃદુ વ્યથાથી પીડાતો હોય એવો તે દેખાતો. પણ છતાં સરકસના તંબૂને ઠસોઠસ ભરી બેઠેલા પ્રેક્ષકગણમાંનો એકેએક તેના ચિત્તા સાથેના ખેલોથી દિલધડક હેબત પામી જતો.

આવા અદ્‌ભુત ખેલો કરનાર એ ખેલાડી પાસેથી એના સરકસના અનુભવની કાંઈક એવી વાત કઢાવવા હું મથી રહ્યો હતો કે જેમાંથી એકાદ સરસ વાર્તા નિપજી આવે. પૂરા એક કલાકથી એ માટે હું તેની સાથે અલકમલકની વાતો કર્યે જ રાખતો હતો. પણ ત્યાં સુધીમાં ફક્ત એટલું જ જાણી શકયો કે પોતાના અદ્‌ભુત ખેલોના મૂળમાં રહેલા, પોતાના જ્ઞાનતંતુઓ ઉપરના સામર્થ્યના બદલા પૂરતાં નાણાં તેને સરકસના વ્યવસ્થાપકો પાસેથી માંડમાંડ મળતાં. પ્રેક્ષકોની દૃષ્ટિને હેબત પમાડતા તેના આ ધંધામાં તેને હવે કંઈ રસ કે રોમાંચ જેવું લાગતું નહોતું. નહોતું કોઈ સાહસ જણાતું, કે નહોતા જણાતા દિલ ધડકાવનારા પ્રસંગો. જીવન જાણે હવે એકધારું અને કંટાળાભર્યું બની ગયું હતું. પોતાની કલ્પનાશક્તિને ઉત્તેજે એવું કાંઇ જ તેને મન એમાં રહ્યું નહોતું.

સિંહો? અરે, સિંહો સાથે પણ તે ઘણું બાખડયો હતો. એમાં કાંઈ જ ભારે વાત નથી. ફક્ત મગજ શાંત રાખવાનું. એક સાધારણ દંડુકાથી ગમે તેવા સિંહને પણ તે શાંત પાડી શકે. એક વાર એક સિંહની સાથે તેને અર્ધો કલાક લડવું પડેલું. સિંહ ધસે એટલે એ એના નાક પર ફટકારે. સિંહ ચાલાકી કરવા જાય ને માથું નીચું રાખી ધસે તો એક પગ ઊંચો કરવાનો; એટલે સિંહ પગ પકડવા માથું ઉંચકે કે તરત પાછું નાક પર ફટકારવાનું. સહેલું ને સટ્!

પોતાની સ્વપ્નશીલ આંખોને દૂરદૂર ખોડી રાખીને મંદ-મૃદુ શબ્દપ્રવાહથી આ બધી વાતો કરતાં તેણે પોતાના ઘા મને દેખાડયા. ઓ હો હો! કેટકેટલા ઘા! એમાંનો એક તો તાજો જ વાઘના પંજાનો હતો. ખભામાંથી માંસનો લોચો કાઢીને ઘા ઠેઠ હાડકાં સુધી પહોંચી ગયો હતો. એના કોટનાં સફાઈબંધ મારેલાં થીગડાં મેં જોયાં. એમાં કોણી નીચેનો એનો જમણો હાથ જોતાં તો એમ જ લાગે કે એ હાથ જાણે કપડાં ધોકાવવાના યંત્રમાંથી પસાર થયો ન હોય! પંજાના નહોરના કે દાંત બેસાડ્યાના ઘાનાં નિશાનોની તો કાંઇ ગણત્રી જ ત્યાં નહોતી. પણ એને મન એની કાંઈ ગણના જ નહોતી. ચોમાસામાં જૂના ઘા કોઈ વાર ઊબળી આવી તકલીફ આપતા એટલું જ.


એવામાં અચાનક તેનો ચહેરો ખીલી ઊઠયો. એવું લાગ્યું, કે જાણે હું અત્યાર સુધી એકાદ અચ્છી વાત કઢાવવા માટે જેવો આતુર હતો એવો જ આતુર હવે તે એ વાત સંભળાવવા માટે ન હોય!

'હું ધારું છું કે તમે પેલા સિંહના ખેલાડીની વાત તો સાંભળી જ હશે, જેને એક પ્રેક્ષક અત્યંત ધિક્કારતો.'

તે અટકયો અને ઘડીભર બાજુના પાંજરાના માંદા સિંહ તરફ જોઇ રહ્યો. 'એનો બીચારાનો દાંત દુઃખે છે.' કહીને પાછી તેણે વાત શરૂ કરી :



શરીર મન અને જ્ઞાનતંતુઓને સ્વસ્થ રાખતી યોગાસનોની વ્યાયામપદ્ધતિ



૧૩ · શવાસન

આ આસનમાં મુડદાની જેમ શાંત થઇને પડયા રહેવાનું હોવાથી તેને શવાસન કહે છે. શવ એટલે મુડદું.

જેમ ઘણા માણસો એકલું શીર્ષાસન કરીને તંદુરસ્તી સાચવી શકે છે, તેમ એક પણ આસન ન કરી શકનાર માણસ શવાસન કરીને ઘણો ફાયદો મેળવી શકે છે. જેને અંગ્રેજીમાં Relaxation (રીલૅકસેશન) કહે છે તે આ આસનથી સારામાં સારી રીતે મેળવી શકાય છે. આખો દિવસ દોડધામ કે મગજનું કામ કરનાર માણસ સાંજે ઘેર આવીને આ આસનમાં થોડી મિનિટો પડયો રહે તો તે તદ્દન તાજો થઈ જાય છે. પશ્ચિમની ઘણી વ્યાયામ પદ્ધતિઓમાં Relaxation માટે આ આસનનાં કેટલાંક તત્ત્વો અપનાવેલાં છે.

બધાં આસનો પછી આ આસનને એટલા માટે મૂકવામાં આવ્યું છે કે બીજાં આસનોથી લાગેલા શ્રમ એનાથી નિર્મૂળ થઈ જાય ને માણસ તાઝગીપૂર્ણ સ્વસ્થતા સાથે આસનનો વ્યાયામ પૂરો કરી શકે.

તદ્દન શાંત થઇને આસન પર ચત્તા સુઈ જાઓ. પગ પાસેપાસે, અને અંગૂઠા ઊંચા રહે તેવી રીતે રાખો. હાથને પાસાની બાજુમાં રાખો. આવી રીતે સૂઈએ કે તરત બધા સ્નાયુઓ કંઈક ઢીલા પડે છે. સૂતા કે તરત ગળાની નીચેના ભાગથી શરૂઆત કરવી. આંતરિક દૃષ્ટિએ જાણે હૃદયને, ફેફસાંને, પેટને, લીવરને ને અંદરના અવયવોને શાંત થતા જોતા હોઈએ એવી ભાવના કરવી. એમ કરતા કરતાં છેક પગની આંગળીઓ સુધી જવું. આખું ધડ એ પ્રમાણે શાંત થાય એટલે માથામાં જવું, અને ત્યાં પણ વધુ આરામપૂર્ણ શાન્તિ મળે એવી ભાવના કરવી. આવી રીતે આખા શરીરમાં એક બે વખત માનસિક દૃષ્ટિએ ફરી વળશો ત્યાં તો શરીર તદ્દન નિશ્ચેષ્ટ ને શાંત થઈ શકશે, એક લેખકે તો એટલે સુધી કહ્યું છે કે આ સ્થિતિમાં કોઇ આપણો હાથ ઊંચકે, તો જેમ ઊંઘમાં એ હાથ છોડી દેતાં નીચે પડે છે, તેમ અહીં પણ તે પડી જવો જોઇએ.

આ આસન કરતાં ઊંઘ આવી જવાનો પૂરો સંભવ છે. કોઈ વાર ઊંઘી જવાય તો શરમ કે ગ્લાનિ ન અનુભવવી. ફક્ત, આ આસન છે અને તે કરતાં ઊંઘાય નહિ એટલી તકેદારી રાખવી એટલે બસ.

આ આસનમાં આંખો સામાન્ય રીતે બંધ રાખવાની હોય છે. આવી રીતે શરીર શાંત પડતાં મનની પ્રક્રિયા શાંત પડતી નથી અને મગજમાં અનેક જાતના વિચારો આવે છે. તે બધા શાંત કરવા માટે આ આસનમાં આગળ વધવાની કેટલીક ક્રિયાઓ છે. પણ જેને શરીર-સ્વાસ્થ્ય જ મેળવવું છે તે આટલેથી અટકે અને વિચારોને દૃઢતાપૂર્વક રોકી શરીરની જેમ મનને શાંત કરે તો ચાલે.

શરીરના એકેએક કોષ અને જ્ઞાનતંતુને આથી આરામ મળે છે. આ આસનથી 'હાઈ બ્લડ પ્રેશર' તથા 'ન્યૂરેસ્થેનિયા' મટી શકે છે.

હવે પછી આપણે કેટલીક ક્રિયાઓ જોઈશું. **દાસુભાઇ શુક્લ**

'એ સિંહના ખેલાડીનો સૌથી અદ્ભુત ખેલ એ હતો કે તે પોતાનું માથું સિંહના મોઢામાં મૂકતો! એ ખેલાડીને ધિક્કારનાર પેલો માણસ, સિંહ ક્યારે એ ખેલાડીનું માથું ખેલ કરતાં કરતાં કરડી ખાય એ જોવા માટે, દરેકે દરેક ખેલમાં આવતો! એટલા માટે તો એ જ્યાં જ્યાં સરકસ ફર્યું ત્યાં ત્યાં સરકસની પાછળપાછળ ફર્યો. એમ ને એમ વરસો વીત્યાં ને તે ઘરડો થઈ ગયો. સિંહનો ખેલાડી યે ઘરડો થયો ને સિંહ પણ ઘરડો થયો. પણ પેલો જોનાર થાકયો નહિ. આખરે એક દિવસ આગલી હારમાં બેસીને, પોતે જેની વર્ષોથી રાહ જોતો હતો તે ખરેખાત બનતું જોયું. સિંહે મોઢું બીડયું ને કડેડાટી બોલી! ડાકટરને બોલાવવા જેવું પણ કાંઇ રહ્યું નહિ!'

પોતાના ખેલમાં ચિનાને ધારેલે સ્થળે બેસાડીને પ્રેક્ષકો સામે જે રીતે એ સફળતા દાખવતું જોતો, એ રીતે તેણે મારા સામે જોયું અને પછી બેદરકારીથી પોતાનાં આંગળાનાં નખ તપાસવા લાગ્યો.

'એનું નામ તે ધીરજ;' તેણે આગળ ચલાવ્યું: 'ધીરજ રાખો તો તમે જે ધારતા હો તે એક દિવસ અવશ્યમેવ થવાનું. મારી પણ એ જ રીત છે. પણ મારી જાણના એક માણસની રીત એવી નહોતી. એ માણસ પાતળો અને નાનકડો હતો,—જાણે કરવતથી વેર્યો ન હોય! તેનું કામ તલવાર ગળવાનું અને અંગ કસરતના બીજા ખેલો કરવાનું હતું. તે ફ્રેન્ચ હતો. એનું નામ દ-વિલે. તેને એક સરસ પત્ની હતી એ બાઈ દોરડા પર ચાલવાનું અને તંબૂના છેક છાપરા પરથી નીચે જાળીમાં કૂદવાનું કામ કરતી. અને એ રીતે પડતાં પહેલાં અધવચ્ચે તમે કહો એવી ગુલાંટ ખાઇ દેખાડતી.

'દ-વિલેનો મિજાજ તેજ હતો,—તેના હાથ જેટલો જ તેજ; અને તેનો હાથ સિંહના પંજા જેટલો તેજ હતો. એક દિવસ રિંગ-માસ્તરે એને દેડકાખાઉ, કે એવું કાંઇક, કે એથી યે કાંઇક ખરાબ કહ્યું; એટલે એણે સરકસના પોતાના છરા ફેંકવાના ખેલમાં જ એ રિંગમાસ્તરને છરા ફેંકીફેંકીને એક ઝાડના થડ સાથે જકડી જ લીધો! ને તે પણ એટલી ઝડપથી કે રિંગ માસ્તરને બીચારાને કંઇ વિચારવાની યે તક મળી નહિ! ત્યાં પ્રેક્ષકોની નજરોનજર જ એણે ઝાડના થડમાં એવી તો સિતાબીથી છરા ફેંકયા કે રિંગમાસ્તરના કપડાંને અડી અડીને, અને કયાંક તો કપડાંમાં થઇને પણ, છરા સોંસરા નીકળી ચામડી સાથે છરકીને લાકડામાં ખૂંપી ગયા! સરકસના મશ્કરાને જાતે એ છરા કાઢવા પડયા;—રિંગ માસ્તરના પોતાના હાથે કાઢવા જેટલી પણ જગ્યા એણે રહેવા દીધી નહોતી! ત્યારથી એ દ-વિલેનું નામ મશહૂર થઇ ગયું. એની બીકે માણસો એની પત્ની સાથે પણ અસભ્ય ન દેખાવા પૂરતી જ વાત કરતા. જોકે એ બાઇ પણ હતી તો પહોંચેલી બુટ્ટી. પણ બધા દ-વિલેથી ડરતા, એટલે એની પત્ની સાથે છૂટ લેતાં અચકાતા.

'પણ એક વૉલેસ નામનો માણસ કોઇથી ડરતો નહિ. એ પણ સિંહનો ખેલાડી હતો ને એનું કામ પણ સિંહના મોંમાં માથું નાખવાનું હતું. ભલભલા સિંહના મોંમાં માથું નાખતાં પણ તે પાછો હઠે તેવો નહોતો. છતાં એ કામ માટે તે પસંદ તો કરતો ઑગસ્ટસને જ. ઑગસ્ટસ મોટો, સ્વભાવે સારો ને ભરોસાપાત્ર સિંહ હતો.

'હું તમને કહેતો હતો તેમ આ વૉલેસ—વૉલેસ રાજા, અમે એને કહેતા—જીવંત કે મૃત કોઈથી ડરતો નહિ. ને ખરેખર રાજા જ હતો, એમાં કાંઈ શક નહોતો. દારૂ પીને મસ્ત થયો હોય ને કોઇ શરત લગાવનાર હોય તો વીફરેલા સિંહના પાંજરામાં જઇને સોટીની પણ મદદ વિના તેને કેડ઼ાજે લાવી દેતો મેં એને સગી આંખે જોયો

હતો : નાક ઉપર મુક્કા મારીમારીને જ એ પોતાનું કામ કરી લેતો !

'એક વાર વિલેની પત્નીએ...' એવામાં અમારી પાછળ કાંઈક ગરબડ થતાં ચિત્તાના આ ખેલાડીએ પાછળ ફરી જોયું. ત્યાં એક મોટું પાંજરું હતું. જેમાં વચ્ચે પાટિયાં નાખીને બે ભાગ પાડ્યા હતા. તેમાં એક બાજુના વાંદરાભાઈએ અટકચાળું કરીને પાટિયાની તિરાડમાંથી પોતાનો પંજો બીજી બાજુ લંબાવ્યો હતો. જે બીજી બાજુની લોંકડીએ પકડી લઈને જોરથી ખેંચવા માંડ્યો હતો ! જાણે રબર ખેંચાય એમ વાંદરાનો હાથ ખેંચાતો હતો. ને કમનસીબ વાંદરો તથા તેના સાથીદારો રીડિયારીડ કરતા હતા. કોઈ રખેવાળ હાજર નહોતો, એટલે આ ચિત્તાના ખેલાડીએ બે ડગલાં આગળ વધીને પોતાના હાથમાંની નેતર લોંકડીના નાક પર એવી તો ચમકાવી દીધી કે લોંકડીએ ઝપ દઈને વાંદરાનો હાથ છોડી દીધો! પછી સહેજ દિલગીરીભર્યા માફી માગતા હાસ્ય સાથે પાછા ફરીને, જાણે કે વચ્ચે કાંઈ જ બન્યું નથી એમ, વાક્ય જ્યાંથી અધૂરું મૂક્યું હતું, ત્યાંથી જ બોલવાનું શરૂ કર્યું:

'...વૉલેસ સામે જોયું; ને વૉલેસે તેની સાથે આંખ મિલાવી. એ નજરે પડતાં જ દ-વિલેનું મોં કાળું પડી ગયું. અમે વૉલેસને બહુ યે ચેતવ્યો, પણ એને અમારી ચેતવણીની કાંઈ જ અસર થઈ નહિ. તેણે અમને હસી કાઢ્યા, એટલું જ નહિ પણ બેત્રણ દિવસ બાદ એકવાર દ-વિલે તેની સાથે લડવા આવ્યો ત્યારે એનું માથું પકડીને ગુંદરિયાના તબકમાં બોળી દઈને એના ઉપર ખૂબ જોરથી તિરસ્કારભર્યું હસ્યો. દ-વિલેના હાલ બહુ જ ખરાબ થઈ ગયા. મેં જ એના શરીર પરથી ગુંદરનો રગડો લૂછવામાં મદદ કરી. પણ નવાઈની વાત એ હતી કે એ માટે ધમકી રૂપે પણ એ કાંઈ બોલ્યો નહિ. જોકે એની આંખોમાં મેં ખુન્નસની એક એવી ચમક જોઈ જે ઘણીવાર જંગલી પ્રાણીઓની આંખોમાં દેખાય છે. એટલે મેં વૉલેસને ફરી એક છેલ્લી ચેતવણી પણ આપી. તેણે તે હસી કાઢી. જોકે ત્યાર પછી દ-વિલેની વહુ તરફ તે બહુ ધ્યાન આપતો બંધ થઈ ગયો.

'મહિનાઓ વીતી ગયા. કાંઈ જ બન્યું નહિ. હું પણ એ બનાવને નકામી ચિંતા માની ભૂલી ગયો. દરમ્યાનમાં અમે પશ્ચિમના પ્રાંતો તરફ આગળ વધ્યા હતા ને સાન્ફ્રાન્સિસ્કોમાં ખેલ કરતા હતા.

'ત્યાંના બપોરના એક ખેલની આ વાત છે. સરકસનો તંબૂ બૈરાંઓ તથા છોકરાંઓથી ચિકાર ભરાઈ ગયો હતો. હું રેડ ડૅની નામના એક કૅન્વાસમૅનની શોધમાં હતો. કારણ એની પાસે મારું ચપ્પુ રહી ગયું હતું

'ખેલાડીઓના કપડાં બદલવાના એક તંબૂ પાસેથી પસાર થતાં તંબૂના એક બાકોરામાંથી મેં અંદર નજર કરી : રેડ ડૅની ત્યાં હતો કે નહિ તે જોવા. રેડ ડૅની તો ત્યાં નહોતો, પણ મારી નજરે વૉલેસ ચડ્યો. ટાઈટ કપડાંમાં, પોતાના ખેલની રાહ જોતો તે બેઠો હતો. દોરડા પર ચાલવાનું કામ કરતા બેચાર માણસોના કશાક ઝગડામાં કુતૂહલભર્યું તેનું ધ્યાન રોકાએલું હતું. તંબૂમાંના બધા માણસોનું ધ્યાન એ ઝગડામાં જ હતું.—ફક્ત એક જણ સિવાય. તે એક જણ હતો દ-વિલે. તે વૉલેસ તરફ ખુલ્લા ધિક્કારથી જોતો હતો. વૉલેસ અને બીજા પેલો ઝગડો જોવામાં એટલા તો મશગુલ હતા કે દ-વિલે તરફ કોઈનું ધ્યાન નહોતું. પણ તંબૂના બાકોરામાંથી મેં જોયું.

'દ-વિલેએ ખિસામાંથી પોતાનો રૂમાલ કાઢ્યો, અને પોતાના મોં પરથી પરસેવો લૂછવાનો દેખાવ કર્યો. તે દિવસે, અલબત્ત, તાપ તો હતો જ.—ને એ જ વખતે વૉલેસની પાછળ થઈને તે પસાર થયો. જરાપણ અટક્યા વગર રૂમાલ ફરફરાવતો તે દરવાજા સુધી ગયો. દરવાજામાંથી બહાર જતાં સહેજ પાછા ફરી તેણે વૉલેસને ફરી એક વાર જોઈ લીધો. એની એ નજર મને વિચિત્ર લાગી. એમાં ધિક્કાર હતો એટલું જ નહિ, જીતની પણ ચમક હતી.

'આ દ-વિલે ઉપર ધ્યાન રાખવું પડશે'' હું મનોમન બોલ્યો. પણ જ્યારે એને સરકસના મેદાનમાંથી બહાર નીકળી ગામમાં જતી ટ્રામમાં બેસતો મેં જોયો ત્યારે મારા જીવને જરા શાંતિ થઈ.

થોડી જ મિનિટ બાદ મેં, સરકસના ખેલ ચાલતા હતા તે મોટા તંબૂમાં રેડ ડૅનીને જોયો, એટલે હું ત્યાં ગયો. એ જ વખતે વૉલેસ પોતાનો પેલો જાણીતો ખેલ કરતો હતો અને પ્રેક્ષકવર્ગ ચકિત થઈ તે જોઈ રહ્યો હતો. તે દિવસે તે કાંઈક ખરાબ મિજાજમાં લાગ્યો, કારણ કે બધા જ સિંહ ધૂરકવા લાગ્યા ત્યાંસુધી તેણે એ બધાને કનડ્યા.

'આખરે તેણે પોતાનો ચાબુક ફટકાવી ઑગસ્ટસને ઘૂંટણભર બેસાડ્યો. ઑગસ્ટસે પોતાનું મોં ઉઘાડ્યું ને વૉલેસે પોતાનું માથું એ ઉઘાડા મોંમાં નાખ્યું. ત્યાં તો સિંહનાં જડબાં કરડ...કરડ... બોલ્યાં,—આમ...'


'કહીને પોતાનાં જડબાંની કડેડાટી બોલાવી ચિત્તાનો એ ખેલાડી ભયંકર રીતે હસ્યો, ને વળી પાછી પેલી સ્વપ્નદ્રષ્ટાની દૂર તાકતી નજર તેની આંખમાં આવી ગઈ.

'વૉલેસ રાજાનો એમ અંત આવ્યો.' પોતાના અસલ દિલગીરીભર્યા અને ધીમા અવાજ પર આવી જતાં તેણે કહ્યું. 'બધી ગરબડ શમી જતાં મેં તક લઈને વૉલેસનું માથું સૂંઘી જોયું, ને મને છીંક આવી.

'એટલે...?' મેં આતુરતાથી પૂછ્યું.

'છીંકણી !' તેણે કહ્યું. 'છીંકણી—કે જે દ-વિલેએ કપડાં બદલવાના તંબૂમાં રૂમાલ ફરફરાવતાં વૉલેસના માથામાં છાંટી દીધી હતી. બિચારા ઑગસ્ટસનો એમાં કાંઈ જ વાંક નહોતો. તેને તો ફક્ત છીંક જ આવી હતી !'

એટલું કહીને તે ચૂપ થઈ ગયો.



પાચનતંત્ર

ખબર છે ?

- મોઢામાંથી શરૂ થઇ ગુદા આગળ સમાપ્ત થતા આપણા સમગ્ર અન્નનળની લંબાઈ ત્રીસ ફૂટની હોય છે.
- વ્હાલ કે હેત દર્શાવતા ચુંબનનો આનંદ હોઠ વડે જ શાથી લેવાય છે ?
- જૂના વખતમાં ગુનો પકડી પાડવા માટે શંકાશીલ ગુનેગારોને સૂકા કે કોરા અનાજનો બૂકડો ચવડાવવામાં આવતો તે શાથી ?
- કેટલાકના હોઠમાં ચીરા હોય છે, કેટલાક હોઠ ચાવ્યા કરે છે, કેટલાક તેના પર જીભ ફેરવ્યા કરે છે; કેટલાકના હોઠ જાંબુડા રંગના હોય છે, કેટલાકના કાળા હોય છે, તો કેટલાકના દાઝેલા જેવા સફેદ હોય છે,—તે શાથી ?

કાયાની કરામત : હપતો સાતમો

મોં અને હોઠ

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરરચનાનું જ્ઞાન થતાં આપણે જાણીશું કે સુંવાળી ચામડી નીચે ઢંકાએલા દેહના આ માળખામાં કેટલાં યે હાડકાં, અનેકાનેક માંસપેશીઓ, સંખ્યાબંધ જ્ઞાનતંતુઓ અને બહુસંખ્ય નાડીઓ તથા ઘન અને પ્રવાહી પદાર્થો આવેલાં છે. આ બધાં જીવંત કોષોનાં બનેલા છે. જગતનાં પ્રાણીમાત્રનાં શરીર અને વનસ્પતિઓ જીવંત કોષોનાં જ બનેલાં હોય છે.

એ કોષોની અનેકવિધ, અગમ્ય, અટપટી પણ સમતાલ ક્રિયા નિરન્તર ચાલ્યા જ કરે છે. આપણે ગમે તે અવસ્થામાં હોઇએ, પણ ઇચ્છા વગર કે જાણ-દેખરેખ બહાર, દરેક કોષ પોતાનું નિયત કાર્ય કર્યે જ જાય છે. આના પ્રતાપે જ આપણું જીવનકાર્ય યથાસ્થિત થયા કરે છે; માંસપેશીઓની પ્રક્રિયાઓથી થતી હીલચાલ અને વ્યાયામ, શારીરિક ક્રિયાઓ, ચિત્તવ્યાપાર, પુનરુત્પાદન તથા જીવનની સર્વ ક્રિયાઓ થાય છે; દેહનો નિત્ય-વ્યાપાર ચાલ્યા કરે છે.

ખોરાકનાં ત્રણ કામ

આ બધી ક્રિયાઓ ચલાવવાને માટે ખોરાક જરૂરી છે. આપણા ખોરાકનો મોટો ભાગ તો 'બળતણ' તરીકે વપરાય છે. એ ધીરા દહનથી શરીરમાં ક્રિયાશક્તિ ઉત્પન્ન થાય છે, ને તેના આધારે જીવનક્રિયાઓ થાય છે.

આહારનો બાકીનો ભાગ નવા કોષો અને કોષસમૂહો બનાવવામાં વપરાય છે. કામ કરતાંકરતાં ઘસાતા કોષોને કે તૂટેલા તંતુઓને સમારવાનું કે પુનર્જીવન આપી ફરી કાર્યક્ષમ બનાવવાનું કામ એ કોષ-સમૂહોનું છે. આમ, ખોરાકથી જીર્ણ કોષોનું સમારકામ થાય છે અને નવા કોષો રચાય છે.

આ ઉપરાંત ખોરાકનું ત્રીજું એક અનન્ય કામ તો છે શરીરનો વિકાસ સાધવાનું. બાળકોની વૃદ્ધિ—ઊંચાઈ વજન આહારથી જ વધે છે. ટૂંકામાં આહાર એટલે પોષણ, અને પોષણ એટલે જીવન.

પણ આપણે ખોરાક જે 'રૂપ'માં લઇએ છીએ તે જ રૂપમાં એ કોષોના ઉપયોગમાં નથી આવતો; પણ તેનો પરિપાક (વિપાક) થવો જોઇએ છે. ખોરાક શરીરમાં ગયા બાદ તેના ઉપર પાચનક્રિયા થવાથી તેનું છેવટનું જે રૂપ બને છે તે 'પરિપાક' કહેવાય છે. એ પરિપાકમાંથી જ લોહી, માંસ, ચરબી, મજ્જા, ધાતુ, હાડકાં વગેરે બંધાય છે. એ પાચન-ક્રિયામાં શરીરનાં કોઇ ખાસ બળો કાર્ય નથી કરતાં, પણ ખોરાકના વિવિધ પદાર્થોને સુપાચ્ય પદાર્થોમાં રૂપાંતર કરનારી રાસાયણિક ક્રિયાઓ જ ગાત્ર ત્યાં થાય છે.

અન્નનળ

એ ક્રિયા પાચનના અવયવોમાં થાય છે. આ અવયવો શરીરના 'અન્નનળ' નામના વિભાગમાં સમાએલા છે. એ 'અન્ન-નળ' મોઢાથી શરૂ થઇ, અન્નનળીમાં ગોળાકાર બની, વચમાં હોજરી આગળ વિસ્તૃત આકાર પામી, પછી લાંબાં આંતરડાં રૂપે આગળ વધી ગુદા આગળ સમાપ્ત થાય છે. પુખ્ત વયના માણસના અન્નનળની લંબાઈ એક છેડાથી બીજા છેડા સુધીમાં ત્રીસ ફૂટની હોય છે.

શરીરની અન્ય ક્રિયાઓ જેટલી જ આ પાચનક્રિયા પણ અદ્ભુત અને અજબ છે. તે બે કાર્ય ઉપાડે છે: એક તો ખોરાકના મોટા અણુઓને 'ભાંગીને' સૂક્ષ્મ લોહીના રૂપમાં બનાવવાનું. આપણા શરીરમાં કોઇ પણ પદાર્થ પ્રવાહી રૂપમાં આવ્યા પછી જ કાર્યક્ષમ નીવડે છે. એ સિદ્ધાંત અનુસાર પહેલાં તો ખોરાકના ઘટકોનું પ્રવાહીમાં એવું તો રૂપાંતર થાય છે કે જે શરીરમાં ફાવે ત્યાં વહી શકે છે અને છેક કોષોના દીવાલોમાં પ્રવેશી શકે છે.

બીજું કાર્ય ખોરાકના અણુઓને માનવ-અણુઓના રૂપમાં બદલવાનું છે. ખોરાકના અણુઓ દૂધ, ઘઉં, માંસ આદિ ભિન્નભિન્ન પ્રકારના હોય છે. આપણા શરીરના કોષ માનવ-પ્રોટીન અણુઓના બનેલા છે. એટલે તેના ઘસારાને સમારવા તો માનવ-પ્રોટીન અણુઓ જ જોઇએ, અન્ય પ્રકારના ઉપયોગમાં ના આવે. આથી, ખોરાક આપણા દેહમાં ગયા પછી એ ખાદ્ય પદાર્થોના અણુઓ પહેલાં તો

'ભાંગીને' મૂળ રૂપ બને છે ને પછી તેમાંથી માનવ-પ્રોટીન, માનવ-ચરબી અને માનવ-સ્ટાર્ચના અણુઓ બંધાય છે. સ્ટાર્ચનું રૂપાંતર હળવી જાતની ખાંડમાં થાય છે. તેલ-ચરબીનું રૂપાંતર સાબુમાં ને પ્રોટીનનું એમાઈનો ઍસિડોમાં રૂપાંતર થાય છે. આ બધું આપણા પાચનતંત્રની રાસાયણિક ક્રિયાઓ દ્વારા જ બને છે: કોઈ પણ જાતના ખળભળાટ વગર, આપણી જાણ કે ઈચ્છા વગર! દેહમાં એ રાસાયણિક પ્રયોગશાળાની કેવી અજબ કરામત છે!

ગ્રંથીઓ

ખોરાકના અણુઓનું એ 'ભાંગ-કામ'(વિભાજન) અન્નનળમાં ઠેર ઠેર જથ્થાબંધ ગોઠવાએલી ગ્રંથીઓના સ્રાવ દ્વારા થાય છે. એ પાચન-ગ્રંથીઓ જાતજાતના રસાયણ-રસો પેદા કરે છે. લોહી-કણો પેદા કરતી લસી-ગ્રંથીઓ વિષે આપણે જાણી ગયા એવી જ આ વળી રસાયણો ઉત્પન્ન કરતી 'પાચન-ગ્રંથીઓ' હોય છે. શરીરમાં આવેલી આ બધી ગ્રંથીઓ મૂળ તો રચનામાં એક સરખી જ હોય છે, પણ તેમાંથી પેદા થતાં 'રસ' જુદાજુદા પ્રકારના હોય છે. એ ગ્રંથીઓ શરીરમાં જુદાજુદા સ્થાને આવેલી હોય છે અને શરીરમાંનાં તેમના એ સ્થાન પ્રમાણે એ ગ્રંથીઓ ચાર વર્ગની હોય છે:

(૧) ત્વચા-ગ્રંથીઓ: જેવી કે આંસુ ઉત્પન્ન કરનારી; પરસેવો કાઢનારી, મેદસ્રાવી ને ધાવણનું દૂધ પેદા કરનારી ગ્રંથીઓ. આ ગ્રંથીઓનો સ્રાવ ચામડી ઉપર થાય છે.

(૨) પાચન-ગ્રંથીઓ: તે મોંની લાળ, હોજરી અને આંતરડાંમાં જરૂરી પાચનરસો વગેરે બનાવે છે. તેનો સ્રાવ મોં, જીભ, હોજરી, આંતરડાં, યકૃત અને અગ્ન્યાશયમાં થાય છે.

(૩) બહિર્સ્રાવી ગ્રંથીઓ (Exeretory glands): જે લોહી ને બહારની દુનિયા વચ્ચેના ઘસાતાં દ્રવ્યોના વિનિમયનું નિયમન કરે છે. દા. ત. ગુરદાઓ અને પ્રસ્વેદ-ગ્રંથીઓ.

(૪) અંતઃસ્રાવી અગર તો જીવનરસ ઉત્પન્ન કરતી ગ્રંથીઓ (Endocreni glands) જેવી કે થાઇરૉઇડ, પીચ્યુટરી વગેરે.

આમાંની બીજા નંબરની પાચન-ગ્રંથીઓના કાર્ય વિષે જાણતાં અગાઉ આપણે તેમની રચના જાણવી જોઈએ. એ પૈકી 'લાળ-પિંડો'નું વર્ણન બધી જ ગ્રંથીઓને સરખી રીતે લાગુ પડે છે. ગ્રંથી એ વિશિષ્ટ પ્રકારના કોષોની બનેલી એક કોથળી હોય છે કે જેમાંથી આથો લાવનારું આથવણ કે કોત્સેચક (Ferment or Enzyme) સ્રાવ થાય છે. એ સ્રાવ પછી નાની નલિકાઓ દ્વારા પાચન અવયવોમાં પડે છે.

આથવણ કે પાચક રસ

રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ આપણા ખોરાકના મુખ્ય ત્રણ ઘટકો છે. પ્રોટીન, સ્ટાર્ચ અને તેલચરબી. લોટ, બટાટા અને કઠોળમાં સ્ટાર્ચ હોય છે. આ સ્ટાર્ચ વનસ્પતિ-સ્ટાર્ચ છે. તે આપણા શરીરમાં ગયા બાદ તેના ઉપર આથવવાની ક્રિયાઓ થવાથી તેનું હળવી જાતની ખાંડમાં રૂપાંતર થાય છે અને તે ગ્લાઇકોજન-સ્ટાર્ચ રૂપે લિવર અને માંસપેશીઓમાં જમા થાય છે. ગ્લાઈકોજનનું રાસાયણિક બંધારણ વનસ્પતિ-સ્ટાર્ચ કરતાં જુદું છે. વનસ્પતિ-સ્ટાર્ચનું જરા મજબૂત અને કંઈક અંશે ઊંચું છે, એટલે તેને 'ગ્લાઇકોજન'ના રૂપમાં લાવવા માટે ખોરાકમાંના વનસ્પતિ-સ્ટાર્ચના અણુઓને ભાંગીને તેનું હળવી ખાંડમાં રૂપાંતર કરવું પડે છે. આ રૂપાંતર કરનાર 'આથવણ' છે. એ આથવણ આપણા ખોરાકના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અણુને પણ ભાંગી નાખીને તેનું રૂપાંતર કરે છે. ખૂબીની વાત તો એ છે કે ભૌતિક રીતે જે અણુ અવિભાજ્ય ગણાય છે તેનું આ આથવણ વડે રાસાયનિક રીતે વિભાજન અહીં સરળતાથી થાય છે. એ આથવણ એક રાસાયણિક પદાર્થ છે. તેનાથી સ્ટાર્ચના અણુઓ તૂટે છે, તેના અંશો જુદા પડે છે અને તેનું ક્રમશઃ ડેક્ટ્રીસન, માલ્ટ સુગર, ગ્રેપ-સુગર વગેરે હળવી જાતની ખાંડમાં રૂપાંતર થાય છે.

જેમ મોટી તિજોરીને ખોલવા માટેની કૂંચી તો નાનકડી જ હોય છે, તેમ વિપુલ પ્રમાણમાં ખોરાકમાં જતા મિશ્ર પદાર્થોને તોડવા માટે જરા જેટલું આથવણ પૂરતું છે. કૂંચી જેમ વર્ષો પર્યંત ઘસાયા વિના કામ આપ્યા જ કરે છે, તેમ આથવણો પણ ખોરાકને તોડયા-ભાંગ્યા બાદ, પાછા બરાબર પૂર્વવત્ પ્રમાણ જેટલા જ રહે છે. નાનકડી ચાવી વતી ઘડીઆળને રોજને રોજ, સતત વર્ષો સુધી ચાવી આપી શકાય એવી આ બીના છે.

આથવણો ખોરાકના કણ છૂટા પાડે છે એટલું જ નહિ પણ તેમને વળી એકત્ર કરી માનવ-કણોમાં રૂપાન્તરિત કરવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. શરીર માટે આ આથવણની એટલી બધી જરૂર છે કે શરીરવિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે આપણું જીવન એ આથવણોની જ ક્રિયાઓની એક પરંપરા છે!

મોં

પાચનતંત્રની શરૂઆત મોંથી થાય છે. અહીં ખોરાક પાંચ ક્રિયાઓમાંથી પસાર થાય છે:

(૧) પહેલાં તો ત્રણ જ્ઞાનેન્દ્રિયો—આંખ, નાક ને જીભ—દ્વારા ખોરાકની પરીક્ષા થાય છે. આઘેથી ખોરાક નીરખી લઈને આંખ તે ખાવા લાયક છે કે નહિ તેની ખાત્રી કરે છે. પછી તે વાસી છે કે સ્વચ્છ તેની જાણ નાક કરે છે. જીભ તેનો સ્વાદ પારખે છે. વળી આ દર્શન, સુગંધ અને સ્વાદની ક્રિયાઓથી મોંમાં પાણી પણ છૂટે છે. એ પાણી એટલે પાચક-રસો.


(૨) બીજી ક્રિયા દાંત કરે છે. તે ખોરાકને કાપે છે, કકડા કરે છે, પીસે છે અને ચૂર્ણ-વિચૂર્ણ કરી નાખે છે.


(૩) ત્રીજી ક્રિયા થૂંક કરે છે. થૂંક રસથી ખોરાક પર રાસાયણિક ક્રિયા શરૂ થાય છે. સ્ટાર્ચનું મોટા ભાગનું પચન મોંમાં જ થાય છે.

(૪) ચોથી ક્રિયા જીભ કોળિયો વાળવાની કરે છે; અને

(૫) પાંચમી ક્રિયા અન્નનળી (Oesophagus)ની માંસપેશીઓ દ્વારા કોળિયો ગળે ઊતરે છે, તે છે.

મોઢાની રચનામાં મુખ્ય ક્રિયા કરનારાં બે જડબાં છે. ઉપલું જડબું ખોપરીના હાડકા સાથે જડાએલું છે, જ્યારે નીચલું જડબું બોલતી અને ખાતી વખતે હાલવા માટે છૂટું રહેલું છે. એ નીચલા





જડબાના હલનચલન માટે-ખાસ કરીને ખોરાકને કાપવા અને ચાવવામાં તેને ઉપયોગી નીવડે એ માટે મોટી અને બલિષ્ઠ માંસ-પેશીઓ બંને જડબાં ઉપર આવેલી છે. અને એ માંસપેશીઓ પર, —આપણી ચામડીની નીચેના ભાગમાં,-આપણે ઉપર જાણી ગયા તે રાસાયણિક પ્રયોગશાળાઓ જેવી પાચન-ગ્રંથીઓ આવેલી છે.

આપણા મોઢાની બખોલના તળ-નીચેના ભાગમાં માંસપેશી-ઓ ને ઉપરના ભાગમાં કઠણ તાળવું આવેલાં છે. એ બંને બાજુઓ બલિષ્ઠ પણ મુલાયમ માંસપેશીઓની દીવાલોથી બંધ થએલી છે. તળ ઉપર જીભ આવેલી છે. જડબાંમાં દાંતોની હાર ગોઠવાએલી છે. પાછલા ભાગમાં માંસપેશીના પાતળા પડદાનું બનેલું પોચું તાળવું લટકતું આવેલું છે, કે જે વચ્ચેથી લંબાઇને પૂછડી જેવું બની લટકે છે એનું નામ પડજીભી કે લોલા (Uvula). આપણા શરીર-માં હજી આનું કાર્ય પૂરું સમજાયું નથી પણ જ્યારે તે લંબાઈમાં વધે છે ત્યારે સૂતી વખતે ગળામાં અડકવાથી ઉધરસનો ઉપદ્રવ થાય છે.

પોચા તાળવાની પછવાડે ગળું આવેલું છે. તે ઉપરથી નાક સાથે અને નીચેથી અન્નનળી સાથે સળંગ છે. અન્નનળીની જોડાજોડ જ કંઠનળીનું દ્વાર છે. આ દ્વારની આગલી ધાર ઉપર પાન આકાર-ની પાતળી ગળજીભી આવેલી છે તે જીભના પાછલા ભાગ ઉપર ગોઠવાઇને પડી રહેલી હોય એવી રીતે આવેલી છે.

મુખ દ્વાર જેવા બે હોઠ, વ્યક્તિના મોંના સૌંદર્યદર્શક અને પ્રતિભા વધારનાર છે. બોલવાની અને ખાવાપીવાની ક્રિયાઓ સિવાય હોઠ બીડેલા રહે છે. હા, નાકેથી શ્વાસ નહિ લેનારનું મોં ખુલ્લું રહે છે ખરું, પણ આ રીત અનારોગ્ય આણનાર છે.

હોઠમાં પુષ્કળ જ્ઞાનતંતુઓ આવેલા છે. આથી એના દ્વારા આપણને સ્પર્શનીય જ્ઞાન બહુ ઝડપથી થાય છે. આ જ કારણથી વ્હાલ અને પ્રેમ દર્શાવતા ચુંબનનો અવર્ણનીય આનંદ અને સુખ માણવાનું સાધન હોઠ છે. વળી તે તીવ્ર ચેતનાવાળા હોવાથી મોંમાં પ્રવેશતા પદાર્થોના રક્ષક પણ છે. કાંકરી, કચરા કે વાળવાળા, ખૂંચે એવા પદાર્થો તથા અખાદ્ય ચીજો હોઠને અડકતાંવેંત જ તેનો ખ્યાલ આવે છે. આથી હોઠ તરત બિડાઇ જાય છે, અગર તો આપણને તે થૂંકી નાંખવા પ્રેરે છે. દહેમાં પેસતા બગાડને અટકાવતી આ ચોકી છે.

હોઠ ઉપર અતિ બારીક અને નાજુક ચામડીનું આવરણ છે. તે અંદરના ભાગમાં જતાં આંતરત્વચામાં પલટાઇ જાય છે. શરીરના જે જે ભાગોમાં આંતરત્વચાનું અસ્તર છે ત્યાં બધે સુંવાળું પણ જાડું શ્લેષ્મ (Mucus) અહોનિશ ઝમ્યા કરે છે. નાકની આંતર-ત્વચાના આવા શ્લેષ્મ—લીંટ વિષે આપણે અગાઉ જાણી ગયા. શરદી-સળેખમ વખતે તેનો સ્રાવ વધી પડવાથી આપણે ત્રાસ અનુભવીએ છીએ પણ એ બધાં શ્લેષ્મ શરીર માટે અત્યંત ઉપયોગી દ્રવ્ય છે. એમનું કાર્ય ધૂળ અને જીવાણુઓને ઝડપી લેવાનું. વળી તે જીવાણુઓ માટે થોડા અંશે ઝેરરૂપ પણ છે, એટલેકે તેનામાં જંતુને નાશ કરનારો ગુણ પણ છે.

મોઢાના શ્લેષ્મથી વળી હોઠનો અંદરનો ભાગ અને અવાળુ 'સુંવાળાં' રહે છે, જેથી તે એકબીજા સાથે ચોંટી જતાં નથી પણ તેમની હાલચાલ સરળતાથી થાય છે. ગાડું કે સાઈકલ સરળતાથી દોડે તેને માટે તેનાં પૈડાંમાં તેલ ઊંજવા જેવી આ બીના છે. આ ઉપરાંત કોળિયા ઉપર પણ શ્લેષ્મનું પડ વળે છે. આથી કોળિયો સુંવાળો બનીને સરળતાથી અને સહેલાઇથી ગળે ઊતરે છે.

આ શ્લેષ્મનો સ્રાવ જ્ઞાનતંતુઓના અંકુશ હેઠળ છે. ભય અને ચિંતા વખતે તેમાં ઘટાડો થાય છે. આથી મોઢું સુકાય છે ને કોળિયો ઊતરતાં મુશ્કેલી પડે છે. આ હકીકતનો ઉપયોગ પહેલાં આપણે ત્યાં ગુના શોધવાના કાર્યમાં થતો હતો. શંકાશીલ ગુનેગારોને ચોખા કે સૂકા અનાજનો બૂકડો ભરાવવામાં આવતો. ગુનેગારનું મન ભયભીત અને ચિંતાગ્રસ્ત તો હોય જ, એટલે તેની અસરથી મોંમાં શ્લેષ્મનો સ્રાવ ઓછો થવાથી ધાનનો બૂકડો મોંમાં પલળ્યા વીનાનો સૂકો જ રહે ને ગળે ઉતારવામાં મુશ્કેલી પડે. આ અવલોકનને પરિણામે ગુનેગાર તરત જ પકડાઈ જતો.

પૂર્ણ તંદુરસ્તીમાં હોઠનો રંગ પરવાળા જેવો હોય છે. આપણાં કાવ્યમાં વર્ણવેલા સૌંદર્ય-દર્શક હોઠ (पक्वबिम्बाधरोष्ठा) પાકાં ટીંડોળાં કે ઘીલોડાંના જેવા રંગવાળા હોય. દેહની બગડેલી સ્થિતિ હોઠ તરત દર્શાવે છે. ઍનીમિયામાં હોઠ ફિક્કા હોય છે અને હૃદયના વ્યાધિમાં ભુરાશપડતા હોય છે. એમાં જો તારા જેવા દેખાવ રજૂ કરતા ચીરાઓ અને ફોડકીઓ હોય તો સિફિલિસ (પરમા)ની જાહેરાત કરતા છે; જ્યારે તેમાં ખૂણા ઉપરના ચીરા વિટામીન-બીની ન્યૂનતાના દર્શક છે. બંધકોષ કે આંતરડાના અજીર્ણ વખતે હોઠનો રંગ જાંબુડા રંગનો આસમાની થાય છે. તાવમાં અને હોજરીની પીડા વખતે હોઠ સુકાય છે. પોચા મનવાળી વ્યક્તિઓ હોઠને વારંવાર દાંત વતી કરડયા કરે છે કે તેના ઉપર જીભ ફેરવ્યા કરે છે. બીડી પીનારના હોઠ કાળા દેખાય છે, જ્યારે દારૂ પીનારના હોઠ આખું દાઝી ગયા હોય તેવો સફેદ રંગ ધારણ કરે છે. (ચાલુ)

. .

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા



કયો પુરુષ સ્ત્રી વગર જીવન જીવી શક્યો છે?—સ્ત્રી વગર એટલે કે સ્ત્રીના સંસર્ગ, સત્સંગ, સહકાર, સહચાર, સહયોગ વિના; સ્ત્રીની પ્રેરણા, માયા, મમતા, કાળજી, હેત વિના; એની કૃપા મીઠાશ, ઋજુતા વિના? હશે કોઇ જડસો, બોથડ, અણઘડ, ક્રૂર, મૂજી, પાજી, અપવાદ રૂપ. કોઇ સ્ત્રીએ કોઈ કમનસીબનાં જીવન ઝેર પણ કર્યા હશે: બનવા જોગ છે; પણ એ ઝેરની મીઠાશ પણ કોઇ કાળે માણી જ હશે. કંઈક દાખલાઓમાં તો એ ઝેર પાછળથી અમૃત સમાન પણ નીવડયાં હશે. સ્ત્રીના ચણતરની ખૂબી જ એ છે, કે એના બંધારણનું પૃથક્કરણ કોઈ કરી જ શકે નહિ. મહાશક્તિ રૂપે ગનાતી એ મહામાયા નિરંતરનો એક રસિક કોયડો જ રહેવાનો. યાદ છે, સુરતમાં અંબામાતાને મદિરે દર્શન કરીને ઊતરતાં પગથિયું ચડતી પ્રિયંવદા મળી હતી તે? અને એની સાથે એની માશી હતી એ? ત્યારે હજી મૅટ્રિકમાં બેસવાની અગારી તૈયારી ચાલતી હતી.

આ દાયકામાં આપણે મુખ્યત્વે એ પ્રિયંવદાની વાત, સુમતિની વાત, વિલાસની વાત, અને સાથેસાથે રંગભૂમિની અને સ્વાતંત્ર્યની લડતની વાત કરીશું. એમાં કદાચ આપણે સાલવાર નહિ જઇએ. એકવાતમાંથી બીજીવાતમાં ઊતરી પણ પડીએ, તો રોષે ન ભરાશો.

ગોરો વાન, તરતું કપાળ, મોને દીપાવે એવો ચાંલ્લો ને મીઠા કંઠની એ પ્રિયંવદા ભણવામાં હોશિયાર, વાચાળ, હસમુખી ને મળતાવડા સ્વભાવની સૌને સહેજમાં ગમી જતી. એ જે નિશાળમાં ભણતી તે જ નિશાળમાં વિલાસ ભણતી. (વિલાસ—વિલાસિકા ધીરજલાલ કોમેડોર.) એ હતી તો બેત્રણ ચોપડી આગળ, છતાં ચબરાક પ્રિયંવદા એને ઓળખતી, એની સાથે હળતીમળતી. ટાણું આવતાં ટાણો મારી મશ્કરી પણ કરી લેતી. મારી થનાર વહુ વિલાસને પ્રિયંવદા મારફત તે અરસામાં જો મળવા-ઓળખવા પ્રસંગ પડયા હોત, તો જીવન કંઇ જુદો જ વળાંક લેત. પણ કોણ જાણે કેમ, અત્યારે તો એ ઉમરે પણ ઘણાને જે સુલભ ને સહેલું લાગે છે, તે કરવાની હામ કે આવડત ત્યારે બંદામાં નહોતાં; નહિ તો આજે આવા પસ્તાવા કરવાના વળી વખત આવત ખરા?

સુરત છોડયું ત્યારે જે દુ:ખ થયું તેમાં 'પ્રિયંવદાને હવે નહિ મળાય' એ વિચારે પણ અગત્યનો ભાગ ભજવ્યો હતો. એક દાયકામાં સુરતની જે માયા બંધાઈ હતી તે મીઠી હતી, રસીલી હતી, એટલું જ નહિ પણ ઊંડી અને અનોખી હતી. મુંબાઈ પધરામણી તો થઈ, પણ વૅકેશનમાં થોડી રજા તો સુરત ગાળીને પછી જ પોતે માબાપ પાસે ગંગાપુર જતા. એવી એક વૅકેશનમાં સુરત થઇ ગંગાપુર જતાં પ્રિયંવદાને પણ સાથે લઈ ગયો હતો. મુંબાઇથી એનાં માબાપે રજા આપી હતી, એટલે સુરતથી એનાં દાદાદાદીએ પણ હા પાડી અને અમે ગંગાપુર જવા ઊપડયાં. પણ પ્રિયંવદા કહે કે અમદાવાદ થઇને જઈએ, એટલે સવારી સુરતથી અમદાવાદ ઊપડી.

ત્યાં ગોટીની શેરીમાં એની માનાં માબાપ રહે. એની માશી તો હતી જ. રાતને પહોરે ચોકમાં બેસી માશી-ભાણેજ જે હલકથી ગીતો લલકારતાં તેના સૂર તો હજી એટલા જ તાજા છે. પ્રિયંવદા કરતાં પણ માશીનો કંઠ વધારે સૂરીલો. કદાચ માશી ઉંમરમાં ચારપાંચ વર્ષે મોટી તેથી હશે. માશી તે સુમતિ ઠાકોર. જરા શામળી, બાંધી દડીની, ગોળ મોં અને તેજસ્વી આંખોવાળી, અતિશય બુદ્ધિશાળી. એકલી પણ ગાતી ત્યારે બધાંને દંગ કરી દેતી. અને ગાતી ત્યારે મોટે ભાગે નાનાલાલ જ. નાનાલાલનો મને પહેલો પરિચય જ આ: 'ચન્દ્રીએ અમૃત મોકલ્યા રે બહેન!' 'ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ.' 'એક જ્વાલ જલે તુજ નેનમાં.' નાનાલાલ ઉપરાંત કેશવ શેઠની બે લીટી હજી પણ સંસ્મરણોને ઘુમરાવે ચડાવે છે:

> નિર્જન વનવગડે અલી વાદળી! જળ શાં ઢોળવાં અમથાં?
> એવાં હૈયાસૂનાં સમીપ હૃદય શીદ ખોલવાં અગથાં?

ગોટીની શેરીમાંના એ ઠાકોરલાલ પ્રમોદરાય ઠાકોરના ઘરમાં ભોંયતળિયે હીંચકા પરથી ઝૂલતાં જ મેં પહેલી વાર મહા વિદ્વાન કેશવ હર્ષદ ધ્રુવને જોયા. એમનું કંઈ પણ લખાણ તો શાનું વાંચ્યું હોય? પણ નામ સાંભળેલું. એટલે જોઇને મનમાં આનંદ થયો હતો. મળાય તો કેમ જ? અને શાને માટે? અમદાવાદથી સુમતિના કંઠે સાંભળેલાં ગીતોના સંસ્મરણો લઈ અમે જયપુરને રસ્તે ગંગાપુર જવા ઊપડયા. ગંગાપુરના જંગલમાં મંગળમૂર્તિ પ્રિયંવદાના આવવાથી સૌકોઇનો આનંદ ઊભરાયો, પણ મારી બાના હરખનો તો પાર જ નહોતો. સાંજે ઑફિસેથી આવી મારા બાપુજી એની સાથે ચર્ચામાં ઊતરી પડે, ને નહિ તો બંને જણ બાગબાની ખેડે. ત્યાંની રેતાળ જમીનમાંથી પણ જે કાંઈ ઊગે તે ઉગાડવા મથામણ કરે.

કલ્પનાસૃષ્ટિને સતત તેજસ્વી બનાવે એવા એ મનોરમ દિવસો! ગાતી, નાના પ્રકારનાં તોફાનો કરતી, છતાં ઠાવકી સંજીવની સમી પ્રિયંવદા ખુલ્લા ચોગાનમાં, નદીકાંઠે, નાનકડા ગિરિશિખરે, યમુનાતટે, તાજના બાગમાં, જ્યાંજ્યાં અમે ફર્યાં ત્યાંત્યાં હજી યે વિવિધ રૂપે અનેક વાતગૂંથણીમાં રમતી ભમતી તરવરે છે.

જિંદગીમાં ઊભરાતા અનેક ઉમળકાઓમાં એક ઊભરો હસ્તલિખિત માસિક કાઢવાનો આવે છે. સાહિત્યનું ક્ષેત્ર ત્યારે અતિ આકર્ષક અને સોહામણું લાગે છે. યેન કેન પ્રકારેણ નામ મેળવવાની વૃત્તિ ત્યારે એટલી સતેજ થઈ જાય છે કે કોઈ પણ રીતે લેખક થવા જીવાની વલખાં મારે છે.

ત્યારના અભ્યાસક્રમમાં ગુજરાતી શીખવવાનું હતું જ નહિ, છતાં ગુજરાતી સાહિત્ય વાંચવા-લખવાની લતમાં સપડાયા. અરવિંદ તન્ના કરીને અમારા વર્ગનો જ એક દોસ્તદાર અમારી બાજુની રૂમમાં રહેતો. એને પણ જરા લખાપટ્ટીની ભુરકી લાગી હતી. એ કવિ નાનાલાલને ઓળખે. એક દિવસ 'કવિ મુંબાઈ આવ્યા છે: મળવું હોય તો ચાલ ઊપડીએ' એવું એણે કહેતાંક ને મારી કલ્પના સળકી. પેલાં અદ્‌ભુત કાવ્યોના લેખક નાનાલાલ કવિ! તરત જ 'ઇન્દુકુમાર' અને 'જયાજયન્ત' ઉથલાવી નાખ્યાં. એક હસ્તલિખિત ચોપાનિયું કાઢવાનું બહાનું ઊભું કર્યું, અને કોઈ અનેરા ઉમંગથી

હોસ્ટેલમાંથી મ્યૂઝિયમની ટ્રામ પકડી અમે બે મનમાં ખાંડ ખાનારા સાહિત્યખેડુઓ જંગે મેદાનમાં ઝૂકી પડ્યા!

'કોને ત્યાં ઊતર્યા છે?'

'ગોપાળજીભાઇ લોહાણાને ત્યાં. એનો દીકરો કમલાકાન્ત મારો દોસ્ત થાય. તું ચાલ તો ખરો; બધું પાર ઉતારીશું.'

તન્નાની છાતી મજબૂત: સ્વભાવે બાંગટ અને રસ્તો કોતરી કાઢવામાં એક્કો. સેન્ડહર્સ્ટ રોડની ટ્રામ જ્યાં ઊભી રહે છે ત્યાં ઊતર્યા, અને દરિયા તરફ જોતાં ડાબે હાથે અસલ જયકરના કહેવાતા બિલ્ડિંગમાં અમે હોંસભેર બીજા માળનો દાદરો ચડવા લાગ્યા.

ખાટલા પર બાદશાહી અદાથી કવિ આરામ લેતા પડ્યા હતા. 'આ જ નાનાલાલ દલપતરામ કવિ!' 'વીસમી સદી' માસિકમાં છબિ તો જોઈ હતી; લેખો પણ વાંચ્યા હતા. સુમતિને મોઢે જેનાં ગીતો સાંભળ્યાં હતાં તે જ આ? ક્યાં એ મુલાયમ શબ્દરચના, અને ક્યાં આ બુલંદ અવાજ, અને મજબૂત પડછંદ કાયા! આપણે તો ડઘાઈ જ ગયા. પણ કવિવર પળમાં સહુ ક્ષોભનો નાશ કરી જાતજાતની વાતે વળગ્યા. તન્નાએ મારી ઓળખાણ કરાવી, ચોપાનિયાની વાત કરી, અને મોકો જોઇ એણે હોસ્ટેલમાં જમવા આવવાનું નિમંત્રણ પણ આપી દીધું. ઉપરાંત, ત્યાંના અમારા મંડળમાં ભાષણ! મંડળ કયું તે તો તન્નો જ જાણે! પણ બધું સીધું ઊતરતા મારા હરખનો તો પાર જ ન મળે. નાનાલાલ અમારા મહેમાન બનીને હોસ્ટલેમાં જમવા આવે?! દિવસ, વાર બધું નક્કી કરીને અમે નમસ્કાર કરી ત્યાંથી નીકળ્યા. રસ્તે તન્નાજીએ આખી યોજના વિચારીને સમજાવી દીધી. તે પ્રમાણે હોસ્ટલમાં જઇને અમે બધા ગુજરાતી કલબોનું ભેગું જમણ નક્કી કર્યું. ગેસ્ટ ઍલાઉડ! કોઇ ગઢ જીતીને આવ્યા હોઈએ એમ અમે બેત્રણ દિવસ તો ખાસ્સા મહાલ્યા. પેલા નાકનું ટીચકું ઊંચું રાખી ફરનારા એલએલ. બી. વાળાઓનાં મોઢાં તો ચલ્લી જેવા થઇ ગયાં હતાં! અમે ચોપાનિયા માટે તાબડતોબ લેખો એકઠા કરવા મંડી પડ્યા. અને એક ગુજરાતી મંડળની સ્થાપના પણ કરી દીધી. આખી હોસ્ટલના ગુજરાતી વિદ્યાર્થીઓમાં તાજગી આવી ગઈ: 'અરવિંદ ને ચન્દ્રવદન સાલા ખરા ગિલિંડરો નીકળ્યા; માળા નાનાલાલને પકડી લાવ્યા!'

ગુજરાતના મહાકવિ હોસ્ટેલમાં પધાર્યા. આવ્યા તેવા સીધા મારા રૂમમાં જ આવ્યા. બેઠા. તન્નાજી તો પાછા ફોટોગ્રાફી પણ જાણે. ૧૯૨૦માં કવિ નાનાલાલની સંગાથનો એ ફોટો હજી ક્યાંક પડ્યો છે. ત્યારે તો એ જાણે કેવો ય લ્હાવો, તે ફોટો જોઇજોઇને ફુલાઇ જતા, અને જે આવે તેને બતાવ્યા કરતા!

કવિવર લહેરમાં હતા. જુવાનિયા-ટોળું ગેલમાં હતું. ત્રણે ગુજરાતી કલબનો સંયુક્ત જમણવાર નીચેના હૉલમાં જામી ગયો હતો. લગભગ બે કલાક સુધી જમણવાર ચાલ્યો. જમતાં જમતાં વચ્ચે કોઈ પાસે ગીત પણ ગવડાવતા. એક ખૂણામાંથી 'ત્રિવેદી ત્રિવેદી'-ની બૂમ પડી. અને એ મૂર્તિને તરત કવિએ ઓળખી કાઢી. મૂળશંકરના દીકરા ચન્દ્રકાન્ત તો ગાય જ ને? આખરે ચન્દ્રકાન્તે ગાયું. કવિ અને ત્રિવેદી બંને અસલ શ્રીમાળના (શ્રીમાળી બ્રાહ્મણ), એટલે સારો રંગ જામ્યો. જમણ પુરું થયું. હવે ભાષણ.

કવિએ શરૂઆતમાં તો એલ્ફિન્સ્ટન કૉલેજના એ હોસ્ટેલમાં પોતે જ્યારે ભણવા-રહેતા ત્યારના, ત્રણ મજલાની એ હોસ્ટેલની આ બાજુથી ફુટબૉલના દડાને ઠોકરે મારી એ મકાન કુદાવી પેલી બાજુ નાખનારા પડછંદ ભડવીરોની વાત કહી અમને વેંતિયા બનાવ્યા. એ વીસના દાયકામાં જ અમે વેંતિયા લાગ્યા, તો આજ પચાસમાં એ જુએ તો શું કહે? એમના જમાનામાં થતાં તોફાનોની ઝાંખી કરાવ્યા પછી કવિએ મૂળ વિષય પર એક ચિરસ્મરણીય ભાષણ કર્યું. એમણે વિષય લીધો હતો 'ટાગોર'. અને આભ ગાજતા બોલ વડે કવિવરે ટાગોરની વિશાળ કલ્પના અને ઝીણામાં ઝીણી શબ્દકોતરણી ઉપર અનેક સુન્દર ઉપમાઓ સાથે રસિક ભાષણ કર્યું. સાધારણરીતે કવિ લખીને વાંચતા, પણ આ તો ત્યાં જ સ્વયંભૂ સ્ફૂરેલું ચલાવ્યું. કમનસીબે એની કોઈએ નોંધ પણ લીધેલી નહિ. મને યાદ નથી કે કવિએ ત્યાર બાદ ટાગોર પર બીજે કશે ભાષણ કર્યું હોય. એનાં થોડાં વાક્યો તો હજી ગુંજી રહ્યાં છે. પણ એવાં બેચાર વાક્યો લખીને કદાચ બંનેને અન્યાય કરી બેસું તો?

જલદ સ્વભાવના ગણાતા કવિ સાથેનો એ પહેલો પ્રસંગ મીઠો ને મમતાભર્યો હતો. એમના વ્યક્તિત્વની ઊંડી છાપ અમારા મન પર પડી. ટાગોરનું આકર્ષણ એમણે વધારી આપ્યું. એક નવા જ પ્રકારની વાક્છટા ત્યારે અમે સાંભળી. 'કવિતાનો આત્મા રસ' એ સમયે અમે શીખ્યા. ગુજરાતી સાહિત્યસૃષ્ટિનો જાણે એક નવો પ્હોર ફાટતો હોય એવું અમને જણાયું. મંગળ પગલે ઉષા તેજસ્વી અંજન આંજતી હોય એવું અમે પ્રમાણ્યું. શબ્દના રસપાનનું નવું લ્હાણ અમે માણ્યું. એ અનુભવ અનેરો હતો. અમારી સમક્ષ કૈંક શબ્દોએ પોતાની રહસ્યમય પાંખો ખોલવા માંડી. કવિતાની પંક્તિઓ અનાયાસ અક્ષરદેહ ધારણ કરી આપોઆપ અલંકાર સજવા તૈયારી કરતી હતી. ઊર્મિઓ રમણે ચડી થનગનવા તત્પર બનતી હતી. એ ઝાકમઝોળ દશામાં કલ્પના જાગ્રત થતી હતી.

એલ્ફિન્સ્ટન કૉલેજની લાયબ્રેરીમાં અમે આમતેમ આંટા મારતા હતા, એવામાં હોસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ અને લાયબ્રેરિયન આથલેએ મને બોલાવી મંગાવ્યો. મારા તો રામ રમી ગયા! જરૂર કંઇક ગોટાળો થયો છે, અને દંડાઇ જવાના! સુરતની નિશાળમાં જે છાતી કાઢી હરતાફરતા, તે અહીં મુંબાઈની કૉલેજમાં બકરીબાઇ બેં જેવા બની ગયા હતા.

'તમે જ સી.સી. મહેતા ક ની? તો જરા ઊભા રહો.'

હેં? છે શું? હજી તો હું વિમાસણમાંથી જાગું તે પહેલાં આથલેજી આવી કહે છે કે 'ચાલો!'

પણ ક્યાં? એક ટેબલ પર ચોપડીઓનો ઢગલો લઇ એક સાહેબ બેઠા હતા, ત્યાં મને ખડો કરી દીધો.

'બેસો.' હુકમ મળ્યો.

મારી સામે સિલ્કના સૂટમાં, ગૌરવર્ણી, મુલાયમ ચહેરાની વયોવૃદ્ધ વ્યક્તિ હતી. એમણે એમનું ટિપ્પણ પતાવી મારી સામે સ્નેહભરી આંખે જોઇ કહ્યુ: 'સી.સી. મહેતા એટલે શું?'

'ચન્દ્રવદન ચીમનલાલ મહેતા.'

'બી.એ.માં શું લેવાના છો?'

'નક્કી નથી કર્યું, સાહેબ! પણ—'

'ગુજરાતી લેજો, હું તમને હુકમ કરું છું!' કહી માયાભાવે હસી પડ્યા; અને ઉમેર્યું: 'હવે આપણે ચા પીવા જઇશું.'

એમની સાથે હું પણ ઊભો થયો. એમણે કહ્યું કે એ પોતાની બૅગ તથા ચોપડીઓ પોતાના ખંડમાં મૂકીને લિફ્ટ આગળ આવે છે; મારે લિફ્ટ આગળ રાહ જોવી. એમની પૂઠ થતાંક ને હું આથલે પાસે દોડ્યો અને એને પૂછ્યું કે એ સાહેબ છે કોણ?

આથલેજી ઊકળ્યા: 'અરે તુમી દિવેટિયા સાહેબને નથી ઓળખતા? કેવા મૂર્ખ મનુષ્ય તમે છે?'

પાછો દોડ મારા બાપ, સીધો લિફ્ટ આગળ! એટલામાં તો એ

સાહેબ આવી પણ ગયા. અમે લિફ્ટમાં, કૉલેજ બહાર, અને ત્યારે સામે ડોકાતી કોર્નેલિયા રેસ્ટોરાં તરફ ધપવા માંડ્યું.

આ નરસિંહરાવ દિવેટિયા? સુરતમાં જે નિશાળમાં અમે ભણ્યા હતા ત્યાં જ, કહે છે કે, વર્ષો પહેલાં, એક સાહિત્ય પરિષદ મળી હતી; ને ત્યાં નરસિંહરાવ અને કેશવલાલ ધ્રુવ વગેરે મહારથીઓએ જંગ મચાવ્યો હતો. એ આ જ વ્યક્તિ! સુરત હાઈસ્કૂલમાં ચોથા ધોરણમાં શાહ માસ્તર કવિતા ગોખાવતા હતા તે યાદ આવી:

'શાંતિ શીતળ વરસીને સુખમાં સુવાડું રાત્રિયે,
જે નદી સરવર અદ્રિ તરુવર દિવસ તપિયાં તેમને.'

પણ મજાની લીટી તો આ છે

'નામ ચન્દા મધુર મ્હારું પાડિયું મુજ માડીએ...'

ખરેખર? એ જ 'ચન્દા' કાવ્યના લેખક આ નરસિંહરાવ દિવેટિયા! 'કુસુમમાળા'ની તો ઘણી કવિતા અમે મોઢે કરી હતી. આમ, કોર્નેલિયા પહોંચતાં તો મારા મનમાં અનેક વિચારોની વીજળીઓ પસાર થઈ ગઇ. કંઈક ક્ષોભ, અત્યંત આનંદ, અને પૂરી અદબથી હું એમની સામે બેઠો. 'કુસુમમાળા'ના આ લેખક, આ નરસિંહરાવ, શુદ્ધ ભાષાના આગ્રહી સાક્ષર... મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

'જુઓ ચન્દ્રવદન! મેં તમારી "વીણા" વાંચી. તમે સુરતીઓ બધા જ અનુસ્વાર-શત્રુઓ લાગો છો. અને ઉપરાંત, આટલા બધા વ્યાકરણ દોષ! એટલું સુધારવું પડશે.'

'જી.'

'તમે બીજું કંઈ વધારે કેમ લખતા નથી? લખો.'

'જી'

પછી હું ક્યાં રહું છું, શું શું વાંચું છું વગેરે અનેક વાતો કરી અમે પાછા કૉલેજ પર આવ્યા. હોસ્ટેલમાં પેલા હસ્તલિખિત માસિકમાં મેં એક વાર્તા લખી હતી. એનું નામ 'વીણા' હતું. પહેલું વાક્ય હતું: 'દરરોજ વીણા મારા બાગમાં ફૂલ વીણવા આવતી.' આખી વાર્તા વાંચીને એક રાત્રે ચન્દ્રકાન્તે મારું બારણું ખખડાવ્યું અને વાર્તાની ઘણી જ તારીફ કરી. આપણે તો ફુલાઈ ગયા. ત્રિવેદીએ એ વાર્તા 'એલ્ફિન્સ્ટોનિયન' (કૉલેજ મૅગેઝીન)માં મોકલવા ખાસ આગ્રહ કર્યો, ને એનું માની મેં મોકલી પણ ખરી. ગુજરાતી વિભાગ દિવેટિયા સાહેબ તપાસે, એટલે બધો લોચો એમની પાસે ગયો, અને વાર્તા વાંચી એમણે ખુશ થઈ આથલેને કહી મૂક્યું કે ચન્દ્રવદન ભટકાય તો મારી પાસે મોકલી આપજે. આમ દિવેટિયા સાહેબનો ભેટો થઇ ગયો. એક તો લખવાની ચેળ જાગી હતી, એમાં આથી વધારો થયો!

પછી તો ઘણીવાર નરસિંહરાવ સાહેબને મળતા. શું લખો છો તે જાણવા મથતા. એક-દોઢ વર્ષના આ ગાળામાં કેશવ હર્ષદ ધ્રુવને જોયા, નાનાલાલને મળ્યા અને નરસિંહરાવનો ભેટો થયો, એટલે ખોપરી-માં સ્વાભાવિક રીતે રાઈ ભરાવી શરૂ થઈ.

પણ ફર્સ્ટ ઈયર આર્ટ્સ—કૉલેજનું પહેલું વર્ષ, એટલે એ જમાનામાં દાખલા અને ફિઝિક્સ. બધું આવડે પણ દાખલા કેમ આવડે? એમાં અહીં તો વળી એક નવી જાતની ક્રિયાનો સમાવેશ થતો હતો. એને અધ્યાપકો 'ટ્રિગોનોમેટ્રી' કહેતા, અને એની સંજ્ઞા 'આલ્ફા-બીટા'માં થતી! અધ્યાપક વિલ્કિન્સન દિવસે પણ જરા છાંટો પાણી નાખીને એ ભણાવે. બહુ દેખાવડો, હસમુખો એ ગોરો ઘણો હોશિયાર ગણિતશાસ્ત્રી કહેવાતો; પણ એ 'આલ્ફા-બીટા'માં એ શું કહેતો એની મને ત્યારે કશી સમજ પડતી નહિ. અત્યારે પણ એટલો જ શૂન્ય રહ્યો છું. મૅથમૅટિક્સનો વિષય જ મારો કાળ. અને એ ન આવડે એટલે ફિઝિક્સમાં પણ ફાંફાં! ઠાકોર મારો દોસ્ત. એણે સમજાવ્યું, હોસ્ટેલમાં બીજાઓએ માથાકૂટ કરી, પણ એકે ય પ્રૉબ્લેમ બેસે જ નહિ ને! હું એ વિષયની મજાક નથી કરતો; ઘણા મને કહે છે કે એ તો એટલો સરસ અને રસિક વિષય છે! પણ મારું મગજ એ ન પકડી શક્યું તે ન જ પકડી શક્યું.

પરિણામે કૉલેજના પહેલા વર્ષમાં નાપાસ! મૅથ્સ અને ફિઝિક્સમાં કંઇ પાંચસાત માર્ક હતા, એટલે વરસ આખરે બધી ગરમી નીકળી ગઇ! હોસ્ટેલ પણ છોડવી પડી, એ કૉલેજ પણ છોડી અને ગિરગામમાં બૅક રોડ પર હાકાના છોકરાઓ રહેતા એમની સાથે રહી, ફરીથી ફર્સ્ટ ઈયરનો અભ્યાસ વિલ્સન કૉલેજમાં શરૂ કર્યો. નહિ નરસિંહરાવ કે નહિ નાનાલાલ. પણ ત્યાં ભણે એક ડાંગે, અને બીજો અમારો સુરતનો જૂનો જોગી રણજીત રાયજી. ઘણી જૂની ઓળખાણ તાજી થઈ. એ જ વરસમાં લોકમાન્ય દેવલોક પામ્યા. તે દિવસે આખું મુંબાઇ શોકમાં ડૂબેલું, અને કૉલેજમાં કશે રજા નહિ. પણ બે ત્રણ મૂરખ છોકરા સિવાય કોઈ કૉલેજમાં ગયું જ ન'તું. કૉલેજ-અધિકારીઓએ નોટીસ કાઢી, એટલે ડાંગે દાદાએ કૉલેજ સામે ચોપાટીમાં સભા ભરી એક દિવસ પાછી હડતાળ પડાવી. ડાંગેનું તે દિવસનું ભાષણ હજી યાદ છે.

શું ધારો છો? વિલ્સન કૉલેજમાં આવ્યા એટલે કંઈ દાખલા આવડી ગયા? અંગ્રેજી-સંસ્કૃતમાં તો સારા માર્ક, પણ મૅથ્સ અને ફિઝિક્સમાં એ રામ એના એ. પૂરો ધબડકો! બંદે બહાદુરના મોતિયા તો એવા મરી ગયા હતા કે બસ.

ભણવાનું પૂરું થયું અને હવે ઢોઢ જેવા મણાતા ફરીશું. પેલી કવિતાની ફૂટવા માંડેલી પાંખો તો કોણ જાણે ક્યાંય ફુગાઇ ગઇ. હવે કોઈ આગળ ભણવા દે બે નહિ. શરમના માર્યા કંઈકને ત્યાં પગ ઘસડયા. પરીક્ષકને ત્યાં પણ જઇ આવ્યા; કરગરી કાલાવાલા કીધા; પણ કોઇએ કંઈ દાદ આપી નહિ. મુંબાઈને બે જ વરસમાં આખરી સલામ કરી લેવાનો વખત આવી ગયો એવું લાગ્યું, ભવિષ્યના વિચારે મનમાં મૂંઝવણનો પાર નહોતો. ચિંતા અને રોકકળમાં રીઝલ્ટનો દિવસ પણ આવી લાગ્યો. બપોરે બાર વાગ્યે પરિણામ પાટિયે ચડવા-નું હતું, પણ આપણા બાર તો વાગવાના જ હતા એની પૂરી ખબર હોવાથી બે વાગ્યા સુધી તો ગિરગામ બૅક રોડમાં એ દેશમુખ ગલી-માં ધૂંધવાતા પડી રહ્યા. છેક ત્રણેક વાગ્યે બહાર નીકળ્યો, ત્યાં રસ્તે એકાદ કૉલેજનો ગોઠિયો ભેટી ગયો. તે કહે 'કૉંગ્રેચ્યુલેશનસ!' ઓત્તારી! બળતામાં પાછું ઘી! પડતા પર પાટુ! ખિસિયાણે મોઢે એને ગાળ દેતો કૉલેજ તરફ ગયો અને પછી મન ન રહેતાં પાટીએ નજર નાખવા હામ ભીડી, તો આપણે પાસમાં જાહેર થએલા!

ખરેખર? હા, હા. મારો જ નંબર. અલબત્ત, બે વિષયમાં નાપાસ તો ખરા, પણ મારા જેવા ઘણા નંગો બબ્બેમાં લાલ ચોકડી-વાળા નીકળેલા, એટલે સપ્લિમેન્ટરી યાદીમાં આપણું નામ ઝળકતું હતું. હવે બેમાં નાપાસ તો નાપાસ, પણ પ્રોમોશન તો છે ને? એ જ મુદ્દાની વાત. એટલે આપણે ત્યાંથી કૂદતા કે ઘેર! શો જાણે વાઘ માર્યો હોય, એમ દબદબાથી મમાબાપને બહાદુરીનો તાર; અને પછી આગળનાં સોગઠાં ગોઠવવામાં પરોવાઈ ગયા.


કુહો ન કહો, પણ એલ્ફિન્સ્ટન વિના ચેન ન પડે. વિલ્સનનું સર્ટિ-ફિકેટ લઇ, સટરપટર કરી, પાછા એલ્ફિન્સ્ટનમાં ઈન્ટર આર્ટ્સમાં દાખલ થઈ ગયા. હવે આવી જાઓ! દાખલાની બલા ટળી. હાસ. આજ બારબાર વરસથી ઝાડ વળગ્યું હતું, તે છૂટે જ નહિ. ત્રિરાશી ને ટ્રિગો, થિયોરમ ને કાળકરમ! છટ્! તમે નહિ માનો, પણ બે દિવસ સુધી, જે જે દાખલાની ચોપડી, નોટ કે ટેક્સ્ટ હાથ આવી

તેના સો સો કટકીમાં જે રીતે ફુરચા ઉડાવ્યા છે, એ અદા હું નથી ધારતો કે હેનરી અરવિંગ જેવો નટ કરી શકે!

ચાલો, હવે જખ મારે છે. લૉજિક, અંગ્રેજી, સંસ્કૃત, એડમિનિસ્ટ્રેશન, હિસ્ટરી. . . હા, એ જ ઇતિહાસ; અકબર-ઓરંગઝેબની સરખામણી. ચોથા-પાંચમા ધોરણમાં ભણી પરવારેલા તે. ભજ્યા એ કોર્સના કરાવનાર! પણ એમાં તો પહોંચી વળીશું. પેલા અ-બ-કના આંકડા, અને એના સ્કવેર, અને પછી કૌંસમાં એના ક્યૂબ, પાછા કાઢો, અને ગુણો, અને ભાંગો, અને મીન અને કૉમન, ઈક્વલ ટુ અને મારપટ્ટ, તબેલો અને સરવાળે અલ્લાયો! છૂટયા, કોઈ જીવલેણ જકડમાંથી છૂટયા.

પુનશ્ચ હરિઃ ૐ. એ જ મનગમતાં પગથિયાં, એ જ વર્ગો, એ જ કૉવન્ટ્રન અને એ જ દિવેટિયા. વધારામાં પંડિત પ્રોફેસર ગજેન્દ્ર ગડકર, અને ભલા સાહેબ જ્યોતિ મહેતા, અને અમને વિલ્સન કૉલેજમાં ભણાવતા તે અદ્ભુત સ્મરણશક્તિ ધરાવનાર પ્રોફેસર નરહરિ તાકખાક. આખા શરીરમાં ફક્ત માથું અને મેમરી,— બીજું કશું જ ન મળે! અને એટલા મસ્તકમાં આખી લાયબ્રેરી! એને માટે કહેવાતું તેમ, કેટલાં પુસ્તકો નહિ, કેટલી પુસ્તકભરી અભરાઇઓ એને મોઢે સમાઈ જતી!

ઇન્ટરમાં મગને પગ આવવા માંડયા હતા. બે કૉલેજોનાં પાણી પીને છાતી ખુલી ગઇ હતી. ટોળી પણ મજબૂત એકઠી થઇ હતી. બેત્રણ દાગીના તો નામચીન, ટેડા, ધરતીને આભમાં ઉછાળનારી મનોદસાવાળા, આલમના બાદશાહ જેવા આવી પડયા હતા. એમની મુકરર બેઠકો આખરી બાંકડાઓ પર, અને પ્રોફેસરો મારફત મળે તે ઉપરાંતનું ઉપયોગી એવું જ્ઞાન એમની પાસેથી સંપાદન કરવા અમે પણ એ 'દાદા'ઓની છત્રછાયા હેઠળ બેસવાનું રાખ્યું હતું.



એક દિવસ આખી કૉલેજના પંખા બંધ! તાપ તો ખાસ્સો પડતો હતો; પણ અગિયારને શુમારે એકે પંખો ન ચાલે! દોડધામ શરૂ થઇ, અને મેઈન સ્વિચ જ બંધ જણાતાં, તે ચાલુ કરવામાં આવી. આમાં પંદરવીસ મિનિટ નીકળી ગઇ હતી. જેવી મેઈન ચાલુ થઇ કે પંખા ફરકયા. પણ ઉસ્તાદે કળા એવી કરી હતી કે પંખા ફરતાં જ, અમારા વર્ગમાં પ્રોફેસર સાહેબને માથેના પંખા ઉપરથી ચાર તાજાં ઇંડાં ધબાક લઇને પટકાયાં, અને ટેબલ પર પછડાતાં ફસકાયાં!

યા અલ્લા! કૉલેજમાં ભારે ધમાલ થઈ ગઇ. બુઢ્ઢા પ્રિન્સિપલ કૉવન્ટ્રન શિસ્ત માટે ખૂબ જ કાળજી રાખનાર. જાતે તપાસ કરવા નીકળ્યો. પરંતુ એમ ચોર પકડાય શેનો? પણ અમારો વર્ગ ગુનેગાર ઠરતાં, આખા ક્લાસને દંડ બેઠો. ચોખલિયા ને પ્રમાણિક નિશાળિયાઓએ વિરોધ દર્શાવ્યો ને વડિલોની ચિઠ્ઠી પણ લાવ્યા. કાયદો પણ બતાવ્યો; પણ ચોંટેલો દંડ પ્રિન્સપાલે માફ ન જ કર્યો. એક દિવસ પેલી દાદાટોળીમાંથી એક જણ જઇને આખો દંડ કલાર્કના મોઢા પર ઝાંસી આવ્યો ત્યારે જ એ પ્રકરણ પૂરું થયું.

ક્યાં એ સુંદર, તંદુરસ્ત તેજસ્વી મોં, હસતી રમતી ચબરાક પ્રિયંવદા, અને . . . અને . . . ક્યાં આ?

અમે સ્ટેશનેથી ઘેર લાવ્યા ત્યારે તો એટલું બધું નહિ લાગ્યું, પણ બીજે કે ત્રીજે દિવસે તો સૌનો જીવ જ ઊડી ગયો. એને માટે ખાસ નાનો ખાટલો બંધાયો, અને દાક્તરી હુકમ મુજબ એને ત્યાં સૂઈ જ રહેવાનું કહેવામાં આવ્યું. ઠાકોરદ્વાર પરની ભીમરાવ વાડીમા શ્રી વૈકુંઠરાય શ્રીપતરાય ઠાકોરને ત્યાં પહેલા કેટલાક મહિના તો દાક્તરોની આવજા ચાલુ જ હતી. એ માયાળુ સ્વભાવના મહાનુભાવે, મને હૉસ્ટેલમાં જગ્યા નહિ મળવાથી, પોતાને ઘેર રહેવા આગ્રહ કર્યો હતો. ત્યાં કંઈક નાનામોટા દાક્તરોને આવતા જોયા. દાક્તરો પૂરા થયા કે હકીમો શરૂ થયા, અને પછી વૈદ્યોની પણ વારી આવી. સૌએ રોગ તો પારખ્યો, પણ જડીબુટ્ટી કોઈ ન આપી શક્યું. ક્ષય. હાડકાંનો ક્ષય. વાંસામાં કરોડનું એક હાડકું ખવાયું હતું. રોજનો ધીમો તાવ આવતો. કલાકે કલાકે જાતજાતની દવા નક્કી થઇ હતી: ગોળીઓ, સિરપ, કૅપ્સ્યુલ્સ, કાઢો, ઇંજેક્શન,— અરેરે, આવા પંખીની આ દશા!

હકીમ અજમલખાન પણ આવી ગયા. યૂજીન સૅન્ડો સાથે પણ લખાપટ્ટી કરી સલાહ માગી. મુંબાઈના તેમજ બહારના ભલભલા દાક્તરોનો મને સારો જેવો અનુભવ થયો. એક વિગતવાર નોંધપોથી રાખવા માંડી; અને જ્યારે કોઈ નવો દાક્તર આવે ત્યારે આખું પારાયણ શરૂ કરવામાં આવતું.

માંદી થઇને—ના, રાજરોગ લઇને—ના, જીવલેણ પીડા લઇને પ્રિયંવદાએ મુંબાઈ આવીને મારા જીવનમાં નવી દિશા ખોલી. પડીપડી વાંચતી, ને કંટાળતી; પણ પછી તો એણે મારા પર એવો તો કાબૂ મેળવ્યો કે લાગ આવ્યે મને ખખડાવતી. 'તમે કંઈ લખો. જે લખો તેની હું પડીપડી નકલો કરીશ, ગાઈ બતાવીશ. પણ લખો.'

ફૂટવા માંડેલી પાંખોને, ઊડવા ઉત્સુક કલ્પનાને જે સંજીવની જોઈતી હતી તે પ્રિયંવદાએ આપી. અને એના પર ખૂબ ઊમળકો આવતો તો લખી દેતો:

ઈશ્વ કદી હોત હું દેવબાળ!
તારા ભરી આપત એક થાળ.

મેં તો તારા ભરીને એકે થાળી ન આપી, પણ એણે માંદગીને બિછાને પડયાં પડયાં અનેકવાર પ્રોત્સાહન અને આટલી નાની વયમાં પણ સલાહ સૂચનો આપ્યા કર્યાં.

એ ઘરમાં પ્રો. બલવંતરાય ઠાકોર જાણીતા કવિ, વિદ્વાન, સાક્ષર બ. ક. ઠા. પણ આવીને ઊતરતા. ત્યારે સાઠમારી જામતી. જાતજાતની ચર્ચાઓ થતી. અને એમાં ઠાકોર સાહેબ ખીલતા, ઉશ્કેરાતા, ઘાંટા પાડતા, ટોકતા, સલાહ આપતા, ટોળટપ્પાં પણ હાંકતા, અને કોઇ હાથમાં આવ્યો તો છોલવામાં પણ કશી મણા નહિ રાખતા! ત્યારની બ્રિટીશ સરકાર સામે એ કશી ટીકા સહન કરી ન શક્તા, ને એમ થતાં ઓર રંગતે ભભૂકતા. પ્રિયંવદા બધું સાંભળતી, મારો વાંક નીકળતાં હમેશ મારો પક્ષ લેતી, અને છતાં ઠાકોર સાહેબ મારો જ વાંક કાઢતા ત્યારે એ રડી પડતી! ત્યારે તો જોકે હું નહોતો રડતો, પણ આજે એનાં એ આંસુ

યાદ આવતાં લાગણીઓ જ ગળગળો થઈ જાઉં છું.

ઠાકોરદાદાના એ ઘરમાં શરૂઆતની લખેલી લગભગ બધી જ કવિતા ઠાકોર સાહેબને વાંચવા આપતો. ઘણી વાર તો સડ દઈને વાંચ્યા વિના જ એ ફાડી નાખતા: 'આવાં તો હજી કંઈક લખાણો કચરાપટ્ટીના ટોપલામાં નાખવાં પડશે. છાશમાં પાણી નાંખી નાંખી બનાવેલી છાશડીથી રાચવું હોય તો ભલે રાચો, કવિતાસિદ્ધિનો માર્ગ વિ-ક-ટ અતિ વિકટ, કાંટાકાંકરાથી ભરેલો છે. ધારો છો એટલો સહેલો નથી. જરા વધારે વાંચો, વિચારો, મનન કરો. લઈ કાગળિયું ને જે આવ્યું તે ચીતરવા બેસીને કવિતાનું નામ નહિ પાડી બેસો.' એમ ખૂબ બખાળતા. ઘાંટા પાડીપાડી, ફાટ્યે અવાજે, હથોડાના માર જેવા બોલો મારતા. અને એમાં પછી જો નાનાલાલ, કે ખબરદાર, કે લલિત, કે મેઘાણી જો કોઈ સપાટે ચડતા તો તેની સાતે પેઢી ધોઈ નાખતા!

પણ એ રોજિંદા રાઠોડી ફટકા એ પ્રારંભના કાળમાં ખૂબ જ જરૂરી હતા. વધારેપડતી ઠપકાબાજી થતી તો પ્રિયંવદાના બે જ બોલની હૂંફ એ સઘળાનો પ્રતિકાર કરવા પૂરતી હતી.

પરંતુ ત્યારે ઠાકોર સાહેબની મારા પર સારી મહેરબાની હતી. ૧૯૨૪ કે '૨૫માં 'કાન્ત'ના અચાનક અવસાન પછી 'કાન્તમાળા' પ્રગટ કરવાના કામમાં મારે માથે ઠીકઠીક કામ નાખ્યું હતું; એનો મળેલો અનુભવ મને અમૂલ્ય હતો.

પ્રિયંવદાનાં મા કુસુમભાભી દીકરીની ઊભે પગે ચાકરી કરતાં. પણ વાંચવાનો એમને ભારે શોખ. કેશવ હર્ષદ ધ્રુવનાં બધાં જ પુસ્તકો એમની પાસે. અને તે પણ ધ્રુવસાહેબે એમને ભેટ કરેલાં, પોતાના હસ્તાક્ષર સાથે, પડોશના મિત્ર ઠાકોરલાલની એ મોટી દીકરી પર એના બાલપણમાં એ વિદ્વાન સાક્ષરને સારું વાત્સલ્ય હશે, એટલે પોતાની કૃતિઓ આપી હશે. કુસુમભાભીને પણ ધ્રુવ-સાહેબ માટે ઘણું માન અને એમનાં પુસ્તકો પણ ઠીકઠીક વાંચેલાં. અને પરિણામે મહાકવિ કાલિદાસનાં અમર અને રોમાંચક પાત્રોની નામાવલિ પ્રમાણે કુસુમભાભીએ પોતાની દીકરીઓનાં નામ અન-સૂયા, પ્રિયંવદા, શકુન્તલા અને માલવિકા રાખ્યાં હતાં. સૌથી નાનીનો જન્મ હું મુંબાઈ આવ્યો તે અરસામાં થયો હતો. અનસૂયા અને હું પ્રિયંવદાના ખાટલા પાસે ઘણીવાર પાનાં રમવા કે ટાયલાં કરવા બેસતાં. અમે 'મોટી' કહેતા,–સૌથી મોટી એટલે. અન-બનો જલદ સ્વભાવ જો! ગુસ્સો કરે ત્યારે એવો કે આપણે ટાઢા થઈને જોયા જ કરીએ છતાં એ તાપ પાછળ માંદલી બહેન માટે પારાવારની લાગણી હતી. હું તો જાણે એનો દસ જનમનો દુશ્મન હોઉં એમ જ જાણે માનતી. જે કરું તે ખોટું; દરેકમાં મારી ડંફાસ, ફિશિયારી, નોટાઈ, રોખાઈ એને દેખાતી. એ માટે હજાર વાર ટોકતી. એ હલ્લો શરૂ કરે ત્યારે મારું કોઈ નહિ. કારણ પ્રિયંવદા પણ મોટી બહેનનો પક્ષ લેતી. એવી દયામણી સ્થિતિમાં એકલાં કુસુમભાભી મારી મદદે આવતાં અને ઉપરાણું લેતાં. 'વાંચતો નથી; નિયમિત નથી; ઘેર કાગળ લખતો નથી; કોઈની ખબર કાઢવા જતો નથી; રખડ્યા કરે છે; વગેરે અનેક આરોપો મુકાતા. કુસુમભાભી બચાવમાં નીકળે તો બંને દીકરીઓ માની સામે પડતી. મારું તો બોલવાનું ગજું જ શું? રોજિંદી આવી જીભાજોડી થતી. તેમાં યે જ્યારે વિલાસની વાતનો પ્રસંગ નીકળતો ત્યારે તો બંને બેનોનો સંપ પરાકાટિએ પહોંચતો અને હલ્લો મારી સામે ઘણો મજબૂત બનતો. અનસૂયા સાથે તકરાર વધી જતી અને અબોલા ચાલતા, તે કલાકો નહિ પણ બે ત્રણ દિવસ સુધી લંબાતા. બીચારી પ્રિયંવદા શરૂઆત-માં તો વચ્ચે પડી સલાહ કરાવવા મથતી, પણ પછી તો એ પણ કંટાળીને બબડતી: 'લડવા દો; ક્યાં જવાનાં છે? પાછાં એક થશે એનાં એ.' એવા એક અબોલાના પ્રસંગે એક દિવસ હું બહુ મોડો ઘેર આવ્યો. કૉલેજમાં રોકાઈ રહેલો કે કોણ જાણે. બધાએ જમી લીધું હતું. રસોડામાં થાળી ઢાંકી હશે એમ માની ત્યાં ગયો. કશું જ જણાતું નહોતું. વાઘણની માફક અનસૂયા તૂટી પડી. ભાઈસાહેબ સમજે છે શું? નિયમિત જ નહિ. ખૂબ ભાષણ આપ્યું, પછી 'લ્યો, ઝીકાઓ! બેસો!' ઉપર શીકામાંથી ખાવાનું કાઢી અનસૂયાએ પીરસવા માંડ્યું. હું ખાવા બેઠો. પહેલો કોળિયો ખાઉં છું ત્યાં તો પ્રિયંવદાએ બૂમ પાડી: 'છે શરમ? મોટી બીચારી એને માટે ભૂખી રહી, તે છતાં પૂછે છે ય ખરો કે તું જમી?'

'સ્વાર્થી છે એ તો, હું કહું છું જ ને.' અનસૂયા તડૂકી.

અમે પછી સાથે જમ્યાં. ત્રણ દિવસની લડાઈ તો પતી ગઈ હતી, પણ જમતાં જમતાં મારી આંખમાંથી ડળક ડળક આંસુ પડ્યાં. મારે માટે એને આટલું બધું હેત હશે એનો તો મને ખ્યાલ પણ નહોતો. પરિણામે એવી ગૂંગળામણ વ્યક્ત થતાં લખાયું:

જ્યારે ઈલા તું કદી લે અબોલા...

એવામાં વૈકુંઠભાઈ ઠાકોરની થોડા વખત માટે સોલાપુર બદલી થઈ; ત્યાંની પ્રખ્યાત સોલાપુર મિલના મૅનેજર તરીકે. અમે સૌ એમને મોટાભાઈ કહેતા. એ ગયા એમની સાથે એમનું કુટુંબ પણ ગયું, પ્રિયંવદા પણ ગઈ. એક નાતાલની રજામાં હું પણ ત્યાં ઊપડ્યો, અને જિંદગીમાં પહેલવહેલી મિલ જોઈ. સોલાપુરમાં અને એની આસપાસ અમે ખૂબ ફર્યાં. દરરોજ મોટર દોડાવતા. શહેરની સહેજ બહાર એક સરસ બંગલો હતો, એનું નામ 'મોતી બાગ.' જૂના વખતમાં હિન્દી વહાણવટું તો જગજાહેર હતું; પણ બ્રિટિશો આવ્યા પછી બંદરો તૂટ્યાં, અને વહાણવટાને જે ધોકો પહોંચ્યો તે તો જાણીતો છે. એ અસલી કિસબ અને અનોખો હુન્નર તો નાશ પામ્યો, પણ નવા લેબાશમાં નવેસરથી હિન્દી વહાણવટું શરૂ કરવાનું માન તો એક મતે પેલા નીડર સાહસિકને, આબરૂ-સૅટને માટે મરી ફીટનાર શેઠ નરોત્તમ મોરારજીને ફાળે નોંધવું પડશે. મોતીબાગ એમનો બંગલો. બહુ કુનેહથી બંધાવી આકર્ષક રીતે એને સજાવ્યો હતો. એક બાજુ તળાવ, બીજી બાજુ નાનો બાગ અને બધી રીતે સુન્દર બનાવ્યો હતો.

એ નાતાલનો એકએક દિવસ સ્મરણીય બની ગયો હતો. ઓ હો હો! ક્યાંક્યાં રખડ્યા ને ભમ્યા! આજે તુલજાપુર તો કાલે પંઢરપુર. પેલે દિવસે વૉટર વર્ક્સ તો પછી શેરડીનાં ખેતરોમાં. એક દિવસ અક્કલકોટ તો પછી નલદુર્ગ. સોલાપુરમાં ડી.ટી.એસ. એક અંગ્રેજ મિ. કૂક કરીને હતો. ત્યારે તો બધા જ ડી.ટી.એસ. ને ડી.એલ.ઓ. કૂક કે ફૅાક્સ, વુલ્ફ કે મૉંગી, 'જેક'નો 'સન' કે 'મેક'નો 'સન'—અંગ્રેજો જ હતા. આ કૂકની વહુ બહુ ધર્મિષ્ઠ અને વિવેકા-નંદની ભક્ત હતી. એને ત્યાં સાંજે મેળાવડો હતો. તેમાં અનસૂયા અને હું સાઈકલ પર ગયાં હતાં. બાઈ પોતાને મીરાંબાઈ કહેવડાવતી, સોનાના લૉકેટમાં વિવેકાનંદની અને રામકૃષ્ણ પરમહંસની છબિઓ રાખી ડોકમાં પહેરતી, અને જોડા વિના ફરતી. જી.આઈ.પી. રેલવેના નસીબે ડી.ટી.એસ. ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ, સારો મળ્યો હતો. બી.બી.માં તો જે જોયા તે મોટા ભાગના છાકટા, તુમાખી-ખોર, અ હિન્દુ, અ-હિન્દી, ફાંટેબાજ અને 'ટુમ કાલે આદમી'થી જ વાતો કરનારા હતા. આ બાઈ તો ટાગોર તથા તિલક વાંચતી ને વારે-વારે આલ્મોડા જતી. ત્યાંનું વાતાવરણ એને સારું લાગ્યું હતું અને

ઠીક પ્રમાણમાં વિવિધ જાતના મહેમાનો એણે એકઠા કર્યા હતા.

બીજે દિવસે બધા અક્કલકોટ ગયા. ત્યાંની 'આર્મેરી' જોઈ હું તો છક્ક થઈ ગયો. કેટકેટલી જાતનાં જૂનાં હથિયારો! પણ નલદુર્ગમાં તો એક અદ્ભુત એન્જીનીઅરિંગ કામ જોયું. ત્યાં એક નાની નદી વહે છે. કહે છે કે અગાઉના કોઇ બાદશાહે એ નદીનું વહેણ એવી રીતે ફેરવ્યું કે જેથી એ તેણે બંધાવેલ રંગમહેલની અગાશી પર થઇને નીચે ઢળે! હતું પણ તેમજ. બે બાજુ ખાસ્સા મોટા બુરજ અને એને સાંધીને વચ્ચે બંધાએલો આડો મહેલ. હવે એ મહેલની એક બાજુ આંધળી ભીંત—એટલેકે એકે બારણું મળે જ નહિ. એ બાજુ એક ટેકરીમાંથી કોતરીને બનાવેલી, એટલે તે બાજુ પથરાળ ભાગ જ. અને બીજી બાજુ ઝરૂખો, પહેલે અને બીજે મજલે, સીધો સડસડાટ, અને ઓરડા. હવે પેલી વાળેલી નદીનું પાણી ટેકરી ઉપર થઇ ધોધની માફક ઝરૂખાની બહાર પડે, અને આગળ વહ્યું જાય; ખરેખર આ જૂનું બાંધકામ જોઈને હું તો દંગ જ થઈ ગયો હતો.

વર્ષો પછી ગંગા ઉપરથી ગંગા નદીની નહેર જતી જોઇને આટલો અચંબો નહોતો લાગ્યો. સિક્રીમાં અકબરના મહેલમાં નીચેના કૂવામાંથી પાણી ચઢાવવાની તરકીબ જોઇ અજાયબી નહોતી થઈ. બીજાપુરનો ગોળ ઘુમ્મટ જોયો ત્યારે પણ આટલો છક્ક નહોતો થયો.

મુંબાઈ આવ્યા પછી મને ખબર પડી કે જેટલા દિવસ સોલાપુર રહ્યો, અને તે દરમ્યાન માઈલો સુધી દૂર દૂર મોટર ફેરવી, એ બધી મુસાફરી પૂરતા પેટ્રોલના પૈસા વૈકુંઠભાઇએ પોતાના ગજવામાંથી જ આપ્યા. શૉફરને તે પ્રમાણે વધારાનું મહેનતાણું પણ આપ્યું. એમને મિલે ગાડી આપી હતી, પણ તે મહેમાનોને કે ઘરનાં માણસોને આવી રીતે મજા કરવા માટે નહિ. દી.બ. અંબાલાલ સાકરલાલ ગજવામાં બે પેન્સિલ રાખતા: એક સરકારી દફતરના કામમાટે, બીજી પોતાના અંગત કાગળો લખવા,—એવી એમના પ્રામાણિકપણાની વાત સાંભળી હતી. વૈકુંઠભાઇ તો સોલાપુરથી મુંબાઇ આવતા ત્યારે બે ફર્સ્ટ કલાસ મળતાં છતાં સેકન્ડમાં જો જગ્યા હોય તો ફર્સ્ટની ટિકિટ પાછી આપી સેકન્ડની જ ટિકિટ લેતા, મિલ ખાતે સેકન્ડની જ ટિકિટ લખાવતા. બીજી બાજુ યુનિવર્સિટીની સેનેટના કંઇક સભ્યોને મેં ઇન્ટરમાં આવતા-જતા જોયા છે, અને મારી જ નજર આગળ ફર્સ્ટનાં વાઉચર બિલો બનાવતા પણ જાણ્યા છે!

એમ પ્રિયંવદા સુરતથી આવી, મુંબાઇમાં રહી, ને થોડાક સમય માટે સોલાપુર ગઈ.

(ચાલુ)

માસમાસના તહેવારો-૧૮ **મહાવીરજયંતી**

હિંદુ ધર્મમાં જ્યારે જ્યારે ગ્લાનિ આવી ગઇ છે, કુરિવાજોના બંધનમાં તે જકડાઈ ગયો છે ત્યારે ત્યારે તેમાં નૂતન સંસ્કાર સીંચી તેને સચેત કરનાર મહાપુરુષો નીકળી જ આવ્યા છે. એવા ધર્મ-સંસ્કારકોમાં બે વિભૂતિઓ પ્રમુખ ગણાય છે: બુદ્ધ ને મહાવીર. પહેલાએ બૌદ્ધ ધર્મની અને બીજાએ જૈન ધર્મની સ્થાપના કરી. મહાવીર-જયંતી તે ભગવાન મહાવીરના જન્મદિવસનો તહેવાર.

વૈશાલી નગરી પાસેના એક નાના ગામડામાં જ્ઞાતૃ કુળમાં તે અવતરેલા. એમનાં માતા લિચ્છવી રાજા કટકનાં બહેન હતાં. નાનપણથી જ મહાવીરનું મન વૈરાગ્ય તરફ ઢળેલું. પણ તેમનામાં માતૃપિતૃ-ભક્તિ એટલી તીવ્ર હતી કે વૃદ્ધ માબાપને રાજી રાખવા યશોદા નામની રાજપુત્રી સાથે તેમણે લગ્ન કર્યાં. એથી એમને પ્રિયદર્શના નામની કન્યા પણ થઈ. પણ મહાવીરની ૩૦ વર્ષની વયે માતાપિતા વિદેહ થયાં, એટલે એમણે સંસાર ત્યજી દઈ, ઘોર તપ આદર્યું અને પાર્શ્વનાથ પંથમાં દાખલ થઈ શાંતિ પ્રાપ્ત કરી.

બુદ્ધની જેમ મહાવીરની તપશ્ચર્યા પણ બહુ ઉગ્ર હતી તિતિક્ષાની તેમણે સીમા કરી બતાવી. પ્રવાસમાં કૂતરાઓ તેમના પર હુમલા કરી કરડતા, ત્યારે લોકો કૂતરાને વારતા તો નહિ જ, બલ્કે સિસકારીને તેમની પર ધસાવતા. પણ શાંતિ ને અહિંસાની સાક્ષાત્ મૂર્તિ સમા મહાવીરે તે બધું શાંતિથી સહન કર્યું. આખરે તેમનો વિજય થયો. જે લાટ દેશ (ગુજરાત)માં તેમને આવાં દુઃખો સહન કરવાં પડયાં ત્યાં જ તેમની આજે આદરપૂર્વક પૂજા થાય છે.

મહાવીરની પહેલાં જૈન ધર્મમાં ૨૩ તીર્થંકરો થઈ ગએલા. એમાંના છેલ્લા પાર્શ્વનાથના પંથની તેમના પર ભારે અસર થએલી. મહાવીરે પોતાના અનુભવથી એ પંથના ઉપદેશમાં ઉમેરો કર્યો. તેમણે સંયમ ધર્મને સ્પષ્ટ ને સંપૂર્ણ બનાવ્યો. સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા ને અસ્તેય એ ચાર વસ્તુઓ સાથે અપરિગ્રહ વ્રતનો તેમણે વધારો કર્યો.

ચાલીસ વર્ષની ઉમરથી મહાવીરે ઉપદેશ આપવાનું શરૂ કર્યું, ને લાગટ બત્રીસ વર્ષ સુધી અખંડપણે તે ચાલુ રાખ્યું. બુદ્ધ ભગવાન મધ્યમ માર્ગનો ઉપદેશ કરનારા હતા, પણ ભગવાન મહાવીરે તો વિષયસુખના આત્યંતિક ત્યાગનો ઉપદેશ કર્યો. તપશ્ચર્યા દ્વારા ઇન્દ્રિયનિગ્રહ કરવાની પરંપરા ચાલુ કરી તેમણે કાયાદંડનું મહત્ત્વ વધાર્યું. પાપની જવાબદારી ફક્ત પાપ નહિ કરવાથી જ મટતી નથી; પણ પાપ ન કરવું, ન કરાવવું અને તેને અનુમોદન પણ ન આપવું તો જ પાપમાંથી મુક્તિ મળી શકે છે એવો તેમણે ઉપદેશ કર્યો. પાપ સામે તેમણે સંપૂર્ણ અસહકાર ઉપદેશ્યો. જૈન ધર્મના તે ચોવીસમા અને છેલ્લા તીર્થંકર ગણાય છે. તીર્થંકર એટલે પોતે તરી જઇ બીજા અસંખ્ય જીવોને ભવસાગરમાંથી તારનાર.

ગુજરાતના રાજા કુમારપાળ સિવાય કોઈ સમર્થ રાજા તરફથી બૌદ્ધ ધર્મની માફક જૈન ધર્મનો પ્રચાર થયો નથી. પણ આજે બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનમાંથી નાશ પામ્યો છે જ્યારે જૈન ધર્મ ગુજરાત, બંગાળ આદિ ઠેકાણે ઠીક પ્રમાણમાં છે. ચૈત્ર સુદ ૧૩ને દિવસે આ તહેવાર જૈનો ઘણા ઉત્સાહ ને ભક્તિભાવથી ઉજવે છે. કયાંક વરઘોડા પણ કાઢે છે અને આનંદોત્સવ થાય છે.

જૈનોમાં શ્વેતાંબર ને દિગંબર એવા બે ભેદ પડેલા છે. ભગવાન મહાવીરે કૈવલ્યપ્રાપ્તિ પછી વસ્ત્રનો પણ ત્યાગ કરેલો, તે પરથી તેમની પૂજા વસ્ત્ર સાથે કરવી કે વસ્ત્ર વગર એ મતભેદને લીધે બે પંથો ઊભા થયા. દિગંબર પંથ નિર્વસ્ત્ર મૂર્તિને પૂજે છે. ઉપરાંત એક ત્રીજો સ્થાનકવાસી નામનો પંથ પણ છે. તેમનામાં મૂર્તિ પૂજા નથી.

બૌદ્ધ અને જૈન ધર્મમાં વિશેષતા એ છે કે તેમાં જાતિભેદને સ્થાન નથી. ગમે તે જાતિનો મનુષ્ય તેમાં પ્રવેશ કરી શકે છે, તેમજ સ્ત્રી અથવા પુરુષ ગમે તે તેમાં ભિક્ષુ કે યતિ થઈ શકે છે.

આજે જ્યારે હિંસાના વાતાવરણમાં આખો દેશ, આખી દુનિયા સપડાઇ છે ત્યારે અહિંસાનો દિવ્ય સંદેશ જગતને આપનાર આ તહેવાર આશ્વાસનરૂપ છે. એ દિવસે સૌ આત્મનિરીક્ષણ કરીને મહાવીરના જીવનનું ચિંતન કરે. અહિંસા ધર્મનું પાલન કીડિયારું પૂરીને થતું નથી. પણ પરોક્ષ કે અપરોક્ષ રીતે, કાયિક, વાચિક અને માનસિક, કોઈ પણ રીતે બીજાનું બૂરું ન ઇચ્છીને હિંસાને રોકવી જોઈએ. ભગવાન મહાવીરે દર્દનું ઓસડ તો શોધી કાઢયું છે; તે દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડવું તે તેમનાં અનુયાયીઓના ઉત્સાહ તથા આચરણ પર અવલંબે છે.

('જીવતા તહેવારો' પરથી)



મહુડો

પ્રો. જયંતીલાલ જે. ઓઝા

વસંતમાં રમણીય પુષ્પોનાં ઝુમખાંથી શોભતી આ વનસ્પતિને સંસ્કૃતમાં 'મધૂક', 'મધુસ્રવ' અને 'ગુડપુષ્પ', હિંદીમાં 'મહુઆ' અને મરાઠીમાં 'મોહવા' કે 'મોહડા' કહે છે. અંગ્રેજીમાં તે 'The Mahua Tree' તેમજ 'The Butter Tree' નામથી ઓળખાય છે. તેનું લૅટિન નામ 'બૅસીઆ લૅટીફૉલીઆ' ('Bassia latifolia Roxb.'). 'લૅટીફૉલીઆ' શબ્દનો અર્થ 'પહોળાં પાનવાળી વનસ્પતિ' એવો થાય છે.

હિંદ, બ્રહ્મદેશ, મલાયા અને પૉલીનેશિયાનું વતની આ વૃક્ષ આપણે ત્યાં અવધ, મધ્ય પ્રાંત, મધ્ય હિંદ, ગુજરાત, કોંકણ, ઉત્તર કાનડા અને દક્ષિણ હિંદમાં સારી સંખ્યામાં થાય છે. એ ૪૦ થી ૫૦ ફીટ સીધું ઊંચું ઊગે છે. તેની છાલ જાડી, કાળાશપડતી ને તડવાળી હોય છે; અને અંતરછાલ રાતી તથા દૂધિયા રસવાળી હોય છે. થડ ટૂંકું પરંતુ સીધું હોય છે અને તે પર અનેક શાખાઓ ચોતરફ પથરાઇને ગોળ, ભરાવદાર અને નીચે શીતળ છાયા આપતી ઘટા બનાવે છે. પાન શાખાઓના છેડે ઝુમખાંમાં હોય છે. તે ૧ થી ૧½ ઇંચ લાંબી દાંડીવાળાં, જાડાં, લીસાં, ૩ થી ૯ ઇંચ લાંબાં તથા ૧½ થી ૪½ ઇંચ પહોળાં ને લગભગ લંબગોળ—તળિયે ગોળાકાર અગર સાંકડાં થતાં ને ટોચે ટૂંકી અણીવાળાં—હોય છે. કુમળાં પાનને રૂંવાંટી હોય છે. શિયાળામાં ઝાડ પરથી પાન ખરી પડે છે અને નવાં પાન માર્ચ-એપ્રિલમાં ફૂલો સાથે ફરી આવે છે.

ફૂલ આછાં પીળાં ને શાખાઓના અંતરભાગ પર ઘટ્ટ ઝુમખાંમાં હોય છે. દરેક ફૂલને ૧ થી ૧½ ઇંચ લાંબી, નીચે ઢળતી રૂંવાંટીવાળી દાંડી હોય છે. ફૂલમાં વજ્રને ચાર (ક્વચિત્ પાંચ) પાંખડી હોય છે; તેમાંની બે બહાર અને બે અંદર ગોઠવાએલી હોય છે. ફૂલમણિની પાંખડીઓ ૮ થી ૯ આછી પીળી ને માવાદાર (fleshy) હોય છે અને એ પાંખડીઓના જોડાવાથી ફૂલમણિ ઘંટાકાર બને છે. પાંખડીઓનો ઉપરનો ભાગ એકબીજાથી છૂટો હોય છે. ફૂલમાંથી

આપણી વનસ્પતિ-૪૭

આખરે આ પાંખડીઓ જમીન પર ખરી પડે છે અને આવી રીતે ખરી પડેલી ફૂલમણિની સંખ્યાબંધ પાંખડીઓ મહુડાના ઝાડ નીચે સુંદર અને સુવાસિત ચાદર બિછાવે છે. ફૂલમાં ૨૪ થી ૨૬ પુંકેસર હોય છે અને તે ઘંટાકાર ફૂલમણિ પર અંદરની બાજુએ ત્રણ હારમાં ગોઠવાએલાં હોય છે. તેના પરાગ ટોચે અણીવાળા ને પાછળના ભાગમાં રૂંવાંટીવાળા હોય છે. બીજાશય રાતું-ભૂરું ને રૂંવાટીવાળું અને સ્ત્રીકેસર-નલિકા લાંબી અને ફૂલમાંથી બહાર **પડતી હોય** છે.

મહુડાનું ફળ અંડાકાર, ૧ થી ૨ ઇંચ લાંબું, **માવાદાર ને લીલા** રંગનું હોય છે. તેમાં ૧ થી ૪ બીજ હોય છે. જૂન-જુ**લાઇ માસમાં** તે પાકે છે. મહુડો બીજ વડે ઊગે છે. તે બોરસલી, રાયણ, ચીકુ વગેરેના વર્ગની ('મધૂકાદિ' વર્ગની) વનસ્પતિ છે.

મહુડાનું લાકડું રાતું-ભૂરું, વજનદાર અને મજબૂત હોય છે. તેના એક ઘનફૂટનું વજન ૬૬ રતલ હોય છે. તે ઘણું કિંમતી ગણાય છે ને તેનો ઉપયોગ ફર્નિચર, બાંધકામ, પૈડાં, રેલવેના 'સ્લિપર' વગેરે બનાવવામાં થાય છે. મહુડાનાં ફૂલ સ્વાદમાં મધુર હોય છે ને તે કાચાં અગર રાંધીને ખાવામાં લેવાય છે. મહુડાનાં ફળ શાક બનાવવાના ઉપયોગમાં લેવાય છે. પણ મહુડો આપણે ત્યાં ખાસ જાણીતો છે બે વસ્તુથી: એક તો તેનાં ફૂલને આસવીને દારૂ બનાવવામાં આવે છે તે; અને બીજું, તેના બીજમાંથી મળતા તેલને લીધે. એ તેલને 'ડોળિયું' કહે છે. તે ખાવાના તેમજ દીવો બાળવાના ઉપયોગમાં લેવાય છે. પણ ખાસ તો સાબુ તથા મીણબત્તી બનાવવામાં તેનો ખૂબ ઉપયોગ થાય છે. કેટલાક લોકો ઘીમાં મિશ્રણ કરવા માટે આ તેલનો ઉપયોગ કરે છે; 'માર્ગરીન'ની બનાવટ માટે હિંદ બહાર તેની નિકાસ થાય છે; તેના ખોળનું સારું ખાતર બને છે; માછલાં મારવા માટે તેનો ઉપયોગ થાય છે. ખોળને બાળવાથી થતો ધુમાડો જીવડાં મારવાં માટે વપરાય છે. મહુડાનાં પાનનાં પતરાળાં બને છે. ૧૮૯૯માં પંચમહાલમાં દુષ્કાળ વખતે મહુડાંનાં પાનનો ઉપયોગ ઢોરો માટે ચારા તરીકે થએલો એવી નોંધ છે.

મહુડામાં અનેક ઔષધીય ગુણ રહેલા છે. મહુડાની છાલનો ઉકાળો બાધક અને શક્તિવર્ધક ગણાય છે. સંધિવામાં તે ઉપયોગી ગણાય છે, ને ખસખૂજલી મટાડવા માટે તે શરીરે ઘસવામાં આવે છે. મહુડાની છાલ ઘા ને ચાંદાં રૂઝાવે છે, કોઢ મટાડે છે ને હાડકું ભાંગ્યું હોય તેમાં તેનો ઉપયોગ થાય છે. છાલમાં રહેલો દૂધિયો રસ બાધક ગણાય છે. તે કફ અને સંધિવા મટાડે છે.

મહુડાનાં પાન પાણીમાં ઉકાળીને આયુર્વેદમાં ઘણાં દર્દોમાં આપવામાં આવે છે. મુખ્યત્વે તો તે શેક કરવા માટે વપરાય છે.

મહુડાનાં ફૂલ મધુર, શીતકારક, શક્તિવર્ધક અને પોષક ગણાય છે. હૃદયના રોગોમાં તે ઉપયોગી ગણાય છે. તે દાહ, પિત્તપ્રકોપ અને કાનના રોગ પણ મટાડે છે. ફૂલને આસવવાથી જે દારૂ મળે છે તેને સુશ્રુતે બાધક, શક્તિવર્ધક ને ભૂખ લગાડનાર વર્ણવેલ છે. ફૂલનો ઉકાળો કફમાં આપવામાં આવે છે. મદ્રાસમાં અર્શ(હરસ)થી પીડાતા દર્દીઓને મહુડાનાં ફૂલ ઘીમાં તળીને ખાવા આપવામાં આવે છે. મહુડાનાં ફૂલમાંથી મળતું મધ આંખનાં દર્દોમાં વપરાય છે.

મહુડાનું ફળ મધુર, શક્તિવર્ધક અને શીતકારક છે; તે લોહીમાં દર્દો, 'વાત', તૃષા, ખાંસી અને ક્ષય મટાડે છે. બીજમાંથી મળતું ઘટ્ટ તેલ ચામડીનાં દર્દોમાં વપરાય છે. આ તેલ મધુર અને [illegible] હોય છે અને તે કફ, દાહ અને પિત્તપ્રકોપવાળા તાવ મટાડે છે.

(એપ્રિલ ૧૯૬૫)

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૨૮ મો : ચૈત્ર ૧૯૮૨

અજંટા-ગુફામાંની કલાનું (કદાચ આખા ગુજરાતને) પ્રથમ સુરેખ અંકન આપતા મુખચિત્રવાળા આ અંકની આગળ તરી આવતી કૃતિ તે 'ઍટલાન્ટાની શરત'. ઇંગ્લંડના સમૃદ્ધ વિક્ટોરિયન યુગનાં કલા-સાહિત્ય-સંસ્કારની નવનિર્માણ-પ્રવૃત્તિના એક અગ્રણી વિલિયમ મૉરિસના કાવ્ય ઉપરથી શ્રી દેશળજી પરમારે કરેલો એ અનુવાદ રસળતી ગદ્યશૈલીનો એક સુંદર નમૂનો છે. ઇંગ્લંડે પ્રકટાવેલી વિરલ પ્રતિભાશો એનો મૂળ લેખક મૉરિસ માત્ર કવિ જ નહિ પણ સર્વતોમુખી કલાકાર—ચિત્રકાર, શિલ્પી, કારીગર, સમાજવાદી, ગદ્યલેખક, કવિ, સુશોભનકાર અને ઉત્તમ મુદ્રક પણ હતો. એ આખી યે કૃતિ—એક પાનું વધુ રોકીને પણ—અહીં ઉતારી છે :

આર્કેડિયાના જંગલમાં કોઈ એક જુવાન ધનુષબાણ લઈ શિકારી કૂતરાઓ સાથે પશુની શોધમાં ફરતો હતો. બપોર થયા પણ શિકારની ભાળ ન લાગી. તેથી તે નજીકની ખીણમાં વિસામો ખાવા બેઠો. થોડી વારે તે હસતો હસતો ઊઠ્યો અને ચાલવા માંડ્યો. આખા દિવસના તાપથી કાળાભઠ પડેલ તેના મુખ ઉપર પડછાયાની પેઠે એક વિચાર આવીને ઊડી ગયો.



મંદ ને શંકાશીલ પગલે તે આગળ ચાલ્યો. ઝાડ થોડાંથોડાં થતાં ગયાં. જંગલ પૂરું થયું. શિકારીએ નેણે હાથ રાખી જોવા માંડ્યું. હરિયાળાં બીડ ને ખેડેલાં ખેતર પાછળથી દેખાતું રાજા સ્કીનસનું નગર નજરે પડ્યું.

રંગભરી સંધ્યાનાં રસળતાં કિરણ ઝીલતો તે શહેરને દરવાજે આવ્યો; પણ નગર નિર્જન જેવું હતું. પરંતુ આગળ તેણે લોકોનાં ટોળાંને ધસમસતાં જોયાં. શિકારી એ બાજુ વળ્યો. ત્યાં તો એક મોટા મેદાનમાં માણસોની ઠઠ મળી હતી. કંઇક વિચિત્ર બનવાનું હોય તેમ જોનાર મંડળ આતુર અને ચૂપ હતું.

એક બાજુ કીમતી રાજછત્ર હેઠળ રાજા સ્કીનસ ગાદીએ બેઠો હતો. તેની આસપાસ પ્રધાનો ગોઠવાઈ ગયા હતા અને નીચેના ભાગમાં સૂર્યનારાયણની તથા ચંદ્રની દેવી 'ડાયાના'ની મૂર્તિઓ વિરાજી રહી હતી. સામે પિત્તળની વેદીમાં પવનને લીધે અગ્નિ-જ્યોત મંદ ડોલતી હતી. પાસે રણશીંગડું લઈ એક માણસ સજ્જ ઊભો હતો; અને ભીમસેન જેવો બીજો જણ પીળાં ફૂલે શણગારેલી તલવાર પકડી ઊભો હતો.

જરા દૂર, બે દોડનાર હરીફ પગ જોડે પગ મિલાવી ઊભાં હતાં. તેમાં એક હતો ગુચ્છાદાર વાળવાળો પાતળિયો સુંદર જુવાન. તેનાં અવયવો દ્વન્દ્વ યુદ્ધમાં અનેક વાર કસાએલાં હતાં. શરીર ઉપર એક આછું ઉત્તરીય શોભતું હતું. માથે કીર્તિમુકુટ પહેરેલો હતો અને હાથમાં વૃક્ષની ડાળખી ઝૂલતી હતી. દેવી ડાયાના જેવી શોભતી, શિકારણના પોશાકમાં તેની જોડે એક કન્યા ઊભી હતી. એના રૂપની ચમક ભયંકર હતી. જે કોઇ એની મોહિનીથી અંજાતો તે પતંગિયા માફક પોતાનો જીવ ખોતો.

સંસારી સૌ વાતો વિસારી કન્યા અચલ ને સ્થિર ચિત્તે પોતાના લક્ષ્ય તરફ અનિમિષ નજરે જોઈ રહી હતી. એનું લલાટ ચિંતાની કરચલી વિનાનું સાફ હતું. પણ એનો જુવાન જોડીદાર કોઈ ભયથી કંપતો હતો. એ કુમારિકાને જીતવાની વાસનાભર્યો તે એની ભયંકર રમણીયતા તરફ ટીકી રહ્યો હતો.

સૂર્યાસ્ત થયો. રણશીંગું ફુંકાયું. ધૂળના ગોટ ઉડાડતી શરત શરૂ થઈ. જુવાન આગળ નીકળ્યો: વાંક વળવાનો થાંભલો વટાવ્યો: પણ થોડી જ વારે તાળીઓના નાદ વચ્ચે તેણે કન્યાનાં પગલાં અને ઊડતાં વસ્ત્રોના ફડફડાટ સાંભળ્યાં. તેણે પાછું વાળી જોયું; ત્યાં તો કુમારિકા પવન વેગે આગળ નીકળી ગઇ અને શરતના નિશાનને અડી ગઇ !

નીંદરતા બાળકની જેમ કુમારિકાના શ્વાસ નિયમિત ચાલતા હતા. એના કપોલ પર હમેશની તાજગી ભરી હતી. વિજયના આનંદથી તેના હોઠ લાલ નહોતા થયા; એની આંખે નવી ઝલક નહોતી ઊડી.

પરંતુ રણશીંગું ફરી ફુંકાયું કે તરત દયાની વૃત્તિ વડે એનો ચહેરો નરમ પડ્યો. હારેલો હરીફ તો એ સાંભળી જડવત થંભી ગયો. ક્ષણભર તે કન્યા તરફ દયામણી દૃષ્ટિએ તાકી રહ્યો. પછી, જાણે મોત નજીક હોય તેમ, નિઃશબ્દ ચાલ્યો ને પેલા ભીમસેની પુરુષની તોળાએલી તલવારની ચોગોઠણભર બેસી ગયો!

ચોગમ સુનકાર છાઇ ગયો. ધીમે ડગલે કુમારિકા આગળ ગઇ. પેલો સફેદ પૂણી જેવો ચહેરો તેને જુએ ન જુએ ત્યાં તો શાશ્વત અંધારમાં તે વિલીન થયો. શોકદુઃખમાં ભારેખમ જોનાર મંડળ વેરાયું; અને પછી તો એ ઉજ્જડ પડેલી જગ્યાએ ઊડતાં ચામાચીડિયાંની ચીસો જ માત્ર સંભળાવા લાગી.

આ દેખાવ જોઈ દિઙ્‌મૂઢ બનેલા પેલા-શિકારીએ એક બુઢ્ઢાને પૂછ્યું. 'કાકા, આ બાઇ કોણ, દેવી છે કે જક્ષાણી ?'

'જક્ષાણી જ ભાઈ. એ ડાકણે ઘણાક જુવાનિયાને ભરખી લીધા છે. રાજા સ્કીનસની એ કુંવરી હવે મરે તો સારું. આજ તેં જોયું તેમ કેટલાયે જુવાનોના તેણે શરતના મેદાનમાં પ્રાણ લીધા છે. કેમ ? એને વશ કરવાની તને પણ દુર્વાસના જાગી છે કે શું ? સાંભળ બેટા, કોઈ બીજી કન્યા શોધી લે. એ તો લગ્નનો સાળુ ઓઢવાની જ નથી; કેમકે એ તો શરતમાં પોતાને જીતે એને જ પરણવાની છે. ને એવો કોઈ માઇનો પૂત હજી જન્મ્યો નથી. ઍટલાન્ટા જોડે પ્રેમ કરવો તે મોત જોડે પ્રેમ કરવા જેવું છે. પછી તો તારી મરજી.' આટલું

બોલી પેલો વૃદ્ધ ઘર તરફ ચાલતો થયો.

જુવાન શિકારી પાછો વળ્યો. ફિક્કી ચાંદની ગીચ જંગલ ઉપર રેલાતી હતી. ગાંડા જેવો તે એક ઝાડથી બીજે ઝાડ ભમતો અને કાગાનીંદરમાં રાત ગાળી. પ્રભાતે રમણીય સ્થળોમાં ફરવા લાગ્યો; શિકાર માંડ્યા; પણ કેમે ય એની બેચેની ઓછી ન થઈ.

આર્ગોસ પરગણાનું શહેરેશહેર તે ફર્યો. ત્યાં રખડીરખડી, અનેક મલ્લો જોડે કુસ્તી લડી કીર્તિ, સ્તુતિ ને લક્ષ્મી મેળવી. પરંતુ કશાથી તેને ધરપત ન વળી. એના અંતરમાં ઍટલાન્ટાની લગની લાગી હતી.

ફરી તેણે સ્કીનસના શહેર ભણી પગલાં માંડ્યાં. ફરી તેણે શરત જોઈ. ફરી તેણે હરીફ બનવાનો નિર્ધાર કર્યો ફરી તેણે કુળનો કીર્તિકળશ ચડાવવાનો ટેક લીધો.

બીજે દિવસે વહેલો ઊઠી તે રાજમહેલને રસ્તે વળ્યો. ખૂબ વાર તે ત્યાં ઊભો. દરબાર ભરાયો અને રાજસાહેબની પધરામણી થઈ. ટોળાં વચ્ચેથી માર્ગ કરી તે સિંહાસન સુધી પહોંચ્યો. લોકો અંદરઅંદર આ દેવ જેવા સ્વરૂપવાન છોકરાની વાત કરવા લાગ્યા; અને એક બુઢ્ઢીએ તો તેના વસ્ત્રની ચાળ ખેંચી ઊભો રાખી શિખામણ દીધી કે 'બેટા, આવી ઝળહળતી જિંદગી શું તારી વણમોલી છે કે આમ વધેરાવા ચાલ્યો? આ ઍટલાન્ટાએ તો ચંદ્રની દેવી ડાયાનાને અવિવાહિત રહેવાનું વચન દીધું છે, ને દેવી એને વીરાંગનાનો યશકિરીટ પહેરાવશે. માટે ડાહ્યો થઇને આ ધારણા માંડી વાળ ને આ ફૂલ જેવી ખીલતી જુવાની ધૂળભેગી ન રોળવ.'

પણ આ બોધવચન કોણ સાંભળે? પેલો જુવાન તો રાજાના સિંહાસન આગળની ખુલ્લી જગ્યામાં આવી ઊભો. રાજાએ પૂછ્યું, 'ભલા જુવાન, તું કોણ છે અને અહીં શા કાજે આવ્યો છે? શું તું બીજાની જેમ મારી પુત્રીના પાણિગ્રહણ માટે જ નીકળ્યો છે?'

'હા નામદાર, આપ સત્ય વાત બોલો છો. મારું નામ મિલેનિયન છે અને હું રાજા ઍમ્ફીડેમસનો કુમાર છું.'

'કુમાર, તું કોઈ હૃષ્ટપુષ્ટ જોડે દ્વન્દ્વ ખેલવા આવ્યો હોત તો વધુ સારું થાત. પણ તું તો હાલીચાલીને આપમેળે મરવા જ મારે ઘેર આવ્યો જણાય છે. હું તો ઘરડો થયો છું; પણ મોત એટલું સહેલું નથી. જીવતો નર ભદ્રા પામશે એની તને જાણ છે?'

'રાજસાહેબ, એ બધો વિચાર કરીને જ આવ્યો છું. હવે તો મારી શરત સારુ—મારા વિજય કે મૃત્યુભેટ માટે—આપ કયો દિવસ મુકરર કરો છો? આજ કે કાલ? એ જલદી બને તો બહુ ઠીક.'

'ના કુમાર, એમ તો નહિ. તમે એક માસ રાહ જુઓ ને તમારા પ્રિય ઈષ્ટદેવનું આરાધન કરો. એમ કર્યે કદાચ તમે ઊગરો; અને પછી ક્ષેમકુશળ હું મારી કુંવરી તમને પરણાવું. તે દરમિયાન તમે મારા મહેમાન થઇને રહો અને સંસારની ખટપટ ભૂલી જાઓ. વળી, એ દરમ્યાન હું પણ જો કદાચ મૃત્યુની ઘોર નિદ્રામાં પડું અને આ માયાજાળથી છૂટું, તો તમે મારા કફનને ફૂલમાળ ચડાવજો.'

'એમ ન કહો, મહારાજ.'

'કુમાર, ખરેખર હું કંટાળ્યો છું. આ રોજ-રોજની હત્યાઓ જોઈ મને મરવાનું મન થાય છે. આ નવજુવાનોનાં લોહી હુંથી જોયાં નથી જતાં, ને તેમાયે તારા જેવો દૂધમલ...'

'મહારાજ, હું મારાથી બનતું જરૂર કરીશ. આપ નચિંત થાઓ. આપના કહેવા મુજબ હવે હું ઇષ્ટદેવની પ્રાર્થના કરવા જાઉં છું અને નિરધારેલી તિથિએ અવશ્ય પાછો આવીશ.'

એટલું બોલી, રાજા સ્કીનસની રજા લઇ, મિલેનિયન આર્ગોસ તરફ ચાલી નીકળ્યો.

આર્ગોસ પરગણાના કાંઠા ઉપર નિર્જન એકાન્તમાં એક દેવીનું મંદિર આવેલું છે. તેને પિત્તળનાં દ્વાર છે ને દ્વાર પર વનવેલીઓ વીંટળાઇ છે. અંદર દેવીની આરસમૂર્તિ સુંદર મધુર સ્વરૂપે ઊભી છે. ભરતી વેળાએ સમુદ્રનાં જળ છેક નીચેથી અદ્ધર ઊછળી દેવીનાં ચરણ દિવસમાં બે વાર પખાળી જાય છે. દેવીના મસ્તક પર તેનાં ભક્તજનોએ ધરેલી અનેક અમૂલ્ય ભેટો ઝમી રહી છે. અહીં ઘણાક પ્રેમીઓ પૂજા-પ્રાર્થના વડે એ સૌંદર્યદેવી 'વીનસ'ને પ્રસન્ન કરી તેની કનેથી રૂપવંતી પ્રિયતમાઓ મેળવવાનાં વચન લઈ ગયા છે.

મિલેનિયન દેવીમંદિરે આવ્યો. તેણે પ્રતિમા આગળ અપૂર્વ ભેટસોગાદો ધરી. પછી ધૂપદાનના ઊડતા ગોટાઓમાં ઝાંખી દેખાતી એ મૂર્તિ આગળ તે ધીમે સાદે પ્રાર્થના કરવા લાગ્યો: 'દેવી! તેં અનેક કુમારો અને કુમારિકાઓની વા'ર કરી છે: તો આ દશામાં મને તરછોડીશ મા. અમે, કે જે કાંઇ પણ છળકપટ વગર ભોળે ભાવે ચાહીએ છીએ તેમને તું તિરસ્કારીશ નહિ. આ તારું સ્મિત અમને આશિષરૂપ નીવડો.

'ઓ મહેશ્વરી! કોઈકને રાજપાટ જોઈએ, કોઇકને કીર્તિ જોઈએ, કોઈકને દ્રવ્ય. પણ તું જાણે છે કે મારે એમાંનું કશું જ નથી જોઈતું.

'મારે તો સ્નેહનો સુવર્ણયુગ જોઇએ છે. પ્રેમની એકાન્ત, જ્યાં સંસારની ધમાલ ન હોય. તો હવે તારા કૃપાપ્રસાદનું કંઈક ચિહ્ન મને આપ. અને પછી જ હું જઇ મૃત્યુને ભેટું; અથવા અમારું પ્રેમી યુગલ અહીં આવી તારાં રજતશ્વેત ચરણકમળને ચૂમી વંદે.'

એમ પ્રાર્થીને મિલેનિયન તો પાસેના થાંભલાને અઢેલી ઊભો. દૃષ્ટિ તો એની દેવીની મૂર્તિ પર જ અનિમિષ ચોટી હતી. આમ ને આમ આકાશના વાદળી પટમાં સંધ્યાનાં સુવર્ણરંગી ચિતરામણો કુંકુમવર્ણાં અને ભૂરાં થવા માંડ્યાં, અને સાગરઓટનો મંદ પણ સ્પષ્ટ ખળખળાટ નમતી સાંજમાં અવિરત સંભળાવા લાગ્યો. પણ કુમાર તો અડગ ઊભો. એક પલકમાં રાત વળૂંધી. થોડીક વારે ઉદયમાન ચંદ્રનાં કિરણ જૂથના સ્તંભો જગતપટ ઉપર રોપાયા ને સૌંદર્યદેવી વીનસનું શાશ્વત સ્મિત ઉજ્જવળ લસી રહ્યું. દેવીની સોનાવરણી મશાલ સળગી. મંદિરની કુમારિકાઓ પોતાના ઉત્તરીયના ફરફરતા છેડા સંકોરતી હારબંધ આવીને મધરાતનું ગીત ગાઇ નૃત્ય કરી ગઇ. પછી તો સઘળું સુનકાર પડ્યું ને ત્યાં ગાઢ શાંતિ પથરાઈ.

સાગરનાં જળ ઊછળીને પગથિયે અડકવા માંડ્યાં; ઊડીઊડીને ઉષા આવી લાગી ને તેણે પેલા દેવીભક્તને તે જ થાંભલે મીંચાએલી પાંપણે પડેલ દીઠો: છલકતાં પાણીની છાળો તેના ઉપર અફળાઇને ચાલી જતી; પણ કુમાર ભાનસૂનો સૂઈ જ રહ્યો હતો.

સૂર્યનારાયણે મંદિરનાં શિખર સોનેરી રંગી દીધાં ત્યારે, અચિંત્યો કંઈ સંકેત થયો હોય તેમ, મિલેનિયન ઊઠ્યો અને ફરીવાર



જાગ્રત ધ્યાનમાં બેઠો.

કંઈક નવી આશા-નિરાશામાં એ આમતેમ ફરવા માંડ્યો. એના મોં પર ગુલાબી અને પીળચટા રંગના પટ બદલાવા લાગ્યા અને તેની નજર અફાટ વ્યોમ તરફ લંબાઈ.

એવે, અચાનક, ચળકતો કો વાદળગોટ હોય તેમ, પ્રકાશનો પુંજ ઊડીને પાસે ને પાસે આવ્યો, ને આ-

વતો ગયો તેમ મોટા મોટા થવા માંડયો. મિલેનિયનની આંખ અજવાળે ભરાઇને અંજાઇ ગઈ.

હવે તો એ પ્રકાશમાંથી મધુર આમોદ છૂટયો અને કોઈ ઊંડા સુખાનુભવને લીધે કુમારનું મસ્તક નીચું ઢળ્યું. આ પળે એને કોઇ વાસના નહોતી, કોઈ સ્વપ્ન નહોતું, સુખના કારણની કોઈ જાણ નહોતી.

હવે એની આંખનાં આંસુ ગળી પડયાં. નજર ચોખ્ખી થઈ અને દેવીની દિવ્ય મૂર્તિનાં દર્શન થયાં. મોટેથી તે 'વીનસ!' એમ દેવીનું નામ પોકારી ઊઠયો અને બીજી જ પળે ભય ને શરમનો માર્યો ચૂપ થયો.

સુનકારમાંથી સાદ આવતો હોય તેમ દેવીનો રૂપેરી કંઠ સમળાવા લાગ્યો:

'મિલેનિયન, તું શાને શંકાશીલ છે? જેઓ મારાં ભક્ત છે તેઓ સદા નિર્ભય છે. મારું કહ્યું માનીશ તો તું એ ક્રૂર કુમારિકાને પ્રેમ-વિહોણું મૃત્યુ પામતી બચાવીશ. જો, મારા પગ આગળ દમાસ્કસનાં ત્રણ પવિત્ર સુવર્ણ-ફળ પડયાં છે. તે સુંદર છે એટલું જ નહિ, પણ માનવહૃદયમાં અનેરી આકાંક્ષા જગાડે એવાં છે. એ ફળના દર્શનમાત્રથી એ પવન-વેગી કન્યા પોતાનું લક્ષ્ય ચૂકશે ને તું વિજય મેળવીશ. શરતમાં એ તારાથી આગળ નીકળે ત્યારે, એ જૂએ તેમ, આમાંનું એક ફળ તું આડરસ્તે ગબડાવજે. મોહવશ બની એ જરૂર ફળ પાછળ દોડશે, ને તું તારી દોડ ચાલુ રાખજે. એ જ રીતે બીજાં બે ફળનો ઉપયોગ કરજે. અને પછી જ્યારે વનદેવોની એ વીર શિષ્યા પોતાનાં કૌમારવસ્ત્રો ઉતારે અને તને વાદળઘેરી આંખો વડે માયાળુ નજરે જોઈ રહે ત્યારે—બેટા તું કંપે છે કેમ?—આ તારી સુખવિધાત્રી વીનસને ન વિસારીશ.'

આ બોલતાં તો દેવી એટલી મધુર અને માયાળુ બની કે કુમારે તેની સામે જોવા માથું ઊંચું કર્યું. પણ...પણ બહુ મોડું. ત્યાં હતી માત્ર શ્વેત આરસપ્રતિમા; અને પાસે



પડેલાં [illegible]

આંખ ચોળીને તેણે એ સુવર્ણફળ ઊંચકી લીધાં. આતુરતા ને ચિંતાભરી રાતોના ઉજાગરા હતા, ગઈ રાતનું જાગરણ હતું, અને છતાં તેને લાગ્યું કે પોતે ઊંઘી શકશે નહિ. પણ એવામાં આંખ પર એક સૂર્યકિરણ પડતાં એનું પોપચું બીડાયું ને કુમાર ઊંઘમાં પડયો.

બપોર પછી મિલેનિયન આનંદભર ઊઠયો અને વિચાર કરતાં પણ આનંદનું કારણ કળી શકયો નહિ. ત્યાં તો તેની આંખ પેલાં ચક-ચકિત સુવર્ણફળ તરફ ફરી. પછી તો દેવીને નમન દઇ એ ચાલ્યો.

માસની મુદત વીતી ગઈ છે. મેદાનમાં લોકની મેદની સગથર જામી છે. પહેલાંની જેમ આ શોકનો દેખાવ નથી. સૌ જોનારાંની વચ્ચે પડછંદ જેવો જુવાન મિલેનિયન ઊભો છે. પણ કન્યાના ચહેરા ઉપર આ શો અજબ ફેરફાર! શું એ કુમારની ચળકતી આંખમાં તલવારની ધારનો તિરસ્કાર, આશા અને વિજય જોઈ રહી છે? કુમારના હોઠ આટલા લાલલાલ શા? મુખ પર આવડા સુખની માધુરી શી? વિજયનો ઉન્માદ શો? જાણે કે દેવ મનગમતી કન્યા પરણવા જતો ન હોય!

અને કુમારની નજર સામેથી એ પોતાનાં પોપચાં સંકેલી કેમ લે છે? મિલેનિયનની સન્માનશીલ દૃષ્ટિમાત્રથી એને ગાલે શરમ-નાં કૂંડાળાં કેમ પડે છે? એને એમ કેમ લાગે છે કે પોતે આવા હરીફના પોશાકમાં ન આવી હોત તો? શું ઍટલાન્ટા કોઇ પ્રેમ-ગીત સાંભળે છે? કે કન્યાનો લગ્નકોલ?

શરતનો સમય ભરાય છે તેમ એને કંપારી કેમ છૂટે છે? શરમભરી હાર અને કોઇકની દુઃખદ જીતનો ભય એને કેમ લાગે છે?

ઍટલાન્ટા પોતાના હૃદયના ધડકાટ સાંભળતી નથી. એટલામાં તો રણશીંગું ફુંકાયું અને—અને...આ શરત છૂટી! વેગભર એના પદ્મશ્વેત પગ ઊપડયા; ઘડીક ધીમા પડયા. ત્યાં તો તેણે પાછું જોયું ને ચીસ પાડીને ઊપડી. લોકોએ ધાર્યું કે મિલેનિયન મૂઓ!

એવે, પ્રકાશનું કિરણ દોડતું જાય તેમ, જમીન ઉપર કંઇક દડયું. એ જોઇને સહસા એ કન્યાના હૃદયમાં વાંછના જાગી. એને થયું કે અંતરિક્ષથી કોઇ દેવની ભેટ આવી પડી. તરત તે આડી ચાલી, સુવર્ણફળને ઊચકી કોમળ હૂંફાળી છાતીમાં સંતાડયું અને પાછી શરતમાં દોડી. પણ એટલામાં તો કુમાર કયાં ય નીકળી ગયો હતો.

એક હાથે ફળ પકડી, જોરભેર એ ઊપડી ને આગળ વીંઝાઈ. દોડતાં એનું ધનુષ છૂટી પડયું ને ભાથામાંથી ત્રણ બાણ પડી ગયાં. જેવો મિલેનિયન વળાંકના સ્તંભને અડકવા જાય છે કે એનાં આંગળાં નીચેથી કોઇનો હાથ સરકી નીકળ્યો. એની આંખ આગળથી એ શ્વેત-વર્ણી કન્યા એકસપાટે પસાર થઇ ગઈ.

સમયસૂચક મિલેનિયન એકદમ બીજું સુવર્ણફળ ફેંકે છે. હબકી હોય એમ ઍટ-લાન્ટા અટકે છે. અને દોડી, ફળ લઇ, હવા વીંધી દૂરસુદૂર ફેંકાય છે.

શરતના નિશાનને હવે વાર નથી. કુમારની લગોલગ એ આવી કે તરત તેણે પોતાનું મોં એની આંખ તરફ માંડયું અને ત્રીજું સુવર્ણ-ફળ છોડયું. આબાદ તીર માફક એ છટકી ત્રીજા ફળ પાછળ પડી. લીધું અને તરત એ દારુણ વિજય મેળવવા દોડી.

પણ એને આ શ્વાસ શાનો ચડયો? અને પગ ભારેખમ કેમ થયા? અરે, એ નિશાન પણ દેખી શકતી નથી: આંખે ઝાંખ વળે છે, શરીરે ધ્રૂજ છૂટે છે, કોઈ આધાર ખોળવા એ હાથ લંબાવે છે; અને પેલા કુમારનો હાથ પોતાને ઝીલી લેતો જુએ છે. અપૂર્વ સુખમાં પડે છે અને પોતાની વસમી હાર થઈ જોઇ આનંદનાં આંસુ ટપકાવે છે!

બસ, રણશીંગું ફેંકી દો; શગિયાણાના થાંભલા કાઢી નાખો; યજ્ઞવેદી ઉપર તલવાર ભાંગી નાખો; અને અવસન્ન જુવાનોના આત્માઓની સદ્ગતિ માટે ધૂપ કરો.

સ્કીનસ! તારા ભંડાર ખુલ્લા કર, અને સુવર્ણકટોરા ને કટિમેખલા, કેસર-છાંટયા સાળુ ને હિમશીત અંજન વડે વરઘોડિયાંનું અર્ચન આદર. ઓ દેવકુમારિકાઓ! કોઇ શીતળ મંડપ હેઠળ આ નવવધુનો લગ્નોત્સવ માણો; કેમકે ઍટલાન્ટા સૌંદર્યદેવી વીનસને ચરણે પોતાની કૌમારમેખલા અને ધનુષ-બાણ ધરવા આવી છે.





ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ



દૂર પૂર્વના પ્રશ્નોનો શાંતિમય ઉકેલ લાવવા માટે ગયા મે માસમાં ફિલિપાઇન્સમાં સાત પ્રજાઓના પ્રતિનિધિઓ મળેલા તે પ્રસંગના સ્મરણમાં એ દેશે કાઢેલી ટિકિટ: તેમાં પૃથ્વીના ગોળા ઉપર એશિયાના દેશોને કાળી આકૃતિથી દર્શાવીને તે પર શાંતિનું કપોત આવી રીતે ઊડતું બતાવ્યું છે.

આગાઉ (અંક ૨૨૩માં) કહેવાઈ ગયું છે કે ટિકિટો આલ્બમનાં પાનાં પર સીધેસીધી કદાપિ ન ચોડવી. જેને માહિતી નથી હોતી એવા શિખાઉ સંગ્રાહકો લાહી કે ગુંદરથી ટિકિટો ચોડે છે. કેટલાક એવા બેદરકાર પણ જોયા છે, જે ટિકિટ પાછળ એટલો બધો ગુંદર લપેડે છે કે ટિકિટ નીચેથી તે બહાર નીકળી આખી આલ્બમને પણ ખરડે છે આ ગંદી ટેવ આપણને ભુડથલ ગણાવે છે.

પાછળ ગુંદરવાળી કોરી ટિકિટને પણ 'સીધી' આલ્બમમાં ચોડવી એ પણ ખોટું તથા નુકસાનકર્તા છે, તો પછી ગુંદર લગાડવાની તો વાત જ ક્યાં? ગુંદરથી આલ્બમ તો ગંદું થાય જ છે, પરંતુ ઘણીવાર ટિકિટ પણ ખરડાય છે કે બગડે છે. ને તેમ ન બન્યું હોય તો પણ, એ ટિકિટ કારણવશાત્ જ્યારે ઉખેડવી હોય ત્યારે તો ખાસ અગવડ ને ત્રાસ થાય છે. સીધી ચોડેલી ટિકિટ આલ્બમમાં જો આખી ચોડી હોય તો ઉખેડતાં જરા બેદરકાર રહેતાં કાં તો ટિકિટ ફાટે છે અગર આલ્બમના કાગળનું પડ લઇને ઉખડી તેને ફૂંછાંવાળું બનાવે છે. ભીના બ્લૉટિંગનો ટુકડો લગાડીને ઉખેડવું પણ સલામત નથી, કેમકે વારંવાર ભીનો કાગળ લાગવાથી ટિકિટના છાપના રંગનો ઓપ ચાલ્યો જાય છે, ને ટિકિટનો કાગળ પણ ઢીલો પડે છે. એટલે કદી ટિકિટોને આલ્બમમાં સીધી ચોડવી નહિ.


તેને માટે 'હિન્જ' નામનું સાધન આવે છે. તેને 'માઉન્ટ' પણ કહે છે. ચીકણા, પારદર્શક, અત્યંત પાતળા કાગળ (બટરપેપર)ની એક બાજુ ગુંદર લગાડેલી એ નાની લંબચોરસ ટિકડીઓ હોય છે; અને મિજાગરાંનાં પાંખિયાંની માફક તેને વાળીને તેનો એક ભાગ ટિકિટને તથા બીજો ભાગ આલ્બમ પર ચોડવાનો હોવાથી તેને 'હિન્જીઝ' કહે છે. (અંગ્રેજીમાં 'હિન્જ' એટલે મિજાગરું.) ટિકિટસંગ્રહનો સામાન વેચનારા કોઇપણ વેપારીને ત્યાં તે ઑાસ, સો કે હજારનાં પૅકેટ કે ડબ્બીઓમાં વેચાતી મળે છે ને બહુ સસ્તી હોય છે.

એ 'હિન્જ' વડે ટિકિટને આલ્બમમાં પદ્ધતિસર ને કાળજીપૂર્વક ચોડવી જોઇએ નીચેની આકૃતિમાં એ પદ્ધતિ ક્રમસર બતાવી છે. પહેલાં તો એક ટિકડીને (ચીપિયા વડે પકડાય તો વધુ સારું) લઇ, ગુંદરવાળી બાજુ ઉપર રહે તેમ, તેનો ત્રીજો ભાગ વાળો. (આકૃતિ ૧-૨) પછી આકૃતિ ૩માં તીરના નિશાનથી બતાવ્યા પ્રમાણે એ ⅓ ભાગને પ્રથમ સહેજ ભીનો કરો. પછી ટિકિટને એક કોરા કાગળ ઉપર ઊંધી મૂકી, એ ભીંજવેલો છેડો ટિકિટની પાછલી બાજુને મથાળે લગાડી દબાવી દો. એમ કરતાં એટલું ધ્યાન રાખવું કે ત્યાં ટીકડી વાંકાચૂંકી ન ચોંટતાં બરોબર સીધી ચોંટે ને ટિકિટના મથાળાથી સહેજ અંદરના ભાગમાં રહે—મથાળાની કિનારની બહાર ન નીકળી જાય. (જુઓ આકૃતિ ૪).


હવે ટિકિટને ચીપિયા વડે પકડી, ટિકડીના બાકી રહેલા ⅔ ભાગને (આકૃતિ ૫માં તીરના નિશાનથી બતાવ્યા મુજબ) ભીનો કરો અને પછી આલ્બમમાં મુકરર કરેલી જગ્યાએ, બરોબર પ્રમાણસર ને સુસ્થિત રીતે, (વાંકાચૂંકી ન રહે તે રીતે) ટિકિટને લગાડી આછા દાબ વડે દબાવી દો. આકૃતિ ૬માં એ રીતે ચોડાએલી ટિકિટની નીચે 'હિન્જ' કઈ રીતે આવી રહેલી હશે તે તુટક લીટી વડે બતાવ્યું છે. આ 'હિન્જ' વાપરવાનો એક ફાયદો એ પણ છે કે ટિકિટની પાછલી બાજુએ તેનો 'વૉટર માર્ક' કે એવું કાંઇ તપાસવું હોય તો, તરત ટિકિટને સહેલાઈથી (મિજાગરાની માફક) ફેરવીને તેની પીઠ પણ તપાસી શકાએ છીએ: જુઓ આકૃતિ ૭. તેમાં લંગરની આકૃતિવાળો વૉટરમાર્ક દેખાય છે. (એ 'વૉટરમાર્ક'ની વાત આપણે આગળ કરીશું) આમ, એ ટિકડીનું 'હિન્જ' નામ સાર્થ છે.

જેમને આવી 'હિન્જ' મળી ન શકતી હોય તેઓ (તથા બીજા પણ કેટલાક) ઘણીવાર ટપાલની ટિકિટોને છેડે આવતી ગુંદરવાળી કોરી પટ્ટીઓનો ઉપયોગ કરે છે. પણ એનો ગુંદર કડક હોવાથી તથા તે કાગળ જાડો હોવાથી વધારેપડતી સજ્જડ ચોંટી જાય છે, અને જરૂર પડ્યે ઉખેડતાં તકલીફ પડે છે. તૈયાર મળતી 'હિન્જ'નો કાગળ પાતળો ને તેલિયા ચિકાશવાળો હોવાથી તે જરૂર પૂરતી જ ચોંટી રહે છે. અને જ્યારે ઉખેડવી હોય ત્યારે સરળતાથી ઊખડી આવે છે.

એક વિશેષ સૂચના: કદાચ 'હિન્જ' લગાડેલી ટિકિટ આલ્બમમાં ભૂલથી વાંકીચૂંકી ચોંટી ગઈ હોય તો તેને સુધારી લેવા માટે તરત ને તરત ન ઉખેડતાં રહેવા દઇ બીજે દિવસે ઉખેડજો. એથી 'હિન્જ' પરના ગુંદરને સુકાવાનો અવકાશ મળવાથી ટિકિટના કે આલ્બમના કાગળને નુકસાન કર્યા વિના સરળતાથી ઉખેડાશે. (ચાલુ)



'હિન્જીઝ' વડે ટિકિટો આલ્બમમાં ચોડવાની પદ્ધતિઓ દર્શાવતી આકૃતિઓ



કુમારપાળે બંધાવેલા સોમનાથ-મંદિરના ભગ્નાવશેષનો છેલ્લો ફોટોગ્રાફ : નવું મંદિર બંધાવવા માટે તેને હવે પાડીને પાદર કરી નાખવામાં આવ્યું છે. નીચે : મંદિરના ખંડેરોમાંથી નીકળેલું એક સુંદર દેવમૂર્તિનું મસ્તક (ફોટો · કુસુમ જ. ઠક્કર ભાવનગર)

સોમનાથના મંદિરનો નાશ

લેખક · રત્નમણિરાવ ભીમરાવ

સૌરાષ્ટ્રના સાગરતટે વિરાજતા ને ભારતનાં જ્યોતિર્લિંગોમાં પ્રથમ ગણાતા, એકકાળના ગુજરાતી મહારાજ્યના ઈષ્ટદેવ ભગવાન સોમનાથના પવિત્ર સ્થળ-



નું પુનઃ નવવિધાન થાય એ આપણે માટે ગૌરવની વાત છે. આવતી તારીખ ૧૧મી મેના રોજ તેની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. સોમનાથ પાટણ એક સમયે ગુજરાતનું ધાર્મિક પાટનગર હતું, પરંતુ દુર્દૈવે એ સ્થળની અનેકવાર દુર્દશા કરી એ તો ઇતિહાસમાં પ્રસિદ્ધ વાત છે.

એવા વિધ્વંસ પછી ઇતિહાસના યુગેયુગે સોમનાથના જીર્ણોદ્ધાર થયા છે, પરંતુ તે દેશકાલને અનુસરીને થયા છે. તેમાં છેક હમણાં સુધી જે ખંડિયેર તરીકે ઊભું હતું અને થોડા માસ ઉપર જ જેને જમીનદોસ્ત કરવામાં આવ્યું તે છેલ્લું મંદિર ગુજરાતની સંસ્કૃતિના એક મહાન જ્યોતિર્ધર મહારાજ કુમારપાલે બંધાવેલું. (જુઓ ઉપરનું ચિત્ર.) એ પૂર્વે બે સદી પહેલાં મહમૂદ ગઝનવીએ ભ્રષ્ટ કરેલું મંદિર કેવું હશે એ જાણવાનું આજે કાંઈ જ સાધન નથી. સોલંકી-વાઘેલા સમયમાં આ મંદિર જાહોજલાલીની ટોચે હતું. અલ્લાઉદ્દીનના લશ્કરે ૧૩મી સદીના અંતમાં એ મંદિર ભાંગ્યું. એ પછી સમયને અનુસરીને એના જીર્ણોદ્ધાર થયા કર્યા હતા. અને હવે જે ખંડેર આજ સુધી ઊભું હતું એને સાફ કરી દઈને એ સ્થળે નવું મંદિર બાંધવાનું કાર્ય આજ ચાલી રહ્યાનું કહેવાય છે.


મંદિરો ભંગાયા છતાં ભગવાન સોમનાથની પૂજા કદી બંધ રહી નથી એમ પણ ઈતિહાસ કહે છે. ઔરંગઝેબના હુકમથી જ્યારે મંદિર છેવટનું ભ્રષ્ટ થયું ત્યારે જીર્ણોદ્ધારનો પ્રશ્ન આવ્યો, ને ૧૮મી સદીના પાછલા ભાગમાં માળવાનાં મહારાણી અહલ્યાબાઇ હોળકરે કુમારપાળના ખંડેરથી થોડે છેટે નવું નાનું સાદું મંદિર બંધાવ્યું, જેમાં આજે પણ ભગવાન સોમનાથ પૂજાય છે.

પુરાતન અવશેષોનું રક્ષણ કરવું એ સરકારના પુરાતન સંરક્ષણને લગતા કાયદાથી આર્કીઑલૉજિકલ ખાતાનું કર્તવ્ય છે. કુમારપાળના મંદિરના ખંડેરનું ખોદકામ કરતાં એની ભવ્યતાનાં સૂચક અનેક ચિહ્નો ત્યાંથી જણાઇ આવ્યાં છે. (જુઓ સાથેનાં ચિત્રો). ઈતિહાસનું આવું એક ભવ્ય સ્મરણ સાચવી રાખવાને બદલે એ ખંડેર આ રીતે નામશેષ કરી નંખાયેલું જોઇ ઇતિહાસના અભ્યાસીને તો જરૂર દુઃખ થાય. પશ્ચિમના જડ ગણાતા દેશોમાંય પ્રાચીન ખંડેરોને કેટલા ગૌરવ ને પ્રેમથી સાચવે છે એ જાણીતું છે. ભવ્ય સ્થાપત્યના અવશેષ ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ પણ એ ખંડેરનું મહત્ત્વ હતું. ભારતમાં વિધર્મી મહારાજ્ય જામ્યા પછી તો મંદિરો ભ્રષ્ટ થયાનાં કારણો પ્રસિદ્ધ છે. પરંતુ મહમૂદ ગઝનવીએ ભારત ઉપર અનેક હુમલા કર્યા ત્યારે વસ્તુસ્થિતિ

જુદી જ હતી. ને સમય વિધર્મી કે વિદેશી સત્તા કોઈ નહોતી. ગઝનીથી હજાર માઈલ છેટે, અનેક વિરોધી રાજ્યો ને રણ વટાવીને મહમૂદ લૂંટ કરી પાછો ફર્યો અને એની એ લાંબી મજલમાં એનો પુરવઠો પણ કોઈ ન તોડી શક્યું એ તો ભારતના ઇતિહાસમાં એક ભયંકર ને શરમજનક બીના છે. એના આક્રમણે જ અનેક પરદેશી આક્રમણકારોને રસ્તો બતાવ્યો અને આપણા સમાજની નબળાઈ પણ બતાવી. સમાજની કઇ અને કેવી નબળાઈથી આમ બન્યું એ સામાજિક ઈતિહાસના સંશોધનનો વિષય છે. એ ખંડેરોના આ અવશેષો આપણી આબધી ત્રુટીઓનું ભાન નથી કરાવતા? ગયા ઑક્ટોબરમાં જૂનાગઢમાં મળેલી સૌરાષ્ટ્રની પહેલી ઈતિહાસ-પરિષદમાં જૂના મંદિરને રહેવા દેવાનો ઠરાવ થયો હતો, એના ઉપર પણ કોઈએ ધ્યાન આપ્યું લાગતું નથી.

આજે દેશકાળ બદલાયો છે ત્યારે સ્વાભાવિક રીતે જ સોમનાથની એ ભવ્ય પ્રાચીન સ્મૃતિ તાજી કરવાનું મન આપણને થાય. પરંતુ ઇતિહાસના પ્રેમીને તો આઘાત લાગશે કે એ પ્રાચીન અવશેષોનો આમ સમૂળો નાશ કરીને એ સ્મૃતિ જળવાશે? અહલ્યાબાઈ હોળકરનો દાખલો આપણી સમક્ષ ક્યાં ન હતો? તેમણે સોમનાથના પુરાણા જર્જરિત મંદિરને હાથ ન લગાડતાં દેવપૂજા માટે નવું જ સ્થાન નિર્માણ કર્યું. એ તો માળવાની મહારાણી હતી. ગુજરાત-મહારાષ્ટ્ર માળવા પર ત્યારે શિવભક્ત હિંદુ મહારાજ્યની સત્તા હતી. એણે ધાર્યું હોત તો કરોડ ખર્ચીને એ ઇષ્ટદેવનું મંદિર બંધાવી શકત. છતાં તેણે નવા મંદિર માટે દસ હજાર રૂપિયા ખર્ચ્યાં એમાં દેશકાળને અનુસરવાનું ડહાપણ હોવાનું કેમ ન માનવું? આપણે સ્વાતંત્ર્ય પછીની સાંસ્કારિક અસ્મિતાની જાગૃતિના આ કાળમાં જો નવું મંદિર ઊભું કરવું જ હોય તો એ જ રીતે જૂનાને સાચવીને નવું થઇ શકત. પણ જૂનાને જમીનદોસ્ત કરવાની શી જરૂર હતી? આજે દેશના ને દેશની આર્થિક સ્થિતિના સંજોગો બદલાયા છે. એવે સમયે ભગવાન સોમનાથની પૂજા આજ કરતાં સારી રીતે થાય, અને પૈસો નવા મંદિરને બદલે એમના ભક્તો—દેશના લોકોના સાંસ્કૃતિક વિકાસ માટે વપરાય એ ઇષ્ટ નથી?

ઇતિહાસ કહે છે કે તેરમી સદીમાં નાનાક નામે એક વિદ્વાન નાગર કવિ થઇ ગયો. એની



સોમનાથ-મંદિરના એક શિલ્પમંડિત તોરણનો આ ટુકડો, આપણી કેવી પ્રાચીન કલાને નામશેષ કરી નાખવામાં આવી છે તેનું કરુણ સ્મરણ કરાવે છે. (ફોટો· હસમુખ જ. ઠક્કર ભાવનગર)

નાનાક-પ્રશસ્તિ સોમનાથ પાસેથી મળી છે. એણે સોમનાથમાં એક 'સારસ્વત ક્રીડા-સ્થાન' બાંધ્યું હતું એમ એ પ્રશસ્તિ કહે છે. એ વિદ્યાસંસ્કારનું કોઇ પ્રકારનું કેન્દ્ર હશે. એવું કાંઇ ગૂજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના વિદ્યા-સંસ્કારને પોષે એવું સ્થાન ત્યાં ન બાંધી શકાય? તો સોમનાથની મહત્તાનો આજના દેશકાલાનુસાર ખરો ઉદ્ધાર થયો ગણાય.

વળી જૂના ખંડિયેરની જગ્યાએ નવું મંદિર બાંધવાને બદલે અહલ્યાબાઈના મંદિરને મુખ્ય દેવનું મંદિર માની એની આસપાસ વિશાળ ચોકમાં નાનાં શૈવ ચૈત્યો કરી તેમાં દક્ષિણનાં શૈવમંદિરોની પેઠે શિવની પૌરાણિક મૂર્તિઓ (નટરાજ, અર્ધનારીશ્વર, દક્ષિણામૂર્તિ વગેરે) બેસાડે તો મૂર્તિવિધાનનું એક અપૂર્વ સંગ્રહસ્થાન જેવું આપણા પ્રાંતમાં થાય. આજે તો આપણને એ બધાં સ્વરૂપોનાં નામ પણ પૂરાં યાદ નથી. નવા થનારા મંદિરનો આલેખ કેવો છે તે હજી પ્રજા જાણી શકી નથી. તેમાં કદાચ આવું આયોજન ન હોય તો થવું જોઇએ.

બીજું એક સૂચન એવું છે કે જો જૂની જગ્યા પર જ નવું મંદિર બાંધવાનો આગ્રહ હોય તો હાલ ખોદકામ કરતાં જૂના જીર્ણોદ્ધારનાં જે ચિહ્નો નીકળ્યાં છે તેને નીચે ભોંયરામાં કાયમ રાખી તેના ઉપર નવું મંદિર બાંધવું, જેથી ઈતિહાસ-અભ્યાસીને પ્રાચીન ત્રણેક જીર્ણોદ્ધારોનાં ચિહ્નો જોવા મળે.



શરદી

[નિબંધિકા]

લેખક · બકુલ ત્રિપાઠી

સવારે એની આંખ ઊઘડી. જીવનભરનો થાક આવીને જાણે એના દેહમાં ભરાઈ ગયો હતો. માથામાં જાણે સીસાનો રસ રેડ્યો હતો. એ ઊઠ્યો. ઓઢવાનું આઘું કરી એ ઊભો થયો. એની આંખોમાં અગ્નિ આવીને વસ્યો હતો, અને એની નાસિકામાં સમુદ્ર. એ નાનકડા અંગમાં કંઈકંઈ તરંગ ઊભા થયા. હૃદયના ધબકારા વધી ગયા. પગ ધ્રૂજ્યા. પ્રચંડ તોફાન પહેલાં પથરાય એવી શાંતિ ક્ષણભર પથરાઈ ગઈ. ક્ષિતિજની વાદળી વધીને પલભરમાં ઘેરાં વાદળથી આકાશ છાઈ લે એમ છાતીના કોઈ અગમ્ય ખૂણામાં ઊભું થયેલું સ્પંદન, નાકમાં, કાનમાં માથામાં–દેહ આખામાં ધ્રુજારી ઉત્પન્ન કરી ગયું. એના હોઠ કંપ્યા અને એક પ્રચંડ અવાજ થયો. 'હાક્…છીં!'

એને શરદી થઈ હતી.

ધનુષ્યમાંથી શર વર્ષાવતાં રણમેદાન પર આગળ ને આગળ ધસતા મહારથી શો એ છીંક પર છીંક ખાતો ઘરમાં ઘૂમી રહ્યો: રૂમાલની શોધમાં. એ દાતણ કરવા ગયો, પણ પાછો પડ્યો. એ ન્હાવા ગયો, પણ હારી ગયો. એ પથારીમાં પડ્યો તો છીંકોએ એને ઉછાળી ઉછાળી અધમૂઓ કરી નાખ્યો. એ છાપું વાંચવા મથ્યો–આંખોનો તીવ્ર વિરોધ છતાં; પણ એના મગજે એક શબ્દ પણ ગ્રહણ કરવા ના પાડી. એ પત્ની જોડે વાત કરવા ગયો તો એ એને શરદી મટાડવાના ઉપાયો વિષે ભાષણો આપવા મંડી. એ બહાર ગયો તો કોઈએ એને મૂર્ખ ગણ્યો. એ ઘરમાં ઓઢીને સૂઈ રહ્યો તો કોઈએ એને ઢીલો કહ્યો. એનું જીવન જાણે ખારું ખારું થઈ ગયું. એનું એકમાત્ર જીવન-કર્તવ્ય રહ્યું કોરા રૂમાલો શોધવાનું–ભીના થયેલા રૂમાલો ખૂણામાં ફેંકી બીજા કોરા રૂમાલોની શોધમાં નિરંતર મચ્યા રહેવાનું…

મને ઘણીવાર થાય છે કે આ મહાભારતનું યુદ્ધ અઢાર-અઢાર દિવસ ચાલ્યું એ શાથી? એ વખતના શસ્ત્રવિદ્યાના નિષ્ણાતો ગરુડાસ્ત્ર, અગ્ન્યાસ્ત્ર, વગેરે અનેક અસ્ત્રો-શસ્ત્રો શોધી શક્યા તો શું એક શરદાસ્ત્ર જ ન શોધાયું તેમનાથી? જે અસ્ત્ર છોડતાં જ દુશ્મનના આખા સૈન્યને શરદી થઈ જાય. એવું જો કોઈ શસ્ત્ર શોધ્યું હોત તો યુદ્ધ અઢાર દિવસ ચલાવવું ન પડત, પહેલે જ દિવસે શત્રુસૈન્ય શરણે આવી જાત. પણ મને લાગે છે કે એ વખતના શસ્ત્રવિદ્યાના ધુરંધરોમાં પણ ઘણી માણસાઈ હતી. એમણે આવા શસ્ત્રનો ઉપયોગ ખૂબ જ ઘાતકી માન્યો હશે. એમ માન્યું હોય તો ખરેખર મને એમની ન્યાયબુદ્ધિ માટે માન જ થાય છે.

મને ખાતરી છે કે આવું શસ્ત્ર આજના ઍટમ બૉમ્બ જેવું જ થઈ પડત. કારણ શરદીનું કંઈ વારણ જ નથી. શરદી મટે કઈ રીતે? જરા તમારી આજુબાજુનાને પૂછી જોજો. મને તો આટલું જ્ઞાન મળ્યું છે: શરદી થઈ હોય ત્યારે શેક કરો અથવા સૂંઠ ફાકી જાઓ, આદુ ખાઓ કે તેનો રસ પીઓ, કપૂર સૂંઘો કે 'વિક્સ' અજમાવો, મીઠાનો ન્યાસ લો અથવા ઊંડા શ્વાસ લો, શિર્ષાસન કરો કે આરામ લો, સત્યનારાયણનો ગરમાગરમ પ્રસાદ લો અથવા ઉપવાસ કરો, નહીં તો પછી…

પણ આ તો બહુ ઓછું છે. આનાથી બમણા ઉપાયો બીજા અરધા કલાકની પૂછપરછને અંતે જડી શકે. પરંતુ હકીકત એ છે કે આમાંનો એકે ઉપાય રામબાણ તો નથી જ. પ્રયોગ કરો, મટે તો 'એની ખૂબી', ન મટે તો નસીબ,–એવી વાત છે.

મેં તો, તેત્રીસ-તેત્રીસ કરોડ દેવતાઓની નિરંતર આરાધના કર્યા પછી અણીને ટાણે એક પણ દેવ ફરકે નહિ અને ભક્તને જેવી નિરાશા થાય એવી નિરાશા આ ઉપાયો અજમાવીને અનુભવી છે. તમને પણ એનાથી શરદી ન મટે તો મારી વાત ખરી છે એમ માનજો; અને જો કદાચ મટે તો પેલા આકાશમાં એટલે દૂર કંઈ કામધંધો ન હોવાથી માનવજંતુઓનું ભાવિસંચાલન કરતા તમારા ગ્રહો સારા હશે માટે જ મટી હશે એમ સમજજો. શરદી મટાડવાના ઉપાયો વિષે મારા જ્ઞાનનો અર્ક આટલો જ: આ નહિ, આ નહિ… 'नेति नेति'.

પણ કેટલાક બહાદુરો તો દવાઓ અજમાવવાની જ વિરુદ્ધ છે. માંદગીને તેઓ આ સંસારમાં મહત્તા મેળવવાનું સહેલામાં સહેલું સાધન ગણે છે. ને એમની વાત ખરી છે. સૌના અનુભવની અને અનેકે નોંધેલી વાત છે કે રોજ જે કોડીનો હોય એ માણસ માંદો પડે છે. ત્યારે મહત્ત્વનો બની જાય છે. સૌ એના ખબર પૂછે છે, એની સેવા કરે છે, એનું સારું ઈચ્છે છે, એના એક શબ્દ પર ઓછાં ઓછાં થઈ જાય છે. માંદગીનો આ મહાન લાભ છે.

પણ શરદીના દર્દીને તો આ લાભે ય નથી મળતો. અન્ય માંદગી વખતે દયા ખાનાર સંબંધીઓ શરદી માટે આપણી દયા ખાતાં નથી. ઉલટું, 'મેં તો કહ્યું હતું કે ખુલ્લામાં ન સૂશો, ન સૂશો; પણ માને તો ને?'; 'શરદી થઈને? ન થાય તો બીજું શું થાય?', 'તે શરદી થઈ એમાં આમ બકરી જેવો શું થઈ ગયો છે?'; 'શરદી તને નવાઈની થઈ છે? એમાં અમારા પર મિજાજ શાનો કરે છે?'; 'તું છે જ એવો… ખોટી ટેવો… મનમાં ફાવે તે… કેટલી નબળાઈ… સહેજસહેજમાં ..' અરરર! શાંતિ! શાંતિ! શાંતિ! શરદીના દર્દીની કોઈને દયા નથી, શરદી એ એની નબળાઈ છે, એ કુટુંબને ભારરૂપ છે, એની યુવાનીને શરમાવે છે, એ પોચકણ છે–એમ સૌ કુટુંબીઓ એકી અવાજે પોકારી ઊઠે છે.

પણ ખરી વાત તો એ છે કે અન્ય માંદગીના દર્દીના પ્રમાણમાં શરદીના દર્દીનો પોતાનો, દર્દ ઉત્પન્ન કરવામાં, ઘણો જ ઓછો ફાળો હોય છે. શરદીથી બચવાનો કોઈ કિલ્લો જ નથી. શરદી શિયાળામાં થઈ શકે, ઉનાળામાં પરસેવો સુકાતાં થઈ શકે, ચોમાસામાં હવાના ભેજથી થઈ શકે, માથું ખુલ્લું રાખતાં, મોં ઉઘાડું રાખતાં, ગળાને ઠંડી લાગવા દેતાં, છાતી પર પવન આવવા દેતાં—ગમે ત્યાંથી શરદી થઈ જાય. કેટકેટલા મોરચા સંભાળવા? ધૂળ ઊડે તો શરદી થાય, પવન વાય તો શરદી થાય, પત્થર પર બેસો તો શરદી થાય, હાથપગ ધોતાં શરદી થાય, વાળ ભીના થતાં શરદી થાય, શિખંડ ખાવાથી શરદી થાય, કપડાં ઓછાં પહેરવાથી શરદી થાય, ઘણાં કપડાં પહેરો તો એ કાઢતાં જ શરદી થાય, બહાર ફરો તો શરદી થઈ જાય, ઘરમાં ભરાઈ રહો તો યે ન છટકી શકાય. કસરત ન કરવાથી શરદી થાય, કસરત કરવાથી યે શરદી થાય, ઊંઘતાં શરદી થાય, જાગતાં શરદી થાય, રડતાં, ન્હાતાં… શું કરવાથી શરદી ન થાય એ જ શોધવાનું રહે છે.

ને શરદી થયા પછી યે ક્યાં સુખ છે? બહાર ન જવાય તો વાંધો નહિ. છીંકોથી કંટાળી કોઈ આપણી જોડે વાત ન કરે તો ચાલશે. સાહિત્યે તો કંઈકને શાંતિ આપી છે. આપણે યે સાહિત્યનો આશરો લેવા ચોપડીઓના કબાટ તરફ વળીએ; કવિતા લઈએ. ને છીંકોના અલ્પવિરામ તથા નાક લોહવાના પૂર્ણવિરામો (અનુ૦ પૃ૦ ૧૪૧મે)



આધુકણી

ન્યાય તોળો! ઓ વિધાતા, ન્યાય તોળો!
પાપના, પાખંડના ધીંગા સમાજે
મદછકેલી હીનતા ઊંચી બિરાજે
કૈંક પડતાં ઘૂંટણે એને નવાજે
કાળના સ્વામી, પ્રજળતું નેત્ર ખોલો!
ધરમને કાંટે હવે અગ ન્યાય તોળો! — મકરન્દ દવે

ભાષાવિદ્ શ્રી શેષાદ્રિ

'તમને હિંદી આવડે છે?' 'હા.'
'મરાઠી?' 'હા.'
'બંગાળી?' 'હા.'
'ફ્રેંચ'? 'હા.'
'જર્મન?' 'હા.'

તાજુબ બની પૂછનાર વ્યકિત મનમાં આવે તે ભાષાનાં નામ બોલ્યે જાય છે. ને એનો જવાબ હકારમાં જ મળે છે, ત્યારે ન રહેવાતાં એ પૂછે છે: 'કહો મિ. શેષાદ્રિ, તમને કઈ ભાષા નથી આવડતી?' જવાબમાં શ્રી શેષાદ્રિ માત્ર નમ્રતાપૂર્વક સ્મિત જ કરે છે.

થોડાં વરસ પહેલાં ત્રાવણકોરના તે વખતના દીવાન સર સી. પી. રામસ્વામી અય્યર અને શ્રી શેષાદ્રિ વચ્ચે ઉપર મુજબ વાતચિત થઇ હતી. શ્રી શેષાદ્રિ અત્યારે ત્રાવણકોર યુનિવર્સિટીના ગ્રંથાગારના અધ્યક્ષ છે. ઘણીખરી દેશી તથા યુરોપી ભાષાઓ ઉપરાંત તેઓ ચિનાઈ, જાપાની, તિબેટી અને સિયામી ભાષાઓનું જ્ઞાન ધરાવે છે. એમને સંસ્કૃત, મરાઠી, હિંદી, ગુજરાતી, બંગાળી, તામિલ, તેલુગુ, મલાયલમ, ફ્રેંચ, જર્મન, ડચ, ઈટાલિયન, લૅટિન, ગ્રીક તથા સ્પૅનિશ વગેરે ભાષાઓ સંપૂર્ણરીતે આવડે છે. આ ભાષાઓનું એમનું જ્ઞાન સમૃદ્ધ અને સંપૂર્ણ છે. વખતોવખત એ ભાષાઓમાં એમણે અનુવાદો પણ કર્યા છે. ઉપરાંત કામચલાઉ આવડે એવી બીજી ભાષાઓની તો વાત જ શી કરવી! આસામીથી માંડીને પુશ્તુ સુધીની હિંદની એકેએક ભાષા એમને આવડે છે યુરોપિયન ભાષાઓ પણ લગભગ બધી જ. ને વળી તેઓ ચિનાઇ, જાપાની, તિબેટી કે સીઆમી ભાષામાં તો સપાટાબંધ વાર્તાચિત પણ કરી શકે છે!

આથી યે વધારે નવાઈ પમાડનારી વાત તો એ છે કે શ્રી શેષાદ્રિએ બધો અભ્યાસ આપમેળે જ કર્યો છે. યુરોપની બધી ભાષાઓ તેઓ બાઈબલની મદદથી શીખ્યા છે. અંગ્રેજી બાઇબલ તેઓ વાંચતા જાય અને યુરોપની જે કોઈ ભાષા શીખવી હોય તેના બાઈબલની આવૃત્તિ પાસે રાખી સાથેસાથે તે પણ વાંચતા જાય. અને બાઇબલ પૂરું થતાં સુધીમાં તો એ બીજી ભાષા તેઓ બરાબર શીખી ગયા હોય!

ભાષાઓ શીખવાનો આ શૉખ કયાંથી જાગ્યો એ વિષે પણ એક રસમય પ્રસંગ છે. એક વાર શ્રી બિપિનચંદ્ર પાલનું રામકૃષ્ણ પરમહંસ વિષે વ્યાખ્યાન સાંભળવા તેઓ ગએલા. એ વ્યાખ્યાનથી તે એટલા મુગ્ધ થયા કે રામકૃષ્ણના ઉપદેશો મૂળ બંગાળીમાં વાંચવાની એમને તાલાવેલી જાગી. તરત જ એમણે બંગાળીનો અભ્યાસ શરૂ કર્યો; ને પછી એક વાર ચસકો લાગ્યો એટલે એ અટક્યો જ નહિ.

શ્રી શેષાદ્રિના પિતા ત્રાવણકોરની શાળામાં હેડમાસ્તર હતા. શ્રી શેષાદ્રિના જીવનનો મોટો ભાગ પણ સબ રજિસ્ટ્રાર તરીકે નોકરીમાં ગયો હતો. સ્વભાવે તેઓ અત્યંત શરમાળ અને ઓછાબોલા હોઇ જાહેરમાં આવ્યા જ નહોતા. એટલે એમની શક્તિઓની માહિતીની જાણ બહુ પાછળથી થઈ, અને તરત જ ત્રાવણકોર સરકારના ટ્રાન્સલેટર (ભાષાંતરકાર) તરીકે એમની નિમણૂક થઇ; ઉપરાંત સરકારી પ્રકાશન ખાતાના વડા અને યુનિવર્સિટી લાયબ્રેરીના અધ્યક્ષનું પદ પણ તેમને મળ્યું.

માસમાસનાં પંખી [૧૩]

શામા

પક્ષીવૃન્દનાં મુકુટમણિ જેવાં દૈવી ગાયકો તો ફક્ત બે જ: શામા અને દૈયડ. એમાં પણ વિશેષ ક્રમે તો શામા એકલું જ. અલૌકિક મિઠાશ અને વૈવિધ્યભર્યા ઉન્મુક્ત ગાનપ્રવાહની સાથે એનામાં મનુષ્ય અને પશુ-પક્ષીઓની અનેક ભેદવાળી વાણીઓનાં અનુકરણ કરવાની એવી તો અગાધ શક્તિ છે કે અવાજનું કોઇ પણ પદ એના કંઠને અઘરું કે અટપટું લાગતું નથી.

સ્વભાવે અતિશય શરમાળ હોઈ તે માણસથી બને તેટલું દૂર ગીચ વનરાઈ (અને જો મળે તો વાંસની ઝાડી)માં જ રહેવાનું પસંદ કરે છે, એટલે તે ઝટ નજરે નથી ચડતું. કદમાં લગભગ બુલબુલ જેવડું જ; પણ શામાની પૂછડી સહેજ મોટી. નરને માથું, પીઠ ને છાતી ચળકતાં કાળાં, તથા પેટ ઘટ્ટ બદામી રંગનું; પૂછડી લાંબી, કાળી અને સફેદ રંગની ચડઊતર કિનારીવાળી; પૂછડીના મૂળમાં પીઠ પરં પણ એક સફેદ ચાઠું; માદાનો વર્ણ કાળાને બદલે રાખોડી ઝાંય લેતો તપખીરી અને પેટ ઉપર સહેજ મેલો તથા પૂછડી ટૂંકી; પગ આછા ગુલાબી તથા ચાંચ કાળી.

તેનો મુખ્ય આહાર ઝીણાં જીવડાં, અળશિયાં ને જમીન પર ખરી પડેલાં ફળો જમીન પરથી જ વીણી ખાવાનો; પરંતુ જરાશી ડખલ થતાં જ તે ઊડીને ઝાડીમાં લપાઈ જાય છે. આ ઉપરાંત પ્રજનનકાળે તેનામાં એક બીજી આદત ફૂટી નીકળે છે, તે એ છે કે ખુલ્લી જગ્યામાં ઊડતી વખતે તે વારંવાર પોતાની પાંખો અફાળતું જાય છે.

એપ્રિલથી જૂન તેનો પ્રજનનકાળ. એવેળા તે કોઈ ઝાડના થડ કે ડાળીમાં સામાન્ય ઊંચાઇએ આવેલી બખોલમાં, કે બે ડાળીઓના સંધાણ પર, ઘાસમૂળિયાં પાંદડાં ને કવચિત લીલ વડે છીછરો માળો ગૂંથે છે, ને તેમાં, આછી નીલવર્ણી ભોંય પર બદામી કે રતાશ પડતાં તપખીરી ચાઠાંવાળાં, એક છેડે જરા વિશેષ અણિયાળાં પહોળાં ને લંબગોળ ત્રણથી ચાર ઈંડાં મૂકે છે.

('વનેચર' પરથી)



શ્રી શેષાદ્રિ અતિશય વિનમ્ર સરળ અને સંકોચશીલ સ્વભાવના છે. ભાષાઓના જ્ઞાનને લીધે હો કે પછી સ્વભાવને કારણે, તેઓ કાયમ શાંત અને ચિંતનમાં ડૂબેલા હોય એવા લાગે છે. વગર ખાખીએ તેઓ સંન્યાસી છે. એમનું અભ્યાસરત જીવન કેટલું એકાકી ને એકાંગી છે તે વિષે એક રમૂજી પ્રસંગ છે. થોડાં વરસ પર ઉનાળામાં તેઓ દિલ્હી ગએલા. ત્યાં એક મિત્ર એમને સેક્રેટેરિયેટમાં તેડી ગયો. ત્યાં બધા લોકો જાતજાતનાં ઠંડા પીણાં અને ફળના રસ સ્વાદથી પીતા હતા તે જોઇને શેષાદ્રિ એકદમ મિત્રને કહે, 'આ લોકો શું પીએ છે? મારેય એ પીવું છે. મેં જિંદગીમાં એવું પીધું જ નથી!' એમણે જિંદગીમાં સીનેમા પણ જોયું નથી! જોકે સીનેમા અથવા નાટક-નૃત્યો પ્રત્યે એમને કશો પણ અણગમો નથી.

એમણે આજ દિન સુધીમાં ઘણા ગ્રંથો લખ્યા છે. રાજાજીનાં કેટલાંક પુસ્તકોના એમણે બંગાળી ને મલાયલમમાં અનુવાદ કર્યા છે. ઉપરાંત મરાઠી, ફ્રેંચ, અંગ્રેજી વગેરે ભાષામાં પણ ગ્રંથો લખ્યા છે. પ્લૂટાર્કનાં ચરિત્રોનું એમણે મૂળ ગ્રીકમાંથી મલાયલમમાં ભાષાંતર કર્યું છે. Essays on Surrealismનું ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં અને યૂનોના વડા દુભાષિયા ઝયાં હર્બર્તના સહકારમાં એમણે રામકૃષ્ણ પરમહંસના ઉપદેશોનું ફ્રેન્ચમાં ભાષાંતર કર્યું છે! એ પુસ્તક તો એટલું લોકપ્રિય થયું છે કે થોડા જ વખતમાં એની નવ આવૃત્તિ થઈ ગઇ છે. અત્યારે શ્રી શેષાદ્રિનું વય ૫૩ વર્ષનું છે. (લોકનાદ)

લગ્નપ્રસંગે ખારેક શા માટે?

આપણે ત્યાં સૈંકડો વર્ષો થયાં લગ્ન પ્રસંગની શરૂઆતથી માંડી એ પ્રસંગ પૂરો થતાં સુધીમાં ખારેક ખૂબ વપરાતી. મંડપને દિવસે સર્વને સ્થિતિસંજોગ ને રિવાજ મુજબ ખારેકની લહાણી કરવામાં આવતી. સમય બદલાતાં આજે ઘણી જગ્યાએ ખારેકનું સ્થાન પતાસાં કે ગોળે લીધું છે. સૂકા મેવાના આટલા બધા પદાર્થો—કાજુ, દ્રાક્ષ, અંજીર, અખરોટ, કિસમિસ અને બદામ જેવા ઉત્તમ પદાર્થો—માંથી એક ખારેકને જ આટલી મહત્તા આપવાનું કારણ?

ખારેક વૃષ્ય, સ્વાદુ ને ગુરુ, અગ્નિમાંદ્ય, કૃમિનો નાશ કરનાર, ધાતુવૃદ્ધિ કરનાર, હૃદયને બળ આપનાર, મધુર, ને પિત્ત, દાહ, શ્વાસ, કફ, શ્રમ ક્ષતક્ષય, વિષ, તૃષ્ણા, શોષ અને અમ્લપિત્તનો નાશ કરનાર છે. લગ્નપ્રસંગની દોડધામ વખતે પડતો પરિશ્રમ ખારેક ખાવાથી તકલીફ આપતો નથી, કારણકે ખારેક હૃદયને મજબુત બનાવનાર (હાર્ટ ટૉનિક) તેમ શ્રમહારક હોઈ પગમાં કળતર કે મગજને થકાવટ આવવા દેતી નથી. શુભ પ્રસંગમાં મિષ્ટાન્નના યથેચ્છ આહારમાં અવારનવાર ખારેક ખાતા રહેવાથી એ બરાબર પાચન થાય છે, કારણકે ખારેકમાં અગ્નિમાંદ્ય નાશ કરનારો ગુણ છે. જાતજાતના ખોરાકમાં છૂટથી વપરાતા તેલ મશાલાને લીધે સારી રીતે જમતાં પિત્તની વૃદ્ધિ થઈ ખાટા ઓડકાર, અમ્લપિત્ત અને દાહ થાય છે તે ખારેકથી અટકે છે. ખારેક ધાતુવૃદ્ધિ કરનાર અને કામોત્તેજક રસાયણ હોવાથી લગ્નપ્રસંગમાં તેનો વપરાશ સ્વાભાવિક છે.

જૂના વખતમાં પગરસ્તે લાંબી મુસાફરી કરવી પડતી ત્યારે રસ્તામાં પાણી ખૂટ્યું હોય ત્યારે ખારેકનો ઠળિયો મોઢામાં રાખવામાં આવતો. એથી તૃષાની શાંતિ થાય છે. હાલ પણ દવાના પ્રયોગમાં સુવાવડી સ્ત્રીને જ્યારે પાણી ઓછું આપવાનું હોય ત્યારે અને જળોદરમાં દર્દીને ખારેકનો ઠળિયો મોઢામાં રખાવીએ તો ચમત્કાર માફક તૃષા શાંત થઇ જાય છે. બરફ ચૂસવાના આ જમાનામાં આ વાત ગળે ન ઊતરે તો કરી જોજો. ખારેક ઉષ્ણ હોવાથી શિયાળામાં ડૉક્ટરનો સ્ટિમ્યુલન્ટ ડોઝ લેવા કરતાં પાંચેક ખારેક પણ એટલી જ ગરમી આપે છે.

ખારેકની ગુજરાતમાં ઘણી જાત આવે છે: છોરી, હલવાઈ, મુશી, જરખ, હેનકા એમ વિવિધ દેશની. એમાં ગુણોથી ભરપૂર બે જાતો છે: છોરી જે લાલ રંગની, પ્રમાણમાં મોટી અને દેખાવમાં સરસ પણ કરચલી પડેલી આવે છે. બીજી મુશી, કાળા રંગની સ્વાદમાં સાધારણ ખારાશ પડતી અને જ્યારે ખાઓ ત્યારે નરમ જણાતી. દવા અથવા પૌષ્ટિક તરીકે છોરી ખારેક વાપરવી એ સલાહભર્યું છે.

ખારેક ખાદ્ય તરીકે જેમ ખાઈ શકાય છે, તેમ દવા તરીકે પણ તેના ઘણા પ્રયોગો છે. ઉત્તમ છોરી ખારેક નંગ ૧૧ લઈને એક શેર દૂધમાં પ્રથમ બાફી નાખવી. બાદ એને ઊભી ચીરી, ઠળિયા કાઢી નાખવા ને ભાંગનું ચૂર્ણ વાલ એક, તથા બંગભસ્મ રતી બે, જાવંત્રી રતી ૨, તે દરેકની પોલી જગ્યામાં આવે એ પ્રમાણે અગિયાર ખારેકમાં ભરવું. (ભાંગને પ્રથમ ગરમ પાણીથી ધોઈ, તવામાં શેકી લઈ ચૂર્ણ બનાવી વાપરવી). પછી દરેક ખારેક પર સૂતરનો દોરો બાંધી રાખી મૂકવી. દરરોજ સવારના દોરાથી બાંધેલી ખારેક ગાયના દૂધમાં ઉકાળી, એકાદ ઊભરો આવી ગયા પછી નીચે ઉતારી, અંદરથી ખારેક કાઢી તેને ધીમેધીમે ચાવીને ઉપર દૂધ પી જવું. ધાતુક્ષય, પ્રમેહ પછીની નબળાઇ, હાથપગમાં કળતર, સુસ્તી, કામ ઉપર કંટાળો એ સઘળાંને દૂર કરી અજબ શક્તિ આપે છે. સ્વપ્નદોષને નાબૂદ કરે છે. પણ આ ખારેકનો પ્રયોગ ચાલતો હોય ત્યારે આમલી અને અથાણાની ખટાશ ખાવી નહિ અને ગરમ ખોરાક છોડવો.

ખારેક તોલા ૧૦, જીરૂં ૧, મરી ૨, સિંધાલુણ ૧, સૂંઠ ૨, જાયફળ ૧, પીપર ૧, તજ ૧, તાજું લીંબું ૧, લઈ, પ્રથમ ખાંડવા જેવી વસ્તુને ખાંડી નાંખી, તેને એક કરી, તેમાં લીંબુનો રસ નાખી, કલાઈ કરેલી પિત્તળની કઢાઈમાં શેકવું. બરાબર ખુશ્બો આવવા લાગે ને દાણો પડે ત્યાં સુધી શેકી, નીચે ઉતારી બરણીમાં ભરી રાખવું. આ ચૂર્ણ ખોરાકને પચાવી, વાયુને છૂટો કરી પેટ હળવું ફૂલ જેવું રાખે છે. ગૅસ થતો નથી, ખાટા ઓડકાર અને બદહજમીનો નાશ કરે છે, ભૂખ કકડીને લગાડે છે ને સ્વાદ એવો કે બાળકો પણ હોંશે ખાય છે. (ગુજરાતમિત્ર)

પર્વત-આરોહણ માટેની તાલીમ

પરતંત્રતામાં રહીને પરાક્રમની ભાવનાવિહીન બની ગએલી આપણી પ્રજાએ જે અનેક દિશાઓ ખેડવાની સૂની પડી છે તેમાં પર્વત-આરોહણ પણ એક અગત્યનું ક્ષેત્ર છે. પશ્ચિમના દેશોમાં તો એ એક અગત્યનો સાહસશોખ ગણાય છે અને તેની ખાસ તાલીમ તથા કસબ શીખવાય છે. હમણાં ઇંગ્લંડમાં ડર્બીશાયરના શિક્ષણ-નિયામક અને એક વખતના માઉન્ટ એવરેસ્ટના સાહસિક આરોહક મિ. જૅક લૉંગલૅન્ડ તરફથી પર્વત પર આરોહણ માટેના ઋતુવાર શિક્ષણક્રમો યોજવામાં આવ્યા છે, અને તેમાં માઉન્ટ એવરેસ્ટના ભાવિ આરોહક બનવાની આશા સેવતો ઉત્સાહી યુવાનવર્ગ જોડાઇ રહ્યાં છે. પહાડોમાં વિકટ રસ્તાઓ અંગેની સૂઝ, છાવણી જીવન દરમિયાન પાકશાસ્ત્રનું જ્ઞાન, ગ્રામજીવન ને તેનાં કાર્યનો પરિચય અને પહાડી જીવનપદ્ધતિને અનુરૂપ અભ્યાસ વગેરેનો એ શિક્ષણ-ક્રમોમાં સમાવેશ થાય છે. આપણા જ દેશના શિખર-શિરોમણિ એવરેસ્ટના આરોહણ પાછળ પશ્ચિમના દેશો આવી આવી તૈયારીઓ કરી રહ્યા છે ત્યારે આપણે પ્રમાદમાં પડેલા છીએ!

આંખ ધોવાની ક્રિયા [આંખનું આરોગ્ય-૪]

આપણે જેમ આપણા શરીરનાં વિવિધ અંગોનાં કાર્યો અને તેના સાચા વપરાશથી અજ્ઞાત છીએ તેવી જ રીતે દરેક અંગને સ્વચ્છ રાખવામાં પણ આપણે અજ્ઞાત અને બેદરકાર છીએ.

જેમ આપણે કાળજીપૂર્વક કે આનંદપૂર્વક નહાતા નથી, તેવી જ રીતે આંખને કોઈ વખત કાળજીથી ધોતા પણ નથી. જે આંખ પાસેથી આપણે અઢારઅઢાર કલાક કામ લઈએ છીએ તેને સમજપૂર્વક એક મિનિટ પણ આરામ આપવાનો વિચાર કરતા નથી. પરિણામે બધાં અંગો કરતાં આંખ વહેલી નબળી બની રોગનું ઘર બની જાય છે.

આંખને સ્વચ્છ રાખવા માટે આંખ ધોવાની ખાસ પ્યાલીઓ દવાવાળાને ત્યાં મળે છે. દિવસમાં ઓછામાં ઓછી બે વખત એ પ્યાલીમાં આંખને ડુબાડી, ધોઇને સાફ કરવી જોઇએ. સવારમાં ઊઠીને તરત જ સૌ પહેલી ક્રિયા આંખ ધોવાની જ હોવી જોઇએ અને રાત્રે સૂતી વખતે પણ આંખ ધોઇને સૂઇ જવું જોઇએ.

પ્રસન્ન મનથી અને આરામથી બેસીને આંખ ધોવાની ક્રિયાને પણ ખૂબ આનંદદાયી બનાવો. પ્યાલીને ચોખ્ખા અગર દવાવાળા, ઠંડા કે રહેંજ કોકરવર્ણાં પાણીથી ભરીને, પછી નીચું જોઇ પ્યાલીના બન્ને છેડા તમારી આંખના બે ખૂણામાં એવી રીતે ગોઠવો કે પ્યાલી આંખ પર ચપોચપ ગોઠવાઈ જાય. હવે આંખને પાણીમાં ખોલો, પાણી નિહાળો, પ્યાલીના પારદર્શક કાચમાંથી આવતા આછા રંગીન પ્રકાશને નિહાળો. પછી આંખને પલકારા—ઉઘાડવાસ કરો. એમ આંખને પાણીમાં પલકારીને ખૂબ રમાડો. બેત્રણ મિનિટની આ આનંદદાયી રમતથી આંખ ખૂબ ઠંડી, હલકી, સ્ફૂર્તિવાળી અને ચોખ્ખી બની ગઈ હશે. આ રીતે દિવસમાં બે વખત આંખ ધોઇને સ્વચ્છ રાખવાથી આંખનો થાક દૂર થઇને તે તેજસ્વી બનશે અને વધુ કામ આપી શકશે.



આંખ ધોવા માટે પાણીની છાલક મારવા કરતાં આ રીત વધુ સહીસલામત એટલા માટે છે કે કેટલીક વખત મારેલી છાલક આંખને વાગી તે ખૂબ કળે છે અને એ રીતે તેને નુકસાન થાય છે.

—ડૉ. ગોવિંદભાઈ પટેલ

ખોરાકમાં ભેળસેળની ભયંકરતા

ખાવાની ચીજોમાં ભેળસેળ કરતા નીતિહીન વેપારીઓના પ્રપંચના પરિણામે પ્રજાની કેટલી બરબાદી થાય છે, અને પ્રજાને તેઓ કેવા મૃત્યુના મોંમાં ધકેલી રહ્યા છે તેનું ચોંકાવનારું પરિણામ હમણાં લખનૌની મહાત્મા ગાંધી મેડિકલ કૉલેજના પ્રાધ્યાપક ડૉક્ટર માલવિયાએ, ખાવાના તેલમાં ભેગ કરવાથી થતી અસરની પ્રયોગાત્મક તપાસ પરથી જણાયું છે. તેમણે એ દેશમાં ખૂબ વપરાતા સરસિયા તેલમાં ભેળવવામાં આવતી ચીજોની અસર તંદુરસ્તી પર કેવી થાય છે એ નક્કી કરવા દરરોજ ક્રમશઃ ૧૦, ૫, ૨ ટીપાં ભેળસેળ કરવામાં વપરાતી વસ્તુઓનું મિશ્રણ કરીને સરસિયું તેલ કૉલેજમાં પાળેલાં વાંદરાં, ઉંદર ને કબૂતરને આપવાનું શરૂ કર્યું. જેનાં પરિણામો દિલ કંપાવી નાખે એવાં આવ્યાં છે.

બે મહિના બાદ વાંદરાંના વાળની કુમાશ ચાલી ગઇ, મોં સૂઝી ગયાં, દાંતમાં પાયોરિયા થયો, તેમની ગુપ્તેન્દ્રિયો ગળી ગઈ અને શરીરની સુસ્તી એટલી બધી આવી ગઇ કે એકબીજા પર માથું નાખીને તેઓ પડી રહેવા લાગ્યા. એક વાંદરાની હાલત તો ખૂબ જ ગંભીર થઈ ગઈ. કબૂતરોની સ્થિતિ પણ આવી જ થઇ. ઉંદરોની હાલત તો ખૂબ બૂરી થઈ ગઇ. એ અખતરામાં લગભગ ૮૦ પ્રાણીઓ મરી ગયાં. આ બધાંને બીજો બધો ખોરાક સારામાં સારો અપાતો, પણ તે સાથે માત્ર ભેળસેળવાળું તેલ જ લેવાના પરિણામે તેઓ બચી ન શક્યાં. એથી ઉલટું, જે પ્રાણીઓને શુદ્ધ તેલ આપવામાં આવતું હતું તેમની તંદુરસ્તી સંપૂર્ણ રહી. આ પછી માણસ ઉપર થતી તેની અસર જોવા માટે જેલમાં કેદીઓ પર આ પ્રયોગ અજમાવવામાં આવ્યો હતો. અને તેમની હાલત પણ વાંદરાંના જેવી થવા લાગતાં તાબડતોબ તે બંધ કરી દેવામાં આવ્યો. એ પરથી પુરવાર થયું છે કે સરસિયામાં બીજા તેલોના થતા ભેગથી આ નીચ વેપારીઓ પ્રજાનો નાશ જ કરી રહ્યા છે.

—ન. મૂ. શાહ

મદ્રાસી ઢોંસા

કઠોળમાં બનાવાતા મદ્રાસી ઢોંસા અને કોપરાની ચટણીથી, એ પૂરતા પ્રમાણમાં કૅલોરી-મૂલ્ય ધરાવતો સસ્તામાં સસ્તો ખોરાક છે, એવું નવી દિલ્હીમાં અખિલ હિંદ મહિલા પરિષદ તરફથી યોજાએલા અનાજ પ્રદર્શનમાં નક્કી થયું હતું. આ કાંકણી મંડળને પહેલું ઈનામ મળ્યું હતું. ઢોંસામાં પ્રોટીન, સ્ટાર્ચ, ચરબી અને ફૉસ્ફરસ હોય છે જ્યારે કોપરાની ચટણીમાં એ.બી.સી.ડી. વિટામીનો હોય છે.

વિકસતું વિજ્ઞાન

છાશના ગુણોથી તે કોણ અજાણ્યું હશે? મધુર પીણા ઉપરાંત ખૂબ પૌષ્ટિક પણ છે. પરંતુ હમણાં કૅનેડાની ખોરાક સંરક્ષણ સમિતિની મદદથી સાસ્કેચવાન યુનિવર્સિટીમાં છાશની પૌષ્ટિકતાના સંશોધન-પ્રયોગોમાં જણાયું છે કે છાશમાં યીસ્ટ નાખવાથી તેમાં રહેલા પ્રોટીનનું પ્રમાણ સોગણું વધારી શકાય છે. વળી યીસ્ટ ઉમેરવાથી વિટામીન બી ૨ પણ લગભગ બમણું થાય છે. અને યીસ્ટની સાથે બીજા બૅક્ટીરિયા પણ જો ઉમેરવામાં આવે તો બંને વિટામીનોનું પ્રમાણ લગભગ ત્રણ ગણું થાય છે. છાશમાં રહેલી લેક્ટોઝ (દૂધ-સાકર) આ ક્રિયામાં ઉપયોગમાં આવે છે.

'વિટામીન બી ૧૨'ની શોધ પાંડુરોગ (ઍનીમિયા)ના દર્દીઓને આશીર્વાદરૂપ નીવડી છે. આ વિટામીન લોહીના રાતા કણો બનાવવામાં ખૂબ ઉપયોગી પુરવાર થયું છે અને અસાધ્ય પાંડુરોગના નિવારણમાં આ વિટામીન મહત્ત્વનું સિદ્ધ થયું છે.

કારનેગી-ઇલીનૉઈ કૉર્પોરેશને ચાર વર્ષના સંશોધન પછી એક નવીન પ્રકારનું એવું ગજવેલ તૈયાર કર્યું છે કે જેની મજબૂતાઈ બીનહરીફ ઠરી છે. એટલે ઉદ્યોગોમાં તેમજ યુદ્ધસરંજામમાં હવે તે જ વપરાશે. સામાન્ય ગજવેલ કરતાં તેના પર વાતાવરણની અસર ત્રીજા ભાગની જ થાય છે.

૧૯૩૫માં ૨૧ા લાખ રૂપિયાની પીપરમેન્ટ, ટૉફી, ચૉકલેટ અને એવી બીજી મિઠાઇની ચીજો આપણા દેશમાં આયાત કરવામાં આવેલી. ૧૯૩૬માં એ આયાત લગભગ ૨૩ લાખ સુધી પહોંચી. પણ પછી ધીમેધીમે એ ઘટતી ગઈ અને ૧૯૪૩માં માત્ર ૩૭ હજાર રૂપિયાની જ ચીજો આવી હતી. એ બતાવે છે કે આપણો મિઠાઇનો ઉદ્યોગ વિકસ્યો છે. પણ તેમાં હજુ પોષણને લગતી ઉપયોગિતા પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. તેમાં વૈજ્ઞાનિક મદદની ખૂબ જરૂર છે. ઇંગ્લંડમાં માણસ દીઠ દર વર્ષે ૧૦૪ પૌંડ મિઠાઇ વપરાય છે: જ્યારે આપણા દેશમાં ગોળ અને ખાંડનો માણસ દીઠ વાર્ષિક ઉપયોગ માત્ર ૨૭ રતલ આવે છે.

આયર્લૅન્ડની સરકારે ઔદ્યોગિક સંશોધન માટે ડબ્લિનમાં એક સંસ્થા કાઢી છે. તેમાં દરિયાઇ ખડસલાંમાંથી ખાતર, ઢોર માટે ખોરાક અને દિવાલના કાગળ માટે માવો બનાવવાના પ્રયોગો હમણાં સફળ થયા છે.

—ન. મૂ. શાહ


ગાંધીજીની એક અભિનવ પ્રતિમા

મુંબઈના વિખ્યાત શિલ્પી શ્રી વિનાયકરાવ કરમરકરનું નામ 'કુમાર'ના વાચકોને પરિચિત છે. તેઓ પૂ૦ ગાંધીજીની એક વિરાટ કદની અર્ધ પ્રતિમા તૈયાર કરનાર છે. આ અર્ધ પ્રતિમાની ઊંચાઈ ૧૧૦ ફૂટની હશે ને એનું ક્ષેત્રફળ બાર હજાર ચોરસ ફૂટનું હશે! તેની અંદર મોટા હૉલ અને ગૅલેરી તથા ઓરડાઓ પણ હશે અને એ રીતે, એની જાતની પ્રતિમાઓમાં એ પ્રતિમા કદાચ પહેલવહેલી જ હશે. પ્રતિમામાં અંદર દાખલ થવા માટે પગથિયાં હશે ભોંયતળિયે તેમજ ઉપર-ના મજલા પર કચેરીઓ ને કળાપ્રદર્શન માટેના ઓરડાઓ થશે. પ્રતિમાની અંદરના ભાગમાંના મુખ્ય હૉલમાં બાપુજીના જીવનપ્રસંગો રજૂ કરતી કલાકૃતિઓ ચીતરવામાં આવી હશે. પહેલે મજલે પ્રતિમાના મુખ્ય ભાગમાં એક ખંડ હશે. જ્યાં ગાંધી-સાહિત્ય રાખવામાં આવશે. છેક ઉપલા માળમાં જ્યાં પ્રતિમાનો 'મગજ'નો ભાગ છે, ત્યાં વાચનાલય થશે. છેક ઉપરના મજલા પર કોઇ પણ માનવી આરામથી ઊભો રહી પ્રતિમાનાં ચક્ષુદ્વારા સમગ્ર શહેરનું દર્શન કરી શકશે. વળી પ્રતિમાની અંદર કુદરતી પ્રકાશ આવી શકે એને માટે પ્રતિમા-



ના 'પાછલા' ભાગમાં કાચની બારીઓ મૂકવામાં આવશે. જે બહારથી દેખાશે નહિ. વળી આ પ્રતિમાની અંદર 'લિફ્ટ' પણ ચાલતી હશે.

શિલ્પી શ્રી કરમરકરના જણાવ્યા પ્રમાણે પ્રતિમા તૈયાર કરતાં ૪૦થી ૫૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે, ને એ અંગે નજીવી દાખલ ફી રાખતાં તો બે વર્ષની અંદર એ રકમ ભેગી થઈ શકે એમ છે, એવું તેઓ માને છે. (વંદેમાતરમ્)



અમેરિકાભરની કૉલેજો અને યુનિવર્સિટીઓમાં પરદેશની ભાષાઓ શીખવા માટે હમણાં ઈલેક્ટ્રૉનિક તરકીબ વાળી એક નવી પદ્ધતિ અખ્ત્યાર થઇ છે, જેમાં જુદીજુદી ભાષાના પાઠો અને મનોયત્નોનાં ટેઇપ રેકૉર્ડિંગનો ઉપયોગ કરવામાં આવે છે. યુનાઇટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર સંઘ)ની બેઠકોમાં થતાં ભાષણો વિવિધ દેશોના પ્રતિનિધિઓ પોતપોતાની ભાષામાં સમજી શકે તે માટે જેમ ત્યાં, ચાલુ ભાષણે તેના જુદીજુદી છ ભાષાઓના અનુવાદો એકીસાથે બોલાય છે, એના જેવી જ આ પદ્ધતિ છે. વૉશિંગ્ટનની જ્યૉર્જટાઉન યુનિવર્સિટીમાં જે ૧૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ પરદેશી ભાષાઓનું શિક્ષણ લે છે તેમને એ પદ્ધતિનો લાભ લેતા ઉપલા ચિત્રમાં દર્શાવ્યા છે. અર્ધ-અવાજ-નિરોધક (સેમી-સાઉન્ડ–પ્રુફ) ખાનાંમાં કાને ઈઅરફોન લગાડીને બેઠેલા એ વિદ્યાર્થીઓ પોતપોતાના અભ્યાસપાઠ એમાંથી સાંભળી રહ્યા છે. એમાં એકીસાથે છ ભાષાઓના પાઠ અપાય છે, ને વિદ્યાર્થી પોતાના ડેસ્ક પરની 'સિલેક્ટર સ્વિચ'વડે તેમાંથી પોતાને જરૂરી ભાષાની સ્વિચ ઑન કરી લે છે. પાઠ રેકર્ડ કરેલા હોવાથી વિદ્યાર્થીને શબ્દો તથા વાક્યોના ફરીફરીને પુનરાવર્તનનો લાભ મળે છે, ને તેમાંના પ્રશ્નોના ઉત્તરો બરાબર યોજવાની તક મળે છે. આથી ચાલુ વર્ગમાં શીખવાની સામાન્ય પાઠપદ્ધતિ કરતાં આ પદ્ધતિમાં વિદ્યાર્થી પરદેશી ભાષા બોલવામાં વધારે કાબેલિયત મેળવી શકે છે.

વનસ્પતિઓનું મૂળ સ્થાન

દિલ્હીમાં હમણાંજ જગતભરના નામાંકિત વનસ્પતિશાસ્ત્રજ્ઞોની એક પરિષદ મળી ગઈ. તેમાં જગતની જુદીજુદી અન્ન-વનસ્પતિઓનું મૂળ સ્થાન કયું હોવું જોઈએ એ વિષે ચર્ચા થએલી. તેમાં સર્વાનુમતે એમ ઠર્યું કે ચોખા, શેરડી અને રીંગણાં એ વગેરેનું મૂળ સ્થાન હિંદુસ્તાન છે. કેળાં, કેરી અને સંતરાંનું મૂળ સ્થાન હિંદુસ્તાન બર્મા અને મલાયા છે. ઘઉંનું મૂળ સ્થાન કયું એ બાબત કશો નિર્ણય ન થઈ શક્યો. જોકે મોહન-જો-દડોનાં ખંડિયેરોમાં ઘઉંના કેટલાક દાણા મળી આવેલા તે પરથી આજથી ૬૦૦૦ વર્ષ પહેલાં પણ હિંદમાં ઘઉંની ખેતી થતી હતી એમ સાબિત થતું હતું. છતાં એ વખતે ઇજિપ્ત, યુરોપ અને અમેરિકામાં ઘઉં નહોતા જ એમ ચોક્કસ રીતે જણાયું નહોતું.

ગ્લાઇડિંગનો રેકોર્ડ

પૂના પાસે ગ્લાઈડિંગની એક શાળા છે. ગ્લાઇડિંગ એટલે પેટ્રોલની મદદ વિનાના ગ્લાઇડર નામે વિમાનમાં આકાશમાં ઊડવું. ગ્લાઈડર વધુ વખત આકાશમાં રાખી શકાતું નથી. લેફ૦ ભટનાગરે હમણાં જ ૩ કલાક ૪૫ મિનિટ હવામાં રહી એ બાબતમાં હિંદુસ્તાનમાં રેકૉર્ડ કર્યો છે.

આ માસ (ઍપ્રિલ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશે[ષ]

માર્ચ માસની તવારીખ

તા. ૧ યૂનોમાં રજૂ થએલા કાશ્મીરને લગતા ઍંગ્લો અમેરિકન ઠરાવને હિંદે અસ્વીકાર્યો.

તા. ૨ હિંદ-ઈંડોનેશિયા વચ્ચે મૈત્રી કરાર.

તા. ૪ દિલ્હી ખાતે એશિયાખંડની પ્રથમ ઑલિમ્પિક રમતો 'એશિયાડ'નું રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને હસ્તે મંગળાચરણ. એમાં પાકિસ્તાનસિવાયના એશિયાના ૧૧ દેશોના લગભગ ૫૫૦ ખેલાડીઓએ ભાગ લીધો.

તા. ૮ ઈરાનના મુખ્ય પ્રધાન અલી રઝમારાનું ખૂન. ◖ 'એશિયાડ' રમતોમાં શ્રેષ્ઠ શરીરસૌષ્ઠવની હરીફાઇમાં ભારતના ખેલાડી શ્રી પરિમલ રૉયને 'શ્રી એશિયા ૧૯૫૧' તરીકે જાહેર કરવામાં આવ્યા.

તા. ૯ પાકિસ્તાન સરકારને ઉથલાવી નાખવાના કાવતરા માટે પાકિસ્તાનના લશ્કરી વડા મેજર જનરલ અકબરખાન, તેમનાં પત્ની તથા 'પાકિસ્તાન ટાઇમ્સ'ના તંત્રી ફૈઝ અહમદ ફૈઝની ધરપકડ.

તા. ૧૦ હિંદીઓને અપાતી અન્યાયભરી વર્તણૂક માટે યૂનોએ કરેલી દરમ્યાનગીરીનો દક્ષિણ આફ્રિકાએ અસ્વીકાર કર્યો.

તા. ૧૧ એશિયાઇ રમતોની પૂર્ણાહુતિ. એમાં મોખરે જાપાન ને બીજે નંબરે ભારત આવ્યાં.

તા. ૧૩ આવતા વર્ષ માટે રૂ. ૧૬૦ કરોડની કિંમતનું ૩૭ લાખ ટન અનાજ આયાત કરવાની જાહેરાત.

તા. ૧૫ કોરિયાના પાટનગર સેઉલ ફરી ૬૦ કોરિયનોએ કબજો મેળવ્યો. ◖ અખિલ ભારત સાંસ્કૃતિક પરિષદનું દિલ્હીમાં રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદને હસ્તે ઉદ્ઘાટન.

તા. ૧૬ પોતાને ત્યાંના પેટ્રોલ-ઉદ્યોગનું રાષ્ટ્રીકરણ કરવાનો ઇરાનની પાર્લામેન્ટનો ઠરાવ.

તા. ૧૮ સાંસ્કૃતિક પરિષદને અંતે ભારતીય સંસ્કૃતિ-સંગમ (ઇન્ડિયન કલ્ચરલ ઍકેડેમી)-ની દિલ્હીમાં સ્થાપના.

તા. ૨૦ ઇરાનમાં 'માર્શલ લૉ'ની જાહેરાત. ◖ મુંબાઇ ઈલાકાની વસતિ ૩,૫૯,૪૩,૫૫૯ ઠરી જે ૧૯૪૧ કરતાં ૨૧·૮ ટકા વધુ થઇ.

તા. ૨૧ સ્વિટ્ઝર્લૅન્ડમાંના હિંદી એલચી શ્રી ધીરૂભાઈ ભૂલાભાઈ દેસાઈનું અવસાન. ◖ ગુજરાત અને હોળકર વચ્ચેની રણજી ટ્રૉફી ફાઈનલ મૅચમાં હોળકર ટીમ ૧૮૯ રને જીત મેળવી ત્રીજી વખત વિજેતા બની.

તા. ૨૫ દ. કોરિયન દળો ૩૮ અક્ષાંશ વટાવી.

તા. ૨૯ કાશ્મીર પરના સુધારેલા ઍંગ્લો-અમેરિકન ઠરાવનો પણ ભારત તરફથી અસ્વીકાર.

આ માસના દિનવિશેષ

તા. ૧ લોહીનું પરિભ્રમણ શોધનાર વિલિયમ હાર્વેનો જન્મ, ૧૫૭૮.

તા. ૩ એવરેસ્ટ પર પ્રથમ વારનું હવાઇ વિમાનોનું ઉડ્ડયન થયું, ૧૯૩૩.

તા. ૬ ગ્રીસમાં ઑલિંપિક રમતો પુનર્જીવિત થઈ ૧૮૯૬.

તા. ૧૦ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી, ૧૮૭૫

તા. ૧૨ ઈંગ્લૅંડનો રાષ્ટ્રધ્વજ યૂનિયન જૅક હસ્તીમાં આવ્યો, ૧૬૦૬.

તા. ૧૫ ચૌદ લાખની વસતિવાળો હિમાચળ પ્રદેશનો નવો પ્રાંત રચાયો, ૧૯૪૮.


તા. ૧૭ સર્વતોમુખી બુદ્ધિવાળા મહા અમેરિકન બેન્જામિન ફ્રાંકલિનનું નિધન, ૧૭૯૧.

તા. ૨૩ પૅલેસ્ટાઇન કબજે કરવાની યહૂદીઓની વ્યાપક લડત શરૂ, ૧૯૪૮

તા. ૨૪ યુરોપમાં આલ્પ્સનો સૌથી મોટો બુગદો 'સિમ્પ્લન પાસ' ખુલ્લો મુકાયો, ૧૯૦૫.

તા. ૨૮ 'ઈન્ડયન સોશ્યલ રીફોર્મર'ના સમર્થ સંપાદક કે. નટરાજનું અવસાન, ૧૯૪૮.

વ્યક્તિવિશેષ : રાજા રવિવર્મા



હિંદી ચિત્રકળાના મોટા અંધકારયુગ બાદ જેમની કળાએ પ્રથમ હિંદી ઘરોમાં સૌભાગ્ય અને દીપ્તિ વધારીને હિંદુ સંસ્કૃતિની ઉષ્મા સજીવન કરી તે ચિત્રકાર રાજા રવિવર્માનો જન્મ, ત્રાવણકોરના રાજકુટુંબમાં ૧૮૪૮ની ૨૯મી એપ્રિલે કીલીપનૂર ગામમાં થએલો. બચપણથી જ પડેલી સંસ્કૃત સાહિત્યની ઊંડી છાપને દીવાલો પર ખડી-કોલસાથી ચિત્રાકારે ઉતારી તેમણે પોતાની કલાભૂખ સંતોષવા માંડી. વડીલોને મન કેવળ બાલચેષ્ટા સમી એ વૃત્તિને મામાએ પિછાની અને પ્રોત્સાહન મળતાં ચૌદ જ વર્ષની વયે એમણે મહારાજાની પ્રશંસા મેળવી.

૧૮૬૮માં થીઓડર જેનસન નામના એક યુરોપિયન કલાકાર પાસેથી તૈલચિત્રોની પદ્ધત્તિ સમજી લઇ એમણે કરેલી કલાસાધનાએ મદ્રાસ ચિત્ર-પ્રદર્શનમાં પ્રથમ સ્થાન મેળવ્યું અને પછી તો સંપૂર્ણ અવલોકનશક્તિ, અભિનવ દૃષ્ટિબિંદુ અને અણિશુદ્ધ સ્મૃતિથી સભર કળાથી નામના મેળવી. સંસ્કૃત સાહિત્યનાં નાયક-નાયિકાઓ અને વીર પાત્રોને ચિત્ર મારફત તેમણે હિંદી ઘરોમાં પ્રતિષ્ઠા અપાવી આપણી સાહિત્યપરંપરાની રસવૃત્તિને લોકમાનસમાં સ્થાપિત કરી.

અલબત્ત, એમની કલામાંનાં અમુક નાટકી તત્ત્વો વગેરે માટે મતભેદ છે, અને આજે ઘણે અંશે તે સાચો પણ લાગે છે, છતાં રવિવર્માએ એક આખી પેઢી સુધી ભારતભરમાં જે કલારાજ્ય ભોગવ્યું તેવું બીજા કોઇને નસીબે હજી તો મળ્યું નથી. ગરીબ કે તવંગર, ધર્મિષ્ઠ કે વિદ્વાન, રસિક કે આમજન સૌ તેમનાં ચિત્રોનો આદર કરતા.

અભિજાત કેળવણી, સંસ્કાર, સદુદ્યોગ ને પ્રતિભાથી અઠ્ઠાવન વર્ષની ઉંમર સુધી નિરંતર કલાસાધના કરતા રહી, ભારતના વર્તમાન ચિત્રકલાના આદિ વિકાસક તરીકેનું ગૌરવવંતુ સ્થાન પામનાર એ કલાકાર, પૌર્વાત્ય કલ્પનાને પાશ્ચાત્ય ચિત્રશૈલીથી શણગારેલાં ૪૦૦થી ૫૦૦ ચિત્રોનો સંગ્રહ મૂકી ૧૯૦૬ની બીજી ઑક્ટોબરે અવસાન પામ્યા.

આ માસનો પ્રસંગવિશેષ : તાત્યા ટોપેને ફાંસી

અપૂરતું સૈનિકબળ, પરાજયો કે પ્રતિકૂળ સંયોગો પણ જેને ચળાવી શક્યા નહિ એવો સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધનો સૂત્રધાર તાત્યા ટોપે કેવળ પોતાની અસાધારણ હિંમત, અપ્રતિમ શૌર્ય ને અજોડ યુદ્ધકૌશલથી એકલે હાથે સાતસાત કસાએલા અંગ્રેજ સેનાનાયકોને છક્કડ આપતો આપતો છેવટ તદ્દન આશાહીન બની, બધા જ સાથીદારોની રજા લઈ, પારનના જંગલમાં છુપાઇ રહેવા ચાલ્યો ગયો. પરંતુ અંગ્રેજોએ સિંધિયાના માનસિંહ નામના સરદારને મોટી જાગીરની લાલચ આપી તેના આ ગુપ્ત સ્થળની ભાળ મેળવી, અને ૧૮૫૯ની ૭મી એપ્રિલની મધરાતે ઓચિંતો છાપો મારી ઊંઘતા તાત્યાને કેદ કર્યો. કૉર્ટમાર્શલ બેઠી અને બગાવતના ગુના બદલ ૧૮મી એપ્રિલે તેને ફાંસી દેવાનું નક્કી થયું. પણ તે પહેલાં તાત્યાને વિનતિ કરી '૫૭ના સંગ્રામની ટૂંકી પણ અણીશુદ્ધ ડાયરી લખાવી લીધી. નિયત દિવસે સાંજે ચાર વાગ્યે તાત્યાએ આશ્ચર્યજનક ધૈર્ય અને સાહસથી માચડા પર ચડી જઇ હસતાં હસતાં પોતાને હાથે જ ફાંસીનો ગાળિયો પહેરી લીધો; અને કેવળ દગાનો ભોગ બની, સત્તાવના જ્વાળામુખીની છેલ્લી ચિનગારી પણ આમ બુઝાઈ જતાં અંગ્રેજી રાજ્યનાં મૂળ દીર્ઘકાળ માટે વધારે મજબૂતીથી આ દેશમાં જામી ગયાં.

કલાકાર વિન્સેન્ટ વાન ગૉઘ (અનુસંધાન પૃષ્ઠ ૧૧૪થી ચાલુ)

ચિત્રો કરવા ઉપરાંત અહીં એણે લુવ્ર આદિ સમૃદ્ધ ચિત્રાલયોમાં કલાકોના કલાકો ગાળીને નામી કલાસ્વામીઓનો અભ્યાસ કર્યો. ઉપરાંત પારીસની એ કાળની નવોદિત અદ્યતન કલાના અગ્રણીઓ Paul Ganguin (પૉલ ગૉગાં), Cezanne (સીઝાં), Renoir (રેન્વર), Monet (મોનેત), Pissaro (પિસારો), Seurat (સ્યૂરાત) વિગેરે તેના મિત્રો થયા.

આ મિત્રમંડળી લીધે વિન્સેન્ટ પણ એ 'ઇમ્પ્રેશનિસ્ટ' કલાશૈલીની અસર નીચે આવ્યો. ઇમ્પ્રેશનિસ્ટો તાદૃશ (હુબહૂ) ચિત્રણાને ફગાવી દઈને માત્ર ઊર્મિને આધારે રંગનો ઉપયોગ કરતા. કોઈપણ દૃશ્ય કે વસ્તુની મન ઉપર પડેલી છાપ (ઇમ્પ્રેશન)ને એ મનોગત સ્વરૂપમાં જ, માત્ર રંગપલટાના છાયાપ્રકાશ ને મૂર્ત કરવામાં તે આનંદ લેતા. અને એમાં તેઓ પીંછીના સળંગ પટ નહિ, પણ ટૂંકા છરકાઓનો ઉપયોગ કરતા. વિન્સેન્ટ ઉપર પણ આ 'શૉર્ટ બ્રશ સ્ટ્રોક'ની શૈલીની સારી અસર થઈ, જેમાંથી એણે પોતાની નિજી શૈલી સરજી. એની રંગાવટ પણ હવે બદલાઇ. કાળા, ઝાંખા અને 'મટમેલા' રંગોને બદલે એ ઊજળા અને પ્રકાશવાન રંગો વાપરવા લાગ્યો—એક તો 'ઈમ્પ્રેશનિસ્ટો'ની અસર નીચે આવ્યાને કારણે, અને બીજું ઋતુફેરને લીધે. ફ્રાન્સમાં સૂર્ય વધુ વખત દેખાય છે જ્યારે હૉલૅંડમાં ધુમ્મસને લીધે સદા અંધારું વાતાવરણ જ રહેતું. પારીસમાં એ કામમાં સદા મશગૂલ રહેતો. સવારે પીઠ પર મોટો કૅનવાસ લઈ એ શહેરનાં ગરીબ પરાંઓમાં, ખેતરોમાં કે કોઈ બાગમાં જતો. અને સાંજ પડ્યે સ્કેચો વડે આખું કૅનવાસ ભરી લાવતો; પછી ઘેર બેસી એ બધાં ચિત્રો જુદા જુદા કૅનવાસો ઉપર દોરી પૂરાં કરતો.

પણ પારીસમાં યે એની તબિયત લથડતી જતી હતી. એ દુઃખોને ભૂલવા પોતાના પર અત્યાચાર કરતો: ઘણી વખત તો બબ્બે ચાર-ચાર દિવસના ઉપવાસો ખેંચી કાઢતો. ચૂંગી તો હમેશાં એના મોંમાં બળતી જ હોય. વળી હવે તો એણે દારૂ પીવાનું પણ શરૂ કર્યું. નબળી તબિયત, આર્થિક ચિંતા અને માનસિક દુઃખને લીધે એણે દક્ષિણ ફ્રાંસના આર્લ્સ નામે ગામડામાં આરામ લેવાનું નક્કી કર્યું.

આર્લ્સમાં એ એક વર્ષ રહ્યો. પણ ત્યાં તો એની માનસિક સ્થિતિ ઊલટી વધુ બગડી. ઘણી વખત ચક્કર આવીને એ બેભાન થઈ જતો. ગાંડપણનો રોગ એને લાગુ પડી ગયો હતો. છતાં એણે આર્લ્સમાં ઘણા સુખદ દિવસો વિતાવ્યા. ત્યાં આવતાં જ એને દક્ષિણ ફ્રાંસનો પ્રકાશમાન સૂર્ય જીવન આપવા લાગ્યો. દૂર ક્ષિતિજરેખા સુધી પથરાએલી ત્યાંની સીધી સપાટ જમીન, એને જન્મભૂમિની યાદ આપતી. અહીંનાં એનાં નિસર્ગદૃશ્યોમાં કૅનવાસોમાં એણે ભભકભર્યા રંગોથી મંડિત દક્ષિણ ફ્રાંસની પૃથ્વીની વિશાળતા આબેહૂબ વ્યક્ત કરી છે. મહેનત તો એ મજૂરની માફક કરતો. પીઠપર મોટા કૅનવાસ, સ્કેચબુક અને રંગનો જમેલો લઈ એ આખો દિવસ ખેતરોમાં, બગીચાઓમાં ને ગામની શેરીઓમાં રખડતો અને જ્યાં સુંદરતા દેખાતી ત્યાંથી એ ખસી શકતો નહિ. ગરીબીને લીધે એ ચીતરવા માટેનાં 'મૉડેલ' (માનવ પાત્રો) ભાડે ન રાખી શકતો, પણ ત્યાંનાં કુદરતી દૃશ્યોમાં એણે માણસોની આકૃતિઓ દોરી છે અને પોતાની જાતની જ સંખ્યાબંધ તસ્વીરો દોરી એણે પોતાની એ ભૂખ શાંત કરી છે. પોતાના ભાઈ થીઓને એણે લખેલું: 'અહીંના ઝળહળતા રંગોથી જાણે જીવનની ઉષ્મતા અને રંગ મળી રહે છે. કુદરતમાં અહીં જે રંગો છે તે કરતાં જરા વધુ મનસ્વીપણે હું મારાં ચિત્રોમાં રંગભભક ઉતારું છું, જેથી મારા અંતરનો આવેગ હું યથાર્થ ઉતારી" શકું. માનવતા માટેની ઉગ્ર આરઝૂ મેં ઝળહળતા લાલ અને લીલા રંગોવડે વ્યક્ત કરી છે.

આમ, આર્લ્સમાં એની પીંછીએ ખરું જોર પકડ્યું. એ એટલી છૂટથી પીંછી ચલાવતો કે કૅનવાસ પર જાણે પીંછીનો ઘા કરતો! અને એમાં સ્વતંત્રતાપૂર્વક પોતાની અનોખી રંગાવટ યોજીને 'ઈમ્પ્રેશનિસ્ટો'ની અસરમાંથી એ નીકળી ગયો. માત્ર એક જ વરસના આ ટૂંકા ગાળાની તેની કળા શ્રેષ્ઠ ટોચે પહોંચી છે. આ સુખના દિવસોમાં એણે પારીસમાંના પોતાના મિત્ર પૉલ ગૉગાંને અહીં પોતાની સાથે આવી રહેવા બોલાવ્યો. ગૉગાં આવ્યો પણ ખરો; પરંતુ લાંબુ નભ્યું નહિ. ગૉઘનું મગજ ઘણીવાર છટકી જતું ને ગૉગાં સાથે ઝઘડી તેને હડધૂત કરતો. એક વખત તો આવેશમાં આવી જઇ પોતાનો જમણો કાન કાપી એક વેશ્યાને આપી આવ્યો,—જ્યાં એ ક્યારેક જતો.●

આ ખબર મળતાં જ થીઓ પારીસથી દોડી આવ્યો, ગૉગાંને તેને રસ્તે પાડ્યો અને અરધા દીવાના પોતાના ભાઇને નજીકના સેન્ટ રેમી નામના ગામડાના પાગલખાનામાં મૂક્યો.

અહીં એ થોડા મહિના જ રહ્યો, પણ તે દરમ્યાન એ સદા ચિત્ર દોરવામાં જ મશગૂલ રહેતો. દૃશ્યો ઉપરાંત પાગલખાનાનાં તેમજ બીજાં પણ કેટલાંક પાત્રોની તસ્વીરો એણે અહીં કરી. જોકે અહીં એની માનસિક સ્થિતિ વધુ ખરાબ હતી. એ સદા બેચેન અને ઉદાસ રહેતો. કષ્ટને લીધે એના શરીરમાં જાણે શૂળ ભોંકાતા હોય એવો એને અનુભવ થતો. આ બધું એણે એના ચિત્રોમાં વ્યક્ત કર્યું છે.

સેન્ટ રેમીમાંનો કાળ એની પ્રગતિની ચરમ સીમા છે. અહીં એ Realism (આબેહૂબતા)થી દૂર થઇ Reality (વાસ્તવિકતા)ને ઓળખતો થયો લાગે છે. થીઓ ઉપરના એક પત્રમાં એણે લખ્યું; હું સૂર્ય ચીતરૂં છું ત્યારે જે ભીષણ વેગથી તે ચકરચકર ફરે છે અને જે તાતાં તેજ અને ગરમીનાં જે પ્રચંડ મોજાં તે ફેંકે છે તેનો ખરેખાત સાક્ષાત્કાર તેમાંથી લોકોને કરાવવા મથું. હું ઘણી વખત એ સૂર્ય-ચંદ્રને અસાધારણ મોટા આકારમાં દોરતો; ને એના તારાઓ તો જાણે આકાશમાં ૧૦-૧૨ ચન્દ્રોનો ઉદય હોય એવા લાગતા!

અહીં એની ઉદાસીનતા ને એકલવાયાપણું હવે દરરોજ વધતાં જતાં હતાં અને પાગલખાનાની કોટડી એને ખાવા ધાતી હતી. પોતાની આ વ્યથા એણે વિહ્વળ બની થીઓને લખી, ને થીઓએ પારીસ બહાર ઑવર્સ નામે ગમડામાં રહેતા એક ડૉકટર-મિત્રને ત્યાં રહેવાની એને વ્યવસ્થા કરી આપી.

ડૉકટર બહુ ભલો માણસ હતો. એ વિન્સેન્ટની ચિત્રકળામાં પણ રસ લેતો. આથી વિન્સેન્ટને સારું લાગતું. વચ્ચે એની તબિયત સારી રહેતી ત્યારે એ ભાઇને ત્યાં પારીસ એક બે દિવસ જઈ આવતો

● એક હકીકત એવી કહેવાય છે કે ગૉગાં જ એની એ માનસિકયાતનાઓનો કારણભૂત હતો. વિન્સેન્ટની કળા ઉપર કડવા કટાક્ષો કરી તે તેને મેણાંટોણાં મારતો તથા અપમાનતો. અદેખાઈની દાઝથી એણે જ તેને આર્લ્સની વેશ્યાને ત્યાં જવા લલચાવ્યો હતો, ને ખાનગીમાં વેશ્યાને લાંચ આપીને પોતાના મોહમાં વિન્સેન્ટને ઉલ્લું બનાવે એવો તાગડો રચ્યો હતો. નાતાલના તહેવારો આવતાં ગૉગાંની શીખવણીથી એ વેશ્યાએ, વિન્સેન્ટ જો પોતાનો જમણો કાન કાપી આપે તો પોતે પોતાનું સર્વસ્વ તેને અર્પણ કરે એવું વચન આપ્યું. નશામાં ચકચૂર અને અરધા પાગલ જેવા વિન્સેન્ટે તરત જ એક પાણીદાર અસ્ત્રાથી પોતાનો જમણો કાન વાઢી નાખ્યો અને એક રૂમાલમાં વીંટી વેશ્યાને મોકલી આપ્યો! વેશ્યા તો એ જોતાં જ આઘાતથી મૂર્છિત થઇ ગઇ, વિન્સેન્ટ કાનના ઘાથી મૂર્છિત થયો.

અને ત્યાં નવપરીણિત થીઓ, એની સ્ત્રી ને એમનું બાળક વિન્સેન્ટને આનંદ આપતાં. એમાં એક વખત વિન્સેન્ટ પારીસ ગયો ત્યારે થીઓના બાળકની તબિયત સારી ન હતી, એનો વેપાર પણ બગડી ગયો હતો અને વિન્સેન્ટને આર્થિક મદદ આપવાની એની ઈચ્છા છતાં પણ એમાં એને ઘણી મુશ્કેલી પડતી. ત્યાં વિન્સેન્ટને મળવા તેના કેટલાક મિત્રો આવેલા. પણ લથડેલી તબિયતની, ખરાબ અસરને લીધે એ મિત્રોનું વિન્સેન્ટ અપમાન કરી બેઠો. થીઓને પણ એથી માઠું લાગ્યું.

જીવનયુદ્ધથી છેક કંટાળી ગએલા વિન્સેન્ટને મનમાં વસી ગયું કે પોતે હવે એમાં જીતી શકશે નહિ. ચોમેરનું વાતાવરણ એને અંધકારમય લાગવા માંડ્યું, આ કાળનાં એનાં ચિત્રોની શૈલી પણ પાગલપણાની અસરને કારણે કરાળ બની. જાડા રંગો વડે મૂકેલા એની પીંછીના લચકા જાણે અર્ધ શિલ્પ હોય એવા કૅનવાસ પર ઉપસેલા દેખાય છે. સરૂ વૃક્ષનાં એનાં તૈલચિત્રોના એક્સ-રે દ્વારા ફોટા લેવામાં આવ્યા છે. તેમાં રંગની જાડાઈ અને પીંછીનો વેગ અગ્નિની જ્વાળા સાથે સરખાવી શકાય એવાં જણાયાં છે. સેન્ટ રેમીમાં એણે તદ્દન કાબૂ નહોતો ગુમાવ્યો; પણ ઑવર્સમાં આવ્યા પછી તો એ માત્ર ભાવનામાં રહીને જ ચિત્રો દોરતો.

જીવન હવે એને ઝેરના ઘૂંટડા જેવું થઈ ગયું હતું. અંતે અસહ્ય કપરૂં જીવનયુદ્ધ છોડી એક દિવસ કાગડા મારવાને બહાને એણે એક પિસ્તોલ હાથ કરીને પાસેના ઘઉંના ખેતરોમાં જઈ પોતાની છાતીએ એણે ગોળી દાગી, પણ મૃત્યુ તરતજ થયું નહિ. એ પોતાના રહેવાસે આવ્યો અને પલંગ ઉપર પડ્યો પડ્યો મૃત્યુની રાહ જોતો રહ્યો. એક નોકરે આ સમાચાર ડૉક્ટરને આપ્યા. ડૉક્ટરે એના ભાઈ થીઓને બોલાવ્યો. ગોળી નીકળી શકે એમ હતી નહિ. થીઓ આવ્યો એટલે વિન્સેન્ટે કહ્યું કે આપણા બધાના ~~ભલા~~ માટે મેં આમ કર્યું છે. એણે થીઓની પત્ની ને બાળકના સમાચાર પૂછ્યા અને પછી ધીરેધીરે શાંત થઈ ગયો.

એને જીવનભર ઉત્કટ પ્રેમથી ચાહનાર, એની કલાનો એકમાત્ર પ્રશંસક અને એને પોષનાર તથા નિભાવનાર એના ભાઈ થીઓ પર આ મૃત્યુની ઘણી ગંભીર અસર થઈ. અને વિન્સેન્ટના મૃત્યુ (૨૭ જુલાઈ ૧૮૯૦) પછી છ જ મહિના બાદ એ વિન્સેન્ટના શોકમાં ને શોકમાં મૃત્યુ પામ્યો. એને પણ વિન્સેન્ટની બાજુની કબરમાં જ દફનાવવામાં આવ્યો છે.

દેખાવે બેડોળ ને રૂક્ષ, પણ માનવતા અને પ્રેમની લાગણીઓથી અંતરે મુલાયમ આ વિચિત્ર વિશિષ્ટ કલાકારનું વ્યથાઓથી ભરેલું આખું યે જીવન આર્થિક ભીંસને લીધે વધુ કપરું અને કંગાલ બન્યું હતું. પ્રેમની ઉત્કટ પિપાસા હોવા છતાં અને ત્રણત્રણ વખત મથવા છતાં એને કોઈ જીવનસાથી ન મળી એ હૃદયદાહક વેદના તો એને સહાની હતી જ. પરંતુ એનાં ચિત્રો તથા ~~અસલ~~ જે આજે જવાહરાત કરતાં પણ મોંઘાં ગણાય છે તેનો એ કાળે કોઈ ભાવ પણ નહોતું પૂછતું, ને એને ખાવાના વાંધા પડતા! જ્યારે આજે ~~એ~~ વિન્સેન્ટ વાન ગૉઘનાં ચિત્રોની કિંમત લાખો રૂપિયામાં અંકાય છે. છેલ્લા પ્રદર્શનમાંનાં ૯૨ તૈલચિત્રો અને ૬૭ ડ્રોઇંગમાંથી માત્ર ડ્રોઇંગોની કિંમત જ ૩૦ લાખ ડૉલર (લગભગ ૧૭ કરોડ ૫૦ લાખ રૂપિયા) આંકવામાં આવી છે. થોડા મહિના અગાઉ ન્યૂ યૉર્કમાં એક કલાવિક્રેતાએ વિન્સેન્ટનું એક ચિત્ર ૨૦ લાખ રૂપિયામાં વેચ્યું હતું; જ્યારે વિન્સેન્ટ એના આખી જિંદગીમાં માત્ર એક જ ચિત્ર મૂઠીભર રૂપિયામાં જ વેચી ૩૭ વર્ષની વયે અકાળે મૃત્યુ પામ્યો હતો!

શરદી (અનુસંધાન પૃષ્ઠ ૧૩૪થી આગળ ચાલુ) સાથે એ શ્લોકો વાંચતાં જ કવિતા વાંચવી અશક્ય છે એ સમજાઈ જાય છે. હરતાંફરતાં, શરદીથી મુક્ત એવાં પાત્રોને વર્ણવતી નવલકથાઓ તો અવાસ્તવિક જ લાગે. અને નિબંધ તો આમે યે આપણે કયે દા'ડે વાંચીએ છીએ? વિજ્ઞાન, ફિલસૂફી એ બધાં માટે મગજ જોઈએ. શરદીના દર્દી પાસે તો ત્યારે એ બંને વચ્ચે ગોઠવેલો વજનદાર લાકડાનો ગોળો જ હોય છે.

પણ શી ઇશ્વરની લીલા છે! આવી દુષ્ટ શરદીએ પણ બે જણનું કલ્યાણ કર્યાનું તો મારી જાણમાં છે. એક તો રશિયાના ઝારના એક સેનાપતિનું, અને બીજું મારું. ઝાર એક વાર ફરવા નીકળેલો. ત્યાં રસ્તાની બાજુમાં એક સામાન્ય માણસે એક જબરદસ્ત છીંક ખાધી. છીંક તે એવી ખાધી, કે ઝાર એના પર ખુશ થઈ ગયો: 'આવી પ્રચંડ છીંક તો ખરેખરો મર્દ જ ખાઈ શકે' એમ કહી ઝારે એ માણસને પોતાનો સેનાપતિ બનાવી દીધો!...

મને આધ્યાત્મિક લાભ થયો. શરદીએ મને ગીતા વાંચવા પ્રેર્યો. એકવાર શરદી થઈ હતી ત્યારે એક જણે મને કહ્યું, 'અર્જુન જ્યારે રણક્ષેત્ર પર હતો ત્યારે એને ખાસ તમારી જેમ જ ગભરામણ થઈ ગઈ હતી, રૂવાંડાં ઊભાં થઈ ગયાં હતાં, પરસેવો પરસેવો થઈ ગયો હતો, આંખો બળવા માંડી હતી અને એ પણ તમારી જેમ કાયર થઈને બેસી પડ્યો હતો.' મને થયું, 'ચોક્કસ, અર્જુનને શરદી થઈ હોવી જોઈએ.' શ્રી કૃષ્ણે કોઈ ઉપાય બતાવ્યો હોય એ આશાએ હું ગીતા વાંચી ગયો મને કોઈ ભૌતિક ઉપાય તો ન જડ્યો, પણ શ્રી કૃષ્ણે બતાવ્યું હતું કે જ્ઞાનયોગ દ્વારા એટલેકે શરદીનાં કારણો, ઉપાયો વગેરેનું જ્ઞાન મેળવી ઉપચારો કરવાથી, જેને શરદી ન થાય એવા પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરી શકાય છે; કર્મ-સંન્યાસયોગ દ્વારા એટલેકે આરામ કરીને પણ એ મેળવાય. ભક્તિ-ડૉક્ટરોની ને બીજાઓની-કરીને પણ એ સ્વરૂપને પામી શકાય. પણ સર્વોત્તમ ઉપાય તો એક જ છે; કર્મ કર્યે જવાનો. ફળની આશા રાખ્યા વિના શાંત ચિત્તે કર્મ કર્યે જવું. કર્મનો જ અધિકાર, ફળનો નહિ.



એટલે મને શરદી થાય છે તો હું બીજું કાંઈ જ નથી કરતો; ફક્ત બેઠોબેઠો છીંકો ખાયા કરું છું ને કોરા રૂમાલો ભીના કર્યા કરું છું. કર્મ કર્યે રાખું છું—ફળની આશા વિના.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતે આવેલાં આશરે પચાસ ચિત્રોમાંથી 'સારાં' કહીને તારવી શકાય તેવાં તો જૂજ છે. બાકીનાંમાં પાડનારે વગર સમજ્યે ને કોઈ પણ જાતના હેતુ વિના કૅમેરાનો ઉપયોગ કરેલો જણાય છે. પાડનારે સૌ પ્રથમ તો પોતાનો કૅમેરા અને તેની શક્તિ-મર્યાદા સમજવાં જોઈએ. ત્યાર પછી, કોઈ પણ વસ્તુની છબિ ચિત્રમય બનાવવાનો હેતુ હોવો જોઈએ. છેવટે, કંઈ નહિ તો, ચોખ્ખી છાપ તો આવવી જ જોઈએ. પ્રિન્ટ તપાસીને પોતાની જાતે જ જોવું જોઈએ કે જેવું જે પાડવા માગતો હતો તે છાપમાં આવ્યું છે? જો સાચો જવાબ મળે તો જ હરીફાઈમાં ભાગ લેવો જોઈએ. અને જો ધાર્યું પરિણામ ન આવ્યું હોય તો, તેનાં કારણ શોધી તે દૂર કરવાં જોઈએ. આમ તેવાં ચિત્રો હરીફાઈમાં મોકલી દેવાં ન જોઈએ. (ચિત્રો સાથે વિવેચન માટે જુઓ પાછલે પૃષ્ઠે.)

સીંચ્યો તબ તરુવર ભયો, કાટયો તબ ભયો જહાજ,
નીર ન બોલે કાષ્ઠ કો બાંહ્ય ચહેકી લાજ.*

એક વાર ભગવાન બુદ્ધ એક ખેડૂતને બારણે ભિક્ષા માગતા ઊભા. ખેડૂતે એમને કહ્યું, 'શરીરે તો સાબદા છો; ખેતી કરીને પેટ ભરતાં શું થાય છે?' ભગવાન બુદ્ધે શાન્ત ગભીર સ્વરે કહ્યું, 'ભાઇ, હું પણ ખેતી કરું છું. માણસોનાં મન તપના હળ વડે ખેડું છું, પછી તેમાં સદ્વિચારની વાવણી કરું છું અને સત્કર્મનો પાક ઉતારું છું.'

અનેકાર્થી શબ્દ: બાજ=એક શિકારી પક્ષી; ઘોડો; 'વાળુ' કે 'કાબેલ' કે 'અનુરક્ત'નો અર્થ દર્શાવતો પ્રત્યય: જેમકે દગલબાજ, નિશાનબાજ, નશાબાજ; સતારનો પહેલો તાર, જેના પર આંગળીઓ રાખી વગાડવામાં આવે છે તે; પતરાળું.

કહેવતોના અર્થ: 'ઘર બાળીને તીરથ કરવું'—મૂળમાં 'ઘર વેચીને તીર્થ કરવા જવું' એ કહેવતને વધુ તીક્ષ્ણ બનાવી બોલાતી આ કહેવતનો મર્મ સ્પષ્ટ છે કે, બધાં સાધનોનો નાશ કરીને કોઈ જશનામી કામ કરવા નીકળવું એ મૂર્ખાઈ છે. એ જ મર્મની બીજી ચોટદાર કહેવત છે: 'નાગા થઇને ચંદરવો બાંધવો'; તેમાં પણ બધું ફના કરીને પરણવા નીકળનારની મૂર્ખાઈ પર ઉપાલંભ છે. એ વિષયનું એક જોડકણું પણ છે:

વતન ફેડીને લાવીએ વહુ,
પછવાડે દુઃખ પામીએ બહુ;
કર્મસંજોગે બૈરી મરે,
તો દાંડીઓ થઈને દેશમાં ફરે;
પાપજોગે પુરુષ જો મરે,
પછી રાંડનારી શું કરે?

ગણિત–ગમ્મત

૨૫૨૦ની સંખ્યા એવી છે કે જેને નીચેના બધા જ એકમ અંક વડે ભાગી શકાય છે:
૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯.

ઉકળતા પાણીમાં ચાનાં થોડાંક પાંદડાં નાખીને એક કલાક રહેવા દીધા બાદ એ પાણીને ગાળીને એક શીશીમાં ભરી રાખો. આ દ્રાવણ વડે અરીસા, કાચની વસ્તુઓ મોટરકાર આદિ સાફ કરવાથી ચમક આવવા સાથે માખીઓથી પણ એનો બચાવ થાય છે.

*સીંચવાથી ઊગીને મોટું ઝાડ થયું ને કપાયા પછી પણ જહાજ રૂપે છાતી પર તર્યું; છતાં પાણી એ લાકડાને કહી બતાવતું નથી.

મોટી ઉધરસ (હૂપિંગ કફ) ઉપર અનેક જાણીતી દવાઓ કામ નથી કરતી ત્યારે સાગનાં બીને લોઢી ઉપર શેકી નાખી તેની રાખ એક બે ચણોઠીભાર પાણીમાં આપવાથી ઝપાટાબંધ મટી જાય છે.

કલાકણિકા:
કાથો-ચૂનો રાખવાની દાબડી




૪-૧૧ માર્ચે ભરાએલા પહેલા 'એશિયાડ' રમતોત્સવ પ્રસંગે ખાસ નીકળેલી ટિકિટ ગયા અંકમાં આપેલી. તે પ્રસંગે ટિકિટોના રદીકરણ માટે દિલ્હી પોસ્ટ ઑફિસે ખાસ તૈયાર કરેલી છાપ. તેમાં વચ્ચે શરત દોડવા તત્પર ખેલાડીનું રેખાંકન છે



ખેતીવાડીના અમેરિકન નિષ્ણાતો કહે છે કે જમીનને દૂધ પાવામાં આવે તો છોડવામાં શાકભાજી ને ફૂલો વધુ પ્રમાણમાં ઊગે છે અને છોડવાને ઘણા રોગ સામે રક્ષણ મળે છે.

આફ્રિકાનો લિટલ પીટર જગતનો સૌથી ઠીંગણો માણસ કહેવાય છે. તેની ઊંચાઈ ત્રણ ફૂટ કરતાં ય ઓછી હતી. પણ તેને ૧૦ સ્ત્રી ને ૩૭ બાળકો હતાં!



શેતરંજના પાટિયાની માફક એક પૂઠા ઉપર આ ચિત્રમાં બતાવ્યા મુજબનાં ખાનાંવાળી આકૃતિ પાડો અને બે પાંચ મિત્રો રમવા માંડો. એમાં એક જણે કોઇપણ એક ખાનામાં પોતાની નિશાની મૂકવાની. અને એવી રીતે એ નિશાની વારાફરતી મૂકતા જઇને એક જ હારમાંનાં પાંચ ખાનાંમાં લાવી દેવી જોઇએ. પણ એમાં એક શરત એ કે એ હારમાં આકૃતિની વચ્ચે ત્રાંસી લીટીથી દર્શાવેલાં ઘેરા રંગનાં ખાનાંમાંનું એક ખાનું તો આવવું જ જોઈએ; પછી ભલે તે હાર આડી, ઊભી કે ત્રાંસી હોય, ફક્ત એ હાર એવી હોવી જોઇએ કે ખાનાંઓમાં બતાવેલાં મધ્યબિંદુઓમાંથી એક સીધી રેખા તેમાંથી પસાર થવી જોઇએ. દરેક રમનારે પોતાની સંજ્ઞાઓ એક હારમાં મૂકવા સાથે બીજા રમનારની તૈયાર થતી એવી હારમાં પોતાની સંજ્ઞા ઘુસાડી દઇને તેની હાર પૂરી થતી અટકાવતા જવાની. આમ છતાં જે પોતાની હાર સૌ પહેલાં પૂરી કરી દે તે ખેલાડી જીત્યો ગણાય.


બારીઓના ધાતુના સળિયા સાફ કરવામાં મેથિલેટેડ સ્પિરિટ વાપરવો. એથી ચિકાશ ને મેલ જતાં રહેશે.



ઉપરઃ બંગાળનું ગ્રામમાધુર્ય (ચિત્રકાર · અરૂપ દાસ) નીચે : શેષશાયી (ચિત્રકાર · વી. બી. સ્માર્ત)


તીરપ્રાન્ત પર વાંસનાં ઝુંડવાળાં કમળખીલ્યાં પુકુર (નાનકડાં તળાવ)ને તીરે, ઘુમટ ઘાટનાં ગોળાકાર ઘાસનાં છાપરાંવાળાં ને આંગણાંમાં કેળનાં ઝાડવાળાં મઢૂલી જેવાં ઘર, ને તેમની આજુબાજુ ક્ષિતિજ સુધી રમતી કેડીઓ પર ભમતાં, પાલો ઢાંકેલાં ગાડાં અને તળાવે સ્નાનપાન માટે જતી-આવતી ગૃહિણીઓ,—એ બધાં બંગાળના ગામડાનાં લાક્ષણિક તત્ત્વોને લયબદ્ધ ચિત્રસંયોજનમાં યોજીને કલાકારે ઉપલા ચિત્રમાં તળપદા ગ્રામમાધુર્યનું વાતાવરણ જમાવ્યું છે. ❡ શેષનાગ પર બેઠેલાં વિષ્ણુ-લક્ષ્મીને ચતુર્કોણે ચામર વગેરે ઢાળતી ચાર પરિચારિકાઓવાળા નીચેના ચિત્રમાં, પશ્ચાદ્‌ભૂમિ ક્ષીરસાગરનાં તરંગવર્તુલ, નાગનાં ભીંગડાં, આભૂષણોની ભાત, પાત્રોની બેઠક, અંગચ્છટાની લય, અને છેક નીચેના મત્સ્યાકૃતિની કિનાર સુધી સામસામા પ્રમાણભારવાળી ડિઝાઈન જેવું આયોજન છે. (ઑલ ઈંડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટસ સોસાયટીના સૌજન્યથી)











ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ : 'તળાવને આરે ચિંતન'–ચિત્તરંજન ર. આચાર્ય(વીસનગર); બીજું ઈનામ : 'ખલકને છાપરે'–શરાફતહુસેન મીર (વડોદરા); નોંધપાત્ર : 'ભેખડોમાં ભ્રમનારાં' તથા 'નાનો ગોવાળ'–દીનબંધુ (કઠલાલ) 'ભાર લાદ્યાં'–ભાનુ(અમદાવાદ); ચાંપાનેરની જુમામસ્જિદ'–બાબુભાઇ રાણા (અમદાવાદ).

આ વખતે પહેલું ઈનામ મેળવનારભાઈ ચિત્તરંજન આચાર્યના ચિત્રમાં, નવાનગરના તળાવની પાળના રમણીય ઓવારાનું, રસિક દૃષ્ટિથી સૌંદર્યતત્ત્વ પકડીને સપ્રમાણ ચિત્ર-સંયોજન ઉપજાવ્યું છે. એક બાજુ ઘટામય વૃક્ષનો ક્યારો, બીજી બાજુ કલાત્મક ઝરૂખો, ને વચ્ચે મંદ તરંગ લેતાં પાણી તથા એ દૃશ્યનું પાન કરતો માનવી, એ બધાં એકબીજાનાં પૂરક બનીને એટલું લયબદ્ધ ચિત્ર બને છે કે દૃશ્યના આહ્લાદક વાતાવરણનો આસ્વાદ તે આપણને કરાવે છે. છાયા-પ્રકાશના ઉચિત વર્ણભેદ બતાવતી તેની ટેકનીક પણ સારી છે. માત્ર જમણી બાજુ મથાળે દેખાતું ધોળું ધાબું છાપ લેતી વખતે સુધારી લેવાની જરૂર છે.

ભાઈ શરાફતહુસેનના સ્નૅપ શૉટમાં મસ્જિદના ઘુમ્મટ ઉપર એકબીજાના હાથ પકડીને ચડવા મથતા કિશોરોના દૃશ્યમાં ક્રિયાની સ્વાભાવિકતાની સાથોસાથ બનતું અર્ધવર્તુલાકાર સંયોજન ઘુમટની ગોળાકૃતિ સાથે તાલ લે છે. સાનુકૂળ પ્રકાશ અને આછાં વાદળથી ઉચિત વાતાવરણ પણ રચાય છે. માત્ર બેઠેલો કિશોર સન્મુખ હોત તો ચિત્ર ખામીમુક્ત બનત. ભાઈ દીનબંધુનાં બંને ચિત્રોનું ગ્રામતત્ત્વ પ્રશંસનીય છે. ભેખડોના વળાંકમાંથી પસાર થતી સ્ત્રીઓનું મૂળ મોટું ચિત્ર ચોમેરથી કાપીને અમે સપ્રમાણ ચિત્ર બનાવ્યું છે. બારીકીથી જોતાં સહેજ કૅમેરાશેઇક જણાય છે. ભાઈ ભાનુનું 'ભાર લાદ્યા' ચિત્ર સામા પ્રકાશમાં સામાન્ય કોણથી લેવાએલું છે. નેગેટિવ મોળી હોઈ છાપમાં ઝીણાં ટપકાં દેખાય છે. ભાઇ બાબુ રાણાનો 'ટૉપ ઍંગલ'થી લેવાએલો સ્નૅપ મસ્જિદની સમસ્ત બાંધણીનો એકનજરી ખ્યાલ આપતું રેકોર્ડ ચિત્ર છે.

શ્રીદામ ભટ્ટ